# આતમ પામ્યો અજવાળુ

(ગણધરવાદ)

: પ્રવચનકાર :

પ. પૂ. ગચ્છાધિપતિ

**આચાર્ય શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મ.સા.ના**

પ્રશિષ્ય

**શ્રુત સમુદ્ધારક**

**પ.પૂ. આચાર્યદેવ શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ.સા.**

: પ્રેરક :

**પંન્યાસ શ્રી દેવેંદ્રસાગરજી**

આચાર્ય શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર

શ્રી મહાવીર જૈન આરાધના કેંદ્ર, કોબા તીર્થ

૨૦૦૪

# પ્રકાશકીય

પરમ પૂજ્ય પ્રવચન પ્રભાવક, રાષ્ટ્રસંત આચાર્ય ભગવંત **શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી** મ. સા. વર્તમાન શતાબ્દીનાં એક અનૂઠા ચિંતક અને જિનશાસનના મહાન પ્રભાવક છે. પૂજ્યશ્રીના પ્રવચનો દ્વારા મનને અલૌકિક શાંતિ પ્રાપ્ત થાય છે. પૂજ્યશ્રીએ પોતાના પ્રવચનો તથા વીતરાગ વાણી દ્વારા આત્મોત્થાનનો સન્માર્ગ બતાવ્યો છે. ભારતભરમાં દરેક ક્ષેત્રોમાં સમાજની ઉન્નતિ અને સુખ-શાંતિ માટેના પૂજ્યશ્રીના પ્રવચનોને ખૂબજ આદરપૂર્વક આવકાર મળેલ છે. પ્રસ્તુત **આતમ પામ્યો અજવાળુ** પુસ્તકમાં પણ પૂજ્યશ્રી દ્વારા આપેલ ચિંતનભર્યા પ્રેરક પ્રવચનોનો સંગ્રહ ભરેલો છે.

આ પુસ્તકમાં લોકો સરળતાથી સમજી શકે તેવી ભાષા રાખવાનો પ્રયાસ કરવામાં આવેલ છે. જેના દ્વારા તે દરેક લોકો માટે સુગમ બની શકે. આ કારણોસર આપને હિન્દી તથા રાજસ્થાની ઉદાહરણો પણ જોવા મળશે. અત્યાર સુધીમાં પ્રસ્તુત પુસ્તકની ત્રણ આવૃત્તિ પ્રકાશિત થઈ ચૂકી છે.

આનંદની વાત છે કે જિનેશ્વર દેવ ચરમ તીર્થંકર ભગવાન શ્રી મહાવીરસ્વામી ની કૃપા તથા પરમ પૂજ્ય દાદાગુરુ ગચ્છાધિપતિ આચાર્ય પ્રવર શ્રીમદ્ કૈલાસસાગરસૂરીશ્વરજી મ.સા. ના દિવ્ય આશીર્વાદ સાથે **'આતમ પામ્યો અજવાળુ'** પુસ્તકની બીજી આવૃત્તિ કોબા તીર્થના સાન્નિધ્યમાં આયોજિત ઇન્ટરનેશનલ જૈન ડૉક્ટર્સ ફેડરેશન (૩-૪ જાન્યુઆરી ૨૦૦૪) ના શુભ અવસર પર સીડી રૂપે પ્રકાશિત થઈ રહેલ છે. આશા રાખીએ છીએ કે અમને ઉમળકાભર્યો આવકાર મળશે. આ એક પ્રથમ પ્રયાસ હોવાથી સંપાદન કાર્યમાં કોઈ કારણોસર રહી ગયેલ ક્ષતિઓ માટે વાચક વર્ગના ક્ષમાપ્રાર્થી છીએ.

**શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર ટ્રસ્ટ બોર્ડ**
**કોબા તીર્થ, ગાંધીનગર**

# આચાર્ય શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી

મહાન શ્રુતોદ્ધારક જૈનાચાર્ય શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ.સા. જૈનસંસ્કૃતિ અને આર્ય સાહિત્યનાં દિગ્ગજ સંરક્ષક અને કલા તથા જ્ઞાન ક્ષેત્રના મર્મજ્ઞ હોવા ઉપરાંત ભારતની એકતા, સાંપ્રદાયિક સામંજસ્ય અને વિવિધ ધર્મોનો સમન્વય અપનાવી, માનવ માત્રના કલ્યાણને જીવન સંદેશ બનાવી તે માટે સદા 'બહુજન હિતાય, બહુજન સુખાય' પ્રયત્નશીલ રહ્યા છે. પૂજ્યશ્રીએ કાર્ય કુશળતા ઉપરાંત વ્યાખ્યાન અને વિવિધ ગતિવિધિઓનાં માધ્યમ દ્વારા સદા જનહિત, જીવન વિકાસ અને નૈતિકતા સભર સુસંસ્કૃત ધાર્મિક સંસ્કારોનો પ્રચાર અને પ્રસાર કરેલ છે.

આચાર્યશ્રી વ્યક્તિગત રૂપથી ધર્મ સંદર્ભે ભલે જૈનધર્મ સાથે જોડાયેલ હોવા છતાં વિચાર, વાણી, કર્મ અને કાર્ય દ્વારા ભારતીય સંસ્કૃતિના જ્યોતિર્મય નક્ષત્રમંડળમાં સર્વત્ર દૈદિપ્યમાન છે. ખરેખર તો પૂજ્યશ્રી એક ક્રાંતિકારી વ્યક્તિત્વ ધરાવે છે જેમાં સાધુ વૃત્તિ, ત્યાગ-તપસ્વીતાની સાથે-સાથે અપૂર્વ તેજસ્વિતા અને દૂરંદેશી દૃષ્ટિકોણને વરેલા છે. સૂર્યની જેમ તેઓશ્રીની પ્રખર જ્ઞાનની ઉષ્મા, પ્રાચીન ઋષિ-મુનિઓની સાત્વિકતા, કબીરની સ્પષ્ટવાદિતા અને વિવેકાનંદ જેવી ઓજસ્વી શૈલીએ અસંખ્ય જન હૃદયોમાં શ્રદ્ધાનો દીપ પ્રજ્વલિત કર્યો છે.

પૂજ્યશ્રી પોતાના પ્રવચનોમાં જણાવે છે કે -

"હું સૌનો છું, સૌ મારા છે. પ્રાણી માત્રનું કલ્યાણ મારી હાર્દિક ભાવના છે.
હું કોઈ વર્ગ, વર્ણ, સમાજ કે જાતિ માટે નહીં પરંતુ સૌના માટે છું.
હું ખ્રીસ્તીઓનો પાદરી, મુસલમાનોનો ફકીર,
હિંદુઓનો સંન્યાસી અને જૈનોનો આચાર્ય છું."

# ૧

**अर्हम्।।**

**श्री शंखेश्वर - पार्श्वनाथाय नमः।।**

પરમાત્મા મહાવીરદેવના ઇન્દ્રભૂતિ વગેરે અગિયાર મુખ્ય શિષ્યો હતા. જેઓ ગણધર તરીકે સુપ્રસિદ્ધ થયા હતા. પ્રભુના શિષ્યો બન્યા એ પહેલાં પ્રત્યેકના મનમાં વેદવાક્યો વિષે એક-એક શંકા હતી.

પ્રથમ મુલાકાત દરમ્યાન પરમાત્માએ આ પ્રત્યેક બ્રાહ્મણ-વિદ્વાનોની શંકાનું સુન્દર સમાધાન કર્યું... જે 'ગણધરવાદ' ના નામે પ્રસિદ્ધ છે.

પ્રાચીનકાળમાં અપાપા નામની એક મહાનગરી હતી. જે હાલ 'પાવાપુરી' તરીકે ઓળખાય છે. એમાં સોમિલ નામનો બ્રાહ્મણ રહેતો હતો. એક વાર એણે એક વિશાળ યજ્ઞનું આયોજન કર્યું.

આ યજ્ઞને સફળતાપૂર્વક પૂર્ણ કરવા માટે એણે ઉત્તમ બ્રાહ્મણ પંડિતોને બોલાવ્યા હતા. જેઓ કુલ અગિયાર હતા. પ્રત્યેક પંડિતનો પોતાનો છાત્રસંઘ (શિષ્ય-સમુદાય) હતો. બધા પંડિતોના મળીને કુલ ચુમ્માળીશસો શિષ્યો હતા. યજ્ઞાનુષ્ઠાનમાં એ બધા પણ આવ્યા હતા. યજ્ઞ મંડપમાં જોરદાર અવરજવર હતી.

યજ્ઞશાળામાં પધારેલા આ વેદપાઠી મહાપંડિતોના નામ ક્રમશઃ આ પ્રમાણે હતાઃ

(૧) ઇન્દ્રભૂતિ (૨) અગ્નિભૂતિ (૩) વાયુભૂતિ (૪) વ્યક્ત (૫) સુધર્મા (૬) મંડિત (૭) મૌર્યપુત્ર (૮) અંકમ્પિત (૯) અચલભ્રાતા (૧૦) મેતાર્ય. અને (૧૧) પ્રભાસ.

વેદના વાક્યો અંગે દરેકના મનમાં એક-એક શંકા હતી, છતાં એ બધા પોત-પોતાને 'સર્વજ્ઞ' સમજતા હતા. અહંકારને આધીન તેઓ બીજાઓની સમક્ષ કદાપિ પોતાની શંકા પ્રગટ કરતા ડરતા હતા. રખે ને કોઈ એમની શંકાનું સમાધાન કરી નાંખે તો તેનાથી પોતાની 'લઘુતા' અને સમાધાન કરનારને ગુરુતાનો સિક્કો લાગી જાય!!!

જો તેઓ કોઈને પ્રશ્ન પૂછે તો લોકો તેમને અલ્પજ્ઞ સમજે અને તેમની સર્વજ્ઞતાના અભિમાનને ઠેસ પહોંચે. અરે! તેઓ પરસ્પર એક-બીજાને પણ પોતાની શંકા જણાવત તો અંદરોઅન્દર એક-બીજા દ્વારા જ પોત-પોતાના શંકાઓનું સમાધાન થઈ જાત. કારણ કે સૌની શંકાઓ અલગ અલગ હતી. પરંતુ સૌની ઉપર અભિમાનનો ઓછાયો એવો પડેલો હતો કે સહુ પોત-પોતાના પ્રશ્નોને મનમાં જ દબાવીને બેઠા હતા.

પાવાપુરીમાં જ્યારે આ મહાયજ્ઞનું આયોજન થયું હતું ત્યારે એ જ ક્ષેત્રમાં સર્વજ્ઞ પરમાતમા મહાવીર પ્રભુનું આગમન થયું. દેવોએ સમવસરણની રચના કરી હતી.

પ્રભુ મહાવીરને વન્દના કરવા... તેમની અમૃતવાણીને સાંભળવા... દૂર દૂરથી આવી રહેલા વૈમાનિક દેવોને જોઇને મુખ્ય મહાપંડિત ઇન્દ્રભૂતિને એવો ભ્રમ થયો કે આ તેમના યજ્ઞાનુષ્ઠાનનો જ અપૂર્વ મહિમા છે. એમના યજ્ઞમાં યજ્ઞ-ભાગ ગ્રહણ કરવા માટે જ પ્રત્યક્ષ દેવ-ગણનું શુભ-આગમન થઈ રહ્યું છે.

પરન્તુ આ ભ્રમ ક્ષણિક જ રહ્યો. જ્યારે આગન્તુક દેવો એમના યજ્ઞ-સ્થાનને વટાવીને આગળ નીકળી ગયા ત્યારે ઇન્દ્રભૂતિનો ભ્રમ ભાંગીને ભુક્કો થઈ ગયો.

ઇન્દ્રભૂતિ વિચારમાં પડી ગયાઃ કેમ આમ થયું? તેઓ ભૂલ તો નથી કરી રહ્યા ને? યજ્ઞસ્થળ તો અહીં છે... તેની શું દેવોને ખબર નથી? કેટલે દૂર દૂરથી લોકો આ યજ્ઞમાં સામેલ થવા અહીં આવ્યા છે.

'અમે અગિયાર વિદ્વાનો... અમારા ચુમ્માળીશસો શિષ્યો... ઉપરાંત શંકર, શિવંકર, શુભંકર, સીમંકર, ક્ષેમંકર, મહેશ્વર, સોમેશ્વર, ધનેશ્વર, દિનેશ્વર, ગણેશ્વર, ગંગાધર, ગયાધર, વિદ્યાધર, મહીધર, શ્રીધર, વિદ્યાપત, ગણપતિ,

પ્રજાપતિ, ઉમાપતિ, શ્રીપતિ, હરિશર્મા, દેવશર્મા, સોમશર્મા, વિષ્ણુશર્મા, શિવશર્મા, નીલકણ્ઠ, વૈકુંઠ, શ્રીકણ્ઠ, કાલકણ્ઠ, રક્તકણ્ઠ, જગન્નાથ, સોમનાથ, વિશ્વનાથ, લોકનાથ, દીનાનાથ, શ્યામદાસ, હરિદાસ, દેવીદાસ, કૃષ્ણદાસ, રામદાસ, શિવરામ, દેવરામ, રઘુરામ, હરિરામ, ગોવિન્દરામ, વગેરે હજારો બ્રાહ્મણો અહીં ઉપસ્થિત છે. યજ્ઞમંડપમાં કેટલી ભીડ છે! આ બધુ શું એ દેવોને દેખાતું નથી? શું એમના દિવ્ય જ્ઞાનનું દેવાળું નીકળી ગયું છે? સાધારણ માણસો તો અલ્પજ્ઞ હોવાથી આવી ભૂલ કરે... પરંતુ આ તો અવધિજ્ઞાની દેવો છે. તેઓ આવી ભૂલ કઈ રીતે કરે, તે જ સમજાતું નથી.'

એટલામાં આગળ વધતા દેવોમાંથી એક દેવે બીજા દેવને કહ્યું: "જરા જલદી કરો. ચરમ તીર્થંકર મહાવીરદેવનું સમવસરણ છે. એમના વન્દન કરવામાં રખે ને આપણે પાછળ રહી ન જઇએ!! તેઓ સર્વજ્ઞ પ્રભુ છે. એમનું પૂરેપુરું પ્રવચન અમારે સાંભળવું છે. એવું ના બને કે એમની દેશનાનો એકાદ શબ્દ પણ આપણે ચૂકી જઈએ!"

આ સાંભળીને ઇન્દ્રભૂતિ વિચારમાં પડ્યા "અહો! મારાથી મોટો સર્વજ્ઞ બીજો કોણ હોઈ શકે? હું જ સૌથી મહાન સર્વજ્ઞ તરીકે ઓળખાઉ છું. આ લોકોએ સર્વજ્ઞને જ વન્દન કરવું હોય તો તેઓ મને વન્દન કરી શકે છે. તેમણે સર્વજ્ઞનું જ પ્રવચન સાંભળવું હોય તો તેઓ મારું પ્રવચન સાંભળી શકે છે. તો પછી આ બધા અહીં આવવાના બદલે બીજે ક્યાં જઇ રહ્યા છે?"

કવિના શબ્દોમાં ઇન્દ્રભૂતિના ઉદ્‌ગાર આ મુજબ હતા:

**अहो सुराः कथं भ्रान्तया,**
**तीर्थाश्च इव वायसाः।**
**कमलाकरवद् भेका**
**मक्षिकाश्चन्दनं यथा।।**
**करमा इव सद्‌वृक्षान्**
**क्षीरान्नं शूकरा यथा।**
**अर्कस्या लोकवद् घूका-**
**स्त्यक्त्वा यागं प्रयान्ति यत्।।**

"અહો! આ દેવતાઓ કોઈ ભ્રમના કારણે યજ્ઞને છોડીને એ રીતે જઈ રહ્યા છે... જેવી રીતે કાગડાઓ તીર્થોને, દેડકાઓ સરોવરોને, માખીઓ ચન્દનને, ઊંટ સારા વૃક્ષોને, સૂવ્વરો (ભૂંડો) ખીરના ભોજનને, અને ઘુવડો સૂર્યના પ્રકાશને છોડી દે છે...

"અથવા તો જેવા એમના જ્ઞાની છે એવા જ આ દેવો હશે!

**अहवा जारिसओ चिय,**
**सो नाणी तारिसा सुरा बेंति।**
**अणु सरिसो संजोगो,**
**गामनडाण च मुक्खाणं।।**

(આ જ્ઞાની સાથે દેવોનો સંયોગ એવો છે, જેવો ગામના નટોની સાથે મૂર્ખાઓનો હોય છે.)

કારેલાની વેલને કોઈકે કહ્યું: 'તું લીમડા ઉપર ચઢીશ નહિ. એથી તારી કડવાશ વધી જશે.' પરંતુ એણે કહેવું માન્યું નહિ. છેવટે એ માણસને કહેવું પડ્યું: 'હે વેલ! આમાં તારો કોઈ દોષ નથી. બધા પોતાના જેવા જ ગુણોવાળાઓની સંગતિમાં પ્રસન્ન રહે છે.'

"કાગડાઓ ભલે લીંબોડીઓ પાછળ લટ્ટુ બને... પરંતુ કેરી તો કેરી જ રહેવાની... એનું મહત્ત્વ થોડું જ ઘટવાનું છે?

"હું તો પંડિતોનો પણ મહાપંડિત છું... મેં મોટા મોટા પંડિતો સાથે શાસ્ત્રાર્થ કર્યો છે. અને સર્વત્ર વિજય પ્રાપ્ત કર્યો છે. સંસારમાં એવો ક્યો પંડિત છે જે મારી સાથે શાસ્ત્રાર્થ કરવા શક્તિમાન હોય?

**"लाटा दूरगताः प्रवादिनिवहाः**
**मौनं श्रिताः मालवाः,**
**मूकत्वं मागधागता गतमदा,**
**गडर्जन्ति नो गूर्जराः।**
**काश्मीराः प्रणताः पत्मायनपरा,**
**जाता स्तित्मङ्गोद्‌भवाः,**
**विश्वे चापि स नास्ति यो हि कुरुते,**
**वादं मया साम्प्रतम्।।**

"લાટ દેશના વાદીઓ હારના ભયથી ડરીને દૂર ચાલ્યા ગયા. માલવદેશના વાદીઓએ મૌન ધારણ કરી લીધું

મગધ-દેશના વાદીઓએ બોલવાનું જ છોડી દીધું ઘમંડ છોડીને ગુજરાતના પંડિતોએ ગરજવાનું બંધ કરી દીધું. કાશ્મીર દેશના પંડિતો તો મારા પગમાં પડી ગયા. તેલંગ દેશના પંડિતો તો મારું નામ સાંભળીને જ ભાગી ગયા. વધારે શું કહું? આજે દુનિયામાં એવો કોઈ પંડિત નથી, જે શાસ્ત્રાર્થમાં મને મહાત કરી શકે.

"આ સ્થિતિમાં આ બીજો સર્વજ્ઞ ક્યાંથી ટપકી પડ્યો? મને તો આ કોઈ જાદૂગર લાગે છે જેણે દેવતાઓને પણ ભ્રમમાં નાંખીને પોતાની તરફ આકર્ષિત કરી લીધા છે!"

ઇન્દ્રભૂતિના મનમાં આ પ્રકારની વિચારણા ચાલી રહી હતી એટલામાં પ્રભુ મહાવીરને વન્દન કરીને પાછા ફરતા એક દેવને ઇન્દ્રભૂતિએ પૂંછ્યું: "કેમ ભાઈ! જોઈ આવ્યા તમારા એ કહેવાતા સર્વજ્ઞને? કેવું રુપ છે એમનું? કેવો ચહેરો છે એમનો? કેવી બુદ્ધિ છે એમની? નવાઇની વાત છે કે દેવ થઈને પણ તમે એની ઇન્દ્રજાળને ભેદી શક્યા નહિ? એની શબ્દજાળમાં ફસાઈને તમે ય એને 'સર્વજ્ઞ' માની બેઠા? કંઈક તો કહો એમના વિષે!!" ત્યારે એ દેવે કહ્યું:

**"यदि त्रिलोकी गणनापरा स्यात्,**
**तस्याः समाप्तिर्यदि नायुषः स्यात्।**
**पारे परार्द्धं गणितं यदि स्यात्,**
**गणेयन्नशेषगुणोऽपि स स्यात्।।**

"જો ત્રણે લોકના તમામ પ્રાણીઓ ગણવા મંડી પડે અને ગણતાં ગણતાં કોઈનું મૃત્યુ થાય જ નહિ તથા જો પરાર્ધની ઉપરની સંખ્યા (ગણિત) હોય તો પણ પ્રભુ મહાવીરદેવના સમસ્ત ગુણોની ગણતરી થઈ શકે નહિ."

આ સાંભળીને તો બિચારા ઇન્દ્રભૂતિની હાલત? વધારે ખરાબ થઈ ગઈ. જાણે કોઈએ ખુલ્લા ઘા ઉપર મીઠું છાંટી દીધું... અહંકાર અને ઇર્ષ્યાના કારણે પહેલેથી એમનું મન ઘાયલ હતું. ઉપરથી દેવના મુખેથી પોતાના બદલે બીજાની પ્રશંસા સાંભળતાં મન વધારે અશાન્ત બની ગયું... આકુળ-વ્યાકુળ બની ગયું...

ઇન્દ્રભૂતિને હવે ચોક્કસ એમ લાગવા માંડ્યું કે, "આ કોઈ મહાધૂર્ત લાગે છે. માયાનું મન્દિર છે... જોરદાર જાદૂગર છે. આ કોઈ સામાન્ય માણસ નથી લાગતો. નહિ તો આટલી મોટી સંખ્યામાં લોકોને અને દેવોને કેવી રીતે ભ્રમમાં નાંખી શકે? કેવી રીતે આટલા બધાને મોહિત કરી શકે?

"આવા સર્વજ્ઞની હાજરીને હું હવે વધુ વાર સહન કરી શકું તેમ નથી. શું એક આકાશમાં કદી પણ બે સૂર્ય રહી શકે ખરા? જંગલની એક ગુફામાં શું બે સિંહ રહી શકે ખરા? એક મ્યાનમાં શું બે તલવાર રહી શકે? કદાપિ નહિ. હું હમણાં જ જાઊ છું અને એને વાદમાં પરાજિત કરી નાંખું છું.

"જો કે એણે મને વાદ કરવા માટે આમન્ત્રણ નથી આપ્યું પણ તેથી શું થયું? અન્ધકારનો નાશ કરવા માટે સૂર્ય કોઈના આમન્ત્રણની રાહ જોતો નથી.

"અગ્નિને સ્પર્શ કરનારા હાથને અંગારા કદી માફ નથી કરતા... આક્રમણ કરનાર શત્રુને ક્ષત્રિય કદી ક્ષમા નથી કરતો... કેશવાળી પકડીને ખેંચનારા કોઈને પણ સિંહ કદી સહન નથી કરતો... એ જ રીતે હું પણ બીજા કોઈની સર્વજ્ઞતાને સહન કરું તેમ નથી.

"મોટા-મોટા દિગ્વિજયી પંડિતોને પરાજિત કરનારા મારા જેવા મહાપંડિતની સામે આ મહાવીરની શી વિસાત? મોટા-મોટા વૃક્ષોને ઉખેડી નાંખનારા વાવંટોળની સામે એક તણખલાની શી કિમ્મત? જે નદીના પૂરના પ્રવાહમાં મોટા-મોટા હાથીઓ તણાઈ ગયા, આ નાનકડી કીડીની શી વિસાત?

"વર્ષો પહેલાં હું દિગ્વિજય કરી ચૂક્યો છું. એ પછી તો કોઈ પંડિત મારી સામે વાદ કરવા આવ્યો નથી. મારી સામે હમણાં તો વાદીઓનો દુકાળ જ વર્તી રહ્યો છે. બહુ વર્ષોથી મારી જીભને ખુજલી થયા કરતી હતી. કોઈ વાદી મળે તો આ મારી ખુજલી શાંત કરવાની તકને હું ઇચ્છતો જ હતો. એમાં ઘણા વખતે આ તક મુશ્કેલીથી મળી છે. હવે એનો પૂરેપૂરો લાભ લઈ લઉ...

આ રીતે ઇન્દ્રભૂતિને વાદ કરવા માટે તત્પર બનેલા જોઈને એમના નાના ભાઈ અગ્નિભૂતિએ જણાવ્યું: "વડિલ બન્ધુ! કીડીને પકડવા માટે મોટા કટક (સૈન્ય) ની શી જરુર? એક તણખલાને કાપવા માટે કુહાડીની શી જરુર? કમળને ઉખાડવા માટે હાથીની શી જરુર? એ જ રીતે આવા કહેવાતા સર્વજ્ઞને પરાજિત કરવા માટે આપના જેવાએ તસ્દી લેવાની શી જરુર? આપ મને આજ્ઞા આપો. હું હમણાં જ જઈને એને જીતીને આવું છું."

આ સાંભળીને ઇન્દ્રભૂતિએ અગ્નિભૂતિને કહ્યું: "ભાઈ! તારી વાત બિલકુલ સાચી છે. અરે! ખરું પૂછો તો એને જીતવા માટે તારે ય જવાની જરુર નથી. એને તો, મારા જે પાંચસો શિષ્યો છે, એમાંથી સૌથી નાનો શિષ્ય પણ પરાજિત કરી શકે એમ છે... પરંતુ મારાથી હવે રહેવાતું નથી.

"કાંટો ભલે નાનો હોય તો પણ ખૂંચે તો ખરો જ ને? એટલા માટે હું જ જવા માગું છું. આમ તો મેં બધા વાદીઓ સામે વિજય મેળવી લીધો છે. પરંતુ જેવી રીતે હાથીના મોંમાંથી એકાદ અન્નકણ પડી જાય, મગ રાંધતી વખતે કોઈ કોરડું મગ ચઢવાનું રહી જાય, સમુદ્રપાન કરતી વખતે અગસ્ત્ય ઋષિ સામે કોઈ જલબિન્દુ રહી જાય, ચણા ભુંજતી વખતે એકાદ

ચણો ભઠ્ઠીમાંથી ઉછળીને રહી જાય, ફળ છોલતાં છોલતાં છાલનો એક નાનકડો ભાગ રહી જાય, અથવા તો ઘાણીમાં પીલતી વખતે તલનો એકાદ દાણો પડી રહે એ જ રીતે આ એક વાદી મારે જીતવાનો બાકી રહી ગયો લાગે છે.

"આ એકને જિત્યા વગર હું 'સર્વવિજેતા' બની શકું નહિ. જેવી રીતે પતિવ્રતા સ્ત્રી એક ક્ષણ માટે પણ પોતાના શીલવ્રતથી ભ્રષ્ટ બની જાય તો પછી તે સ્ત્રી શીલવતી નથી કહેવાતી, જીવનભર અ-સતી જ કહેવાય છે, એ જ રીતે આ એક વાદીને જીત્યા વગર મને વાસ્તવિક યશ મળી શકે નહિ, એને હું પરાજિત નહિ કુરું તો મારી શુભ્ર કીર્તિ કલંકિત બની જશે.

"જેવી રીતે નીચેની એકાદ ઇંટ ખસી જવાથી આખી દીવાલ ધસી પડે છે, નાનકડું છિદ્ર (કાણું) પડતાં આખી નૌકા ડૂબી જાય છે. તેવી જ રીતે એક વાદી અપરાજિત રહે તો મારો સમસ્ત સુયશ ધૂળમાં મળી જશે. એટલે એને પરાજિત કરવા માટે મારે જ જવું પડશે.

# ૨

સર્વજ્ઞ મહાવીરપ્રભુને શાસ્ત્ર-ચર્ચામાં પરાજિત કરવા માટે જાતે જ જવું જોઈએ. એ વાત પોતાના નાના ભાઈ અગ્નિભૂતિ સમક્ષ પ્રતિપાદિત કર્યા પછી ઇન્દ્રભૂતિ પ્રસ્થાનની તૈયારીમાં લાગી ગયા.

કપાળ ઉપર ત્રિપુંડ-તિલક કર્યું. નવું ધોતીયું અને નવો રેશમી ખેસ ધારણ કર્યા. માથા પર લાંબી-ચોડી પાઘડી સજાવી. સુવર્ણના તારમાંથી બનાવેલું યજ્ઞોપવિત એમના વક્ષ:સ્થળની શોભા વધારી રહ્યું હતું.

ચર્ચા-સમયે પોતાની વાતની પુષ્ટિ માટે આપી શકાય, એવા શાસ્ત્રીય ઉદાહરણોની એક ખાસ હસ્તલિખિત પોથી પણ એમણે સાથે લઈ લીધી. નવી પાઘડી પગમાં પહેરી અને ઇન્દ્રભૂતિ ચાલી નીકળ્યા.

એમની પાછળ પાંચસો શિષ્યો પણ પોતાના ગુરુના નામનો જય-જયકાર કરતા ચાલવા લાગ્યા. શિષ્યો ઇન્દ્રભૂતિની પ્રશંસાવલિ પણ બોલતા જતા હતા. એમની પાછળ પાંચસો શિષ્યો પણ પોતાના ગુરુના નામનો જય-જયકાર કરતા ચાલવા લાગ્યા. શિષ્યો ઇન્દ્રભૂતિની પ્રશંસાવલિ પણ બોલતા જતા હતા:

"હે સરસ્વતી કંઠાભરણ! વાણીના રુપમાં સ્વયં સરસ્વતી જ જાણે તમારા કંઠને શોભાવી રહી છે.

"હે સરસ્વતી કંઠાભરણ! વાણીના રુપમાં સ્વયં સરસ્વતી જ જાણે તમારા કંઠને શોભાવી રહી છે.

"હે વાદિ વિજયલક્ષ્મી શરણ! (વાદીઓ સાથે ચર્ચામાં પ્રાપ્ત કરેલ વિજયશ્રીએ જ જાણે આપનું શરણ ગ્રહણ કરી લીધું છે.)

"હે જ્ઞાતસર્વપુરાણ! (સઘળા પુરાણોના તમે જાણકાર છો.)

"હે વાદિ-કદલીકૃપાણ! (વાદીઓ રૂપી કદલીઓ (કેળ) ને કાપવા માટે આપ કૃપાણ (તલવાર) સમાન છે.)

"હે પણ્ડિત શ્રેણી-શિરોમણિ! (પંડિતોના મસ્તક ઉપર આપ ધારણ કરવા યોગ્ય છે.)

"હે કુમતાન્ધકાર-નભોમણિ! (કુમત રૂપી અંધકારનો નાશ કરવા માટે આપ સૂર્ય સમાન છો.)

"હે જિતવાદિ-વૃન્દ! (વાદીઓના સમુદાયને આપે જીતી લીધા છે.)

"હે વાદિગરુડ-ગોવિન્દ! (ગરુડ સમાન છે વાદીઓ, અને તેમની ઉપર સવારી કરનારા આપ કૃષ્ણ સમાન છો.)

"હે વાદિ-ઘટમુદ્ગર! (ઘડા સમાન વાદીઓને ફોડી નાંખવા માટે આપ મુદ્ગર સમાન છો.)

"હે વાદિ-ઘૂકભાસ્કર! (ઘુવડ સમાન વાદીઓને માટે આપ સૂર્ય-સમાન છો.)

"હે વાદિ-સમુદ્ર-અગસ્ત્ય! (સમુદ્ર સમાન વાદીઓને માટે આપ અગસ્ત્ય ઋષિ સમાન છો.)

"હે વાદિ-વૃક્ષહસ્તિ! (વૃક્ષ સમાન વાદીઓને ઉખેડી નાંખવા માટે તમે હસ્તિ (હાથી) સમાન છો.)

"હે વાદિ કન્દ કુન્દાલ! (કન્દ સમાન વાદીઓને ખોદી નાંખવા માટે તમે કોદાળી સમાન છો.)

"હે વાદિ-ગજ સિહ! (હાથીઓ જેવા વાદીઓને પરાજિત કરવા તમે સિંહ સમાન છો.)

"હે સરસ્વતીલબ્ધ પ્રસાદ! (સરસ્વતી આપના ઉપર સુપ્રસન્ન છે.)

"આપનો જય હો! વિજય હો) આપનો સુયશ દિગ-દિગંતમાં ફેલાતો રહે.

જ્યાં સર્વજ્ઞ પ્રભુ મહાવીર સ્વામી વિરાજમાન હતા એ સમવસરણની દિશામાં જતાં જતાં ઇન્દ્રભૂતિ મનમાં વિચારે છે: 'આજે પોતાની સર્વજ્ઞતાના મિથ્યા અભિમાનમાં ફસાઈને આણે મને નકામો ક્રોધિત કર્યો. કારણ કે એનાથી મને કોઈ સુખ મળવાનું નથી.

'પોતાની સર્વજ્ઞતાને જાહેર કરીને મારી સર્વજ્ઞતાને પડકાર ફેંકવાનો આ એનો પ્રયાસ એવો ભયંકર અને હાસ્યાસ્પદ

છે, જેવો કોઈ દેડકો કાળોતરા નાગને લાત મારે! ઉંદર બિલાડીના દાંત ગણવા બેસે! હાથી સૂંઢ વડે પહાડ ઉખાડવા જાય! સસલું સિંહની કેશવાળી ખેંચવા જાય! મણિ મેળવવા માટે કોઈ બાળક શેષનાગની ફેણ તરફ હાથ લંબાવે! કોઈ નદીમાં આવેલી રેલ (પૂર) માં સામે કિનારે જવા માટે તણખલા ઉપર સવારી કરે!

મહાવીરે જાણવું જોઈએ કે....

**खद्योतो द्योतते तावद्, यावन्नोदेति चन्द्रमा।**
**उदिते तु सहस्त्रांशौ, न खद्योतो न चन्द्रमा।।**

"જુગનૂ (આગિયો) ત્યાં સુધી જ ચમકે છે, જ્યાં સુધી ચન્દ્રનો ઉદય થયો હોતો નથી. પરન્તુ જેવો સૂર્યનો ઉદય થાય છે કે ન તો આગિયો ચમકે છે કે ન તો ચન્દ્રમા!

"હું સૂર્ય સમાન તેજસ્વી છું. આગિયા જેવા બીજા વાદીઓ મારી સામે પોતાની ચમક બતાવી શકતા નથી.

"મારા જ્ઞાનની કોઈ સીમા નથી. એવું ક્યું શાસ્ત્ર છે જેનું મેં અધ્યયન કર્યું ના હોય?

લક્ષણે મમ દક્ષત્વં, સાહિત્યે સંહિતા મતિ:।
તર્કેડ કર્કશતા નિત્યં, ક્ર શાસ્ત્રે નાસ્તિ મે શ્રમ:?

"લક્ષણ-શાસ્ત્રમાં હું નિપુણ છું. સાહિત્યશાસ્ત્રમાં મારી બુદ્ધિ અસ્ખલિત છે. તર્કશાસ્ત્રનું અધ્યયન તો મેં એટલું ઊંડાણથી કર્યું છે કે તે મને બિલકુલ કઠોર (કર્કશ) લાગતું નથી. વ્યાકરણ, કોશ, છન્દ, રસ, અલંકાર, જ્યોતિષ, વૈધક, દર્શન, ધર્મ, અર્થ, કામ, મોક્ષ વગેરે સમસ્ત શાસ્ત્રોનું અનુશીલન-પરિશીલન અને ચિન્તન-મનન મેં કર્યું છે. ક્યા શાસ્ત્રને આધારે તે જાદૂગર મારી સાથે ચર્ચા કરશે? હમણાં જ જઈને જોઉ છું કે એ કેવો જ્ઞાની છે? સૌની એની સર્વજ્ઞતાનો ઘમંડ ધૂળમાં ન મેળવી દઉ તો મારું નામ ઇન્દ્રભૂતિ નહિ!!!

કવિને માટે ક્યો રસ અપોષ્ય છે?
ચક્રવર્તીને માટે ક્યો દેશ અજેય છે?
વજ્રને માટે કઈ વસ્તુ અભેદ્ય છે?
મહાયોગીઓને માટે કઈ સિદ્ધિ અસાધ્ય છે?
ક્ષુધાપીડિતો માટે કઈ વસ્તુ અભક્ષ્ય છે?
દુષ્ટો માટે ક્યો શબ્દ અવાચ્ય છે?
કલ્પવૃક્ષ, કામધેનુ અને ચિન્તામણી માટે કઈ વસ્તુ અદેય છે?

એજ રીતે મારા જેવા સર્વ શાસ્ત્રવિશારદ મહાપંડિત માટે આ જગતમાં ક્યો પંડિત અજેય છે? કોઈ જ નહિ!

સિંહની ગર્જના સાંભળીને જેમ જંગલના તમામ પ્રાણીઓ કમ્પી ઊઠે છે, તેમ મારી ગર્જના સાંભળીને એ બિચારો વ્યાકુળ બની જતો હોય તો ભલે બને? એમા હું શું કરું?

એણે પડકાર ફેંક્યો છે એટલે મારે ચર્ચા કરવા માટે જવું પડે છે. નહીંતર કોઈને નીચો પાડવાનું મને જરા ય ગમતું નથી.

આવા વિચારોમાં ડૂબેલા ઇન્દ્રભૂતિ જેવા સમવસરણના દ્વારા પાસે પહોંચીને સીડીના પહેલા પગથિયે પગ મૂકે છે. ત્યાં જ અશોક વૃક્ષની નીચે, ત્રણ છત્રથી સુશોભિત સુવર્ણ સિંહાસન ઉપર વિરાજમાન પ્રભુ મહાવીરદેવનું, નિષ્કલંક ચન્દ્ર જેવું સૌમ્ય, શાંત, પ્રકાશમાન અને તેજસ્વી મુખારવિન્દ જોતાં જ એનો તમામ ગર્વ ઓગળી જાય છે.

એ વિચારમાં પડે છે કે આ મહાપુરુષ કોણ છે? શું આ બ્રહ્મા છે? ના... કારણ કે એ તો જગતના નિર્માણમાં પ્રવૃત્ત છે. જ્યારે આ તો નિવૃત્ત છે. બ્રહ્મા વૃદ્ધ છે. જ્યારે આ તો યુવાન છે. બ્રહ્માનું વાહન હંસ છે. જ્યારે આમને તો કોઈ વાહન નથી. બ્રહ્માની સાથે સાવિત્રી છે. જ્યારે આની સાથે કોઈ જ સ્ત્રી નથી. બ્રહ્માનુ આસન કમળ છે... જ્યારે આ તો સુવર્ણના સિંહાસન ઉપર વિરાજમાન છે.

તો શું આ વિષ્ણુ છે? ના... ના... કારણ કે વિષ્ણુ તો કાળા છે... જ્યારે આ તો ગોરા છે. વિષ્ણુની સાથે લક્ષ્મી છે. જ્યારે આ તો એકલા છે. વિષ્ણુને ચાર હાથ છે. જ્યારે આમને તો બે જ હાથ છે. વિષ્ણુના ચાર હાથમાં ક્રમશ શંખ, ચક્ર, ગદા અને પદ્મ છે. જ્યારે આના તો બન્ને હાથ ખાલી છે. હાથમાં કોઈ જ પ્રકારનું હથિયાર નથી. વિષ્મુ શેષનાગની પથારી પર સૂએ છે. જ્યારે આ સિંહાસન ઉપર બેઠા છે. વિષ્ણુ નું વાહન ગરુડ છે. જ્યારે આતો પાદવિહારી છે.

તો શું આ મહેશ્વર છે? ના... કારણ કે એમને તો ત્રણ આંખ છે. જ્યારે આમને તો બે જ આંખ છે. શંકરની સાથે પાર્વતી છે. જ્યારે આ તો એકલા જ છે. શંકરનું વાહન નન્દી છે... જ્યારે આ તો પદયાત્રી છે.

તો શું આ પ્રત્યક્ષ કામદેવ છે? ના. કારણ કે એ તો અશરીરી છે. જ્યારે આ તો શરીરવાળા દેખાય છે.

તો શું આ ઇન્દ્ર છે? ના... કારણ કે એને તો હજાર આંખો છે. જ્યારે આને તો બે જ આંખ છે. ઇન્દ્રના હાથમાં વજ્ર નામનું પ્રચણ્ડ શસ્ત્ર છે... જ્યારે આ તો નિ:શસ્ત્ર છે. ઇન્દ્રની પાસે ઐરાવણ હાથી છે. જ્યારે આ તો પગે ચાલનારા છે.

તો શું આ કોઈ વિદ્યાધર છો? ના... કારણ કે એ તો વિમાનમાં બેસીને આકાશમાં વિહાર કરે છે. જ્યારે આ તો ભૂમિ ઉપર ઉઘાડા પગે ફરનારો છે. તો શું આ કુબેર છે? ના... કારણ કે એ તો ખજાનાનો માલિક છે. જ્યારે આ તો ધનના ત્યાગી છે. એ ભોગી છે. જ્યારે આ યોગી છે. મહાયોગી છે. વિરકત છે.

તો શું આ સિંહાસન ઉપર બેઠેલો રાજા નળ છે? ના... કારણ કે એના શરીર ઉપર તો બહુમૂલ્ય અલંકારો છે. જ્યારે આમનું શરીર તો અલંકારોથી રહિત છે. છતાં ખૂબ જ સુન્દર છે.

આ રીતે તમામ વ્યક્તિઓના વિકલ્પોનું નિરસન થતું ગયું. છેવટે પ્રભુ મહાવીરદેવને આપી શકાય એવી યોગ્ય ઉપમા શોધવા માટે એનું ધ્યાન સૃષ્ટિ તરફ જાય છે.

**क्षारो वारिनिधिः कलङ्कलुष-**
**श्चन्द्रो रवि स्तापकृत्;**
**पर्जन्यश्चपलाश्रयोऽभ्रपटला-**
**ऽदृश्यः सुवर्णाचलः।**
**शून्य व्योम रसा द्विजिह्वविघृता**
**स्वर्धाम धेनुः पशुः**
**काष्ठं कल्पतरुर्दषत् सुरमणि-**
**स्तत्केन साम्यं सताम्।।**

જો કે આ છે તો અતિ, ગંભીર, પરંતુ એની તુલના સમુદ્ર સાથે થઈ શકે તેમ નથી. કેમકે સમુદ્ર તો ખારો છે. એ જ રીતે ચન્દ્રમાં કલંક છે; જ્યારે આ તો નિષ્કલંક છે. સૂર્ય પોતાની ગરમીના કારણે પ્રાણીઓને સંતપ્ત કરે છે; જ્યારે આ તો સંતાપને શાન્ત કરે છે.

મેઘમંડળમાં તો ચંચળ વીજળી છુપાયેલી છે, જ્યારે આ તો ચંચળ (લક્ષ્મીવાળા) નથી. સુમેરુ પર્વત મેઘમંડલના કારણે અદૃશ્ય છે, જ્યારે આ તો દૃશ્ય - દેખી શકાય તેવા - છે.

આકાશ તો શૂન્ય છે, જ્યારે આ તો શૂન્ય નથી, પૃથ્વી દ્વિજિહ્વ (શેષનાગ) પર સ્થિત છે; જ્યારે આ તો સિંહાસન ઉપર બેઠેલા છે.

કામધેનુ તો પશુ છે. જ્યારે આ તો માનવ છે. કલ્પવૃક્ષ કાષ્ઠ રૂપ છે (કઠોર છે. જડ છે.), જ્યારે આ તો તેવા નથી (કોમળ છે. ચેતન છે.) અને ઇન્દ્રમણિ પથ્થર છે (નિર્જીવ છે) જ્યારે આ તો સજીવ છે.

તો હવે આ સજ્જનને ઉપમા શી આપવી?

પછી ચારે બાજુ નજર ફેરવતા પ્રભુની ધીર-ગંભીર વાણીનો પ્રભાવ સૃષ્ટિમાં ઇન્દ્રભૂતિને આ રીતે દેખાયો:

**"सारंगी सिंहशावं,**
**स्पृशति सुतधिया नन्दिनी व्याघ्रपोतम्,**
**मार्जारी हंसबालं,**
**प्रणय-परवशात् कोकिकान्ता भुजङ्गम्।**
**वैराण्या जन्मजाता-**
**न्यपि गलितमदा जन्तवोऽन्ये त्यजन्ति,**
**श्रुत्वा साम्यैकरुढ,**
**प्रशमित कलुषं योगिनं क्षीणमोहम्।।"**

કેવળ સમભાવમાં રમણ કરનારા તથા જેના કષાય શાંત થઈ ગયા છો, એવા મોહરહિત યોગીની વાણી સાંભળીને હરિણી સિંહના બચ્ચાને, ગાય વાઘના બચ્ચાને અને બિલાડી હંસના બચ્ચાને પુત્રની જેમ વ્હાલ કરે છે. તથા મોરલી પ્રેમપૂર્વક (સ્નેહથી મજબૂર થઈને) આપને સ્પર્શ કરે છે. આ જ રીતે બીજા પ્રાણીઓ પણ ગર્વરહિત થઈને પોતાના જન્મજાત વૈરભાવનો ત્યાગ કરી દે છે. સાચું જે કહ્યું છે ન કે,

**अहिंसा-प्रतिष्ठायां तत्सन्निधौ वैर त्यागः।**

[અહિંસાની પ્રતિષ્ઠા થતાં એ અહિંસક પુરુષની નજદિક રહેલા પ્રાણીઓ (પણ) વૈરભાવનો ત્યાગ કરી દે છે.]

અહિંસક વ્યક્તિ જે ભૂમિ ઉપર વિચરે છે, ત્યાંનું સમગ્ર વાતાવરણ બદલાઈ જાય છે. પવિત્ર બની જાય છે.

આદ્ય શંકરાચાર્ય પોતાના મઠની સ્થાપના માટે શૃંગેરીની ભૂમિ પસંદ કરી ત્યાં જ એમણે પહેલા મઠની સ્થાપના કરી. કેમ ત્યાં જ? બીજે કેમ નહીં? એની પાછળ પણ એક કારણ છે.

પોતાના પ્રથમ મઠની સ્થાપના માટે તેઓ યોગ્ય ભૂમિની શોધમાં હતા. ફરતા ફરતા તેઓ દક્ષિણ ભારતમાં ગયા. ત્યાં તેમણે એક અદ્‌ભુત દૃશ્ય જોયું. તેમણે જોયું તો ભયંકર તડકામાં હેરાન-પરેશાન થતા એક ઘાયલ દેડકા ઉપર એક નાગ

ફેણ ફેલાવીને છાંયડો આપી રહ્યો હતો.

આ દૃશ્ય જોઈને તેઓ આશ્ચર્ય-ચકિત થઈ ગયા. કારણ કે સાપ અને દેડકા વચ્ચે તો ભક્ષ્ય અને ભક્ષક તરીકેનો સમ્બન્ધ હતો. પરંતુ અહીં તો દેડકાનો ભક્ષક સાપ એનો રક્ષક બનીને બેઠો હતો.

એ જંગલમાં રહેતા તપસ્વીઓને એમણે પૂછ્યું: "જે દૃશ્ય મેં મારી આંખે જોયું છે, તે કોઈ ભ્રમ તો નથી ને? એ દૃશ્ય સાચું જ છે ને?"

ત્યારે મુનિઓએ કહ્યું: "ના... આ કોઈ ભ્રમ નથી. પણ પૂર્ણ સત્ય છે. હકીકત છે. આવા દૃશ્યો અહીં વારંવાર જોવા મળે છે. કારણ કે વર્ષો પહેલાં અહીં શૃંગેરી નામના અહિંસક તપસ્વી રહેતા હતા. એમના હૃદયમાં પ્રાણી માત્ર પ્રત્યે અખૂટ વાત્સલ્ય હતું. એમના વાત્સલ્યથી જ આ ભૂમિનો કણે-કણ પવિત્ર થયેલો છે. પ્રભાવિત બનેલો છે. આ જ કારણે આ ભૂમિ ઉપર વિચરતા પ્રાણીઓની વિચારધારા બદલાઈ જાય છે. એમનામાં રહેલી આજન્મ વૈસ્વૃત્તિ નષ્ટ થઈ જાય છે.

આદ્ય શંકરાચાર્ય આઠમી શતાબ્દીમાં થઈ ગયા. એટલે આ વાત બારસો વર્ષ પહેલાની છે. તો કલ્પના કરો કે પચ્ચીશસો વર્ષ પહેલા જ્યાં પ્રભુ મહાવીરદેવ વિચરણ કરતા હતા, તે ભૂમિ કેટલી પવિત્ર હશે!

જ્યાં જ્યાં પ્રભુ મહાવીરસ્વામી વિચરતા હતા, ત્યાં ત્યાં ચારે બાજુ બાર જોજન સુધી એક અહિંસક વર્તુળ જામી જતું. આ વર્તુળમાં 'એટ્રેકશન ઓફ લવ' (પ્રેમનું આકર્ષણ) છવાઈ જતું. પ્રેમ-ક્ષેત્રના એ પરિઘમાં પ્રવેશ પામતા દરેક પ્રાણીના મસ્તિષ્ક-તરંગોમાં ફેરફાર થઈ જતો. આજન્મ વૈરી એવા પશુઓ અને પક્ષીઓ-તમામ પોતાનામાં રહેલી વૈર-ભાવનાને ભૂલીને પરસ્પર પ્રેમ કરવા લાગતા. એમનું આચરણ પવિત્ર બની જતું. અહિંસક બની જતું.

ગરમીમાં સડક ઉપર રખડતું બાળક જ્યારે ઘરમાં આવી જાય ત્યારે તે શાંતિ પામે છે. એ જ રીતે બહાર વિષય-કષાયમાં ભટકતી મનોવૃત્તિ જો આત્મામાં રમણ કરવા માંડે તો એને શાંતિનો અનુભવ થાય છે.

શ્રી ઇન્દ્રભૂતિ ગૌતમને પણ સમવસરણમાં પ્રભુ મહાવીરદેવના દર્શન કરતાં એવી જ શાંતિનો અનુભવ થયો.

લક્ષ્યને ખાતર

દીપકની આસપાસ ચક્કર મારતા એક નાના પતંગિયાને જોઈને એક પ્રેમાતુર વ્યક્તિએ કહ્યું: "જુઓ... પતંગિયાની પ્રેમ-પિપાસા! પોતાના પ્રેમીને ખાતર પ્રાણ ન્યોચ્છાવર કરવા માટે તે કેવો તડપી રહ્યો છે?"

એક ઉદાસીન વૈરાગીએ કહ્યું: "આ તો નરી મૂઢતા છે!! રુપમાં મુંઝાયેલા માનવની જેમ આ પતંગિયું પણ દીપકના લાલ-પીળા ચળકાટમાં મુગ્ધ બનીને પ્રાણથી હાથ ધોવા તત્પર થયો છે!!"

બન્નેની વાત સાંભળીને એક વીર સાધક બોલ્યા: "પ્રેમ અને મોહની ભાષા તો તમારી છે. પતંગિયાને એનાથી શી લેવા-દેવા? એ તો પોતાના લક્ષ્યમાં સમાઈ જવા માટે ઉતાવળો થઈ રહ્યો છે. એની સમક્ષ પ્રાણોનું નહિ - લક્ષ્યનું જ મૂલ્ય છે.

# ૩

શ્રી ઇન્દ્રભૂતિ સમવસરણમાં પહોંચતા જ આવી દિવ્ય આનન્દ-અનુભૂતિને કરવા લાગ્યા. અને મનમાં ને મનમાં સમજી પણ ગયા કે આ તો સર્વગુણથી મંડિત તીર્થંકરદેવ જ છે જેનો ઉલ્લેખ ઋગ્વેદમાં આ રીતે કરવામાં આવ્યો છે:

**"श्रीऋषभादि-वर्धमानान्ता जिनाः**
**चतुर्विंशतितीर्थंकराणां शरणं प्रपद्ये।। वगेरे.**

આ જ રીતે વેદોમાં શ્રી શાંતિનાથ અને અરિહંત અરિષ્ટનેમિના મન્ત્રો પણ જોવા મળે છે. 'ઇસ્ટ એન્ડ વેસ્ટ' નામના પોતાના વિશ્વવિખ્યાત ગ્રન્થમાં ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ સ્વ. ડૉ. રાધાકૃષ્ણાને લખ્યું છે કે, "જૈન દર્શન એટલું પ્રાચીન છે; જેટલું વેદાન્ત દર્શન. જૈન ધર્મ પણ વૈદક ધર્મ જેટલો જ પ્રાચીન છે."

સર્વજ્ઞ પ્રભુ મહાવીરના દર્શન કરીને ઇન્દ્રભૂતિ મનમાં ને મનમાં વિચારવા લાગ્યા કે: 'અહીં હું ક્યાં આવી ચઢ્યો? વાદમાં આમને હરાવવા એ તો મારા માટે સાવ અસંભવ બાબત છે.'

'હવે હું શું કરું? જો પાછો ફરીશ તો લોકો કહેશે કે હારના ડરથી ભાગી છૂટ્યો! શિષ્યો ઉપર પણ એની ખરાબ અસર પડશે. અને વાદ કરવા માટે આગળ વધીશ તો પરાજય ભોગવવો પડશે. અને એથી આ જીવનમાં અને વાદીઓને જીતીને જે સુયશ મેં પ્રાપ્ત કર્યો છે. એ ધૂળમાં મળી જશે. હવે હું મારા મહત્ત્વની રક્ષા શી રીતે કરીશ? આ જ એક મોટો પ્રશ્ન છે!'

**कथं मया महत्त्वं मे,**
**रक्षणीयं पुरार्जितम्।**
**प्रासादं कीलिकाहेतो-**
**र्भङ्क्तुं को नाम वांछति?**

**सूत्रार्थी पुरुषो हारं,**
**कस्त्रोटपितुमीहते?**
**कः कामकलशस्यांशं**
**स्फोटयेत् ठिक्करी कृते?**
**भस्मने चन्दनं को वा**
**दहेद दुष्प्राप्यमप्यथ?**
**लोहार्थी को महाम्भौधौ**
**नौम कर्तुमिच्छति?**

'પૂર્વે ઉપાર્જેલા મારા સુયશનું/કીર્તિનું હું રક્ષણ શી રીતે કરીશ? એક ખીલો મેળવવા માટે આખો મહેલ કોઈ તોડી નાંખે ખરું?'

'દોરો પ્રાપ્ત કરવા માટે હાર કોઈ તોડી નાંખે ખરું? એક ઠીકરું મેળવવા કોઈ કામકુમ્ભને તોડી નાંખે ખરું? ખૂબ મુશ્કેલીથી મેળવાય તેવા ચન્દનને, રાખ પ્રાપ્ત કરવા કોઈ સળગાવી નાંખે ખરું? લોખંડનો ટુકડો મેળવવા માટે કોઈ મધદરિયે નાવને તોડી નાંખે ખરું?'

'કોઈ આવું મૂર્ખતા ભરેલું કાર્ય કરતું નથી, પરંતુ તીર્થંકર મહાવીરને જીતવા માટેના પ્રયાસમાં મેં અહીં આવીને એવી જ મૂર્ખતા કરી છે, જેવી ઉપરના ઉદાહરણોમાં વર્ણવવામાં આવી છે.'

પરંતુ આગળ વધવાના બદલે જો હું અહીં જ ઊભો રહીશ તો મારો શિષ્ય-સમુદાય સમજશે કે પરાજયના ભયને કારણે હું આગળ વધતો નથી. એટલે મારે તો કોઈ પણ સંજોગોમાં આગળ જ વધવું પડશે.

અને... કદાચ હું એમને ચર્ચામાં હરાવી શક્યો તો સર્વજ્ઞને જીતવા બદલ મારી કીર્તિને ચાર ચાંદ લાગી જશે. આ દેવો પણ મારો સત્કાર કરવા મંડી પડશે. મને વન્દન કરશે. ફરીથી હું સન્માનના સર્વોચ્ચ શિખર ઉપર પહોંચી જઈશ!! ખરેખર 'વિશ્વવિજેતા' બની જઈશ!!'

આ રીતે સુન્દર યશ મેળવવાના પ્રલોભને ઇન્દ્રભૂતિના મનમાં આશાનો સંચાર થયો. ચરણોમાં ગતિ (વેગ) આવી. ફળસ્વરૂપ ઇન્દ્રભૂતિ આગળ વધવા લાગ્યા.

આ બાજુ ઇન્દ્રભૂતિને નજદીક આવતાં જોઈને પ્રભુએ તેના નામ અને ગોત્રપૂર્વક ઉચ્ચારણ કરતાં મધુર સ્વરે કહ્યું: "હે ઇન્દ્રભૂતિ ગૌતમ! પધારો. કુશળ તો છો ને?"

ગૌતમ એ ઇન્દ્રભૂતિનું ગૌત્ર હતું. પ્રભુ મહાવીરદેવ સાથેની તેમની આ પ્રથમ જ મુલાકાત હતી. તેથી તે વિચારમાં પડી ગયો: "અરે! પૂર્વના પરિચય વગર આ મહાવીર મારું નામ ગોત્રસહિત કેવી રીતે જાણી ગયા હશે?"

પણ આ આશ્ચર્ય ક્ષણભર જ રહ્યું. કારણ કે તુરત જ પાછો એમને વિચાર આવ્યો કે: "મારું નામ તો આખી દુનિયામાં પ્રસિદ્ધ છે. સૂર્યને આ જગતમાં કોણ ન ઓળખે? અને જે રીતે મધુર સ્વરે ગોત્રસહિત મારું નામ બોલી મારું સ્વાગત કર્યું છે. તે તો ફક્ત મને પ્રભાવિત કરવા માટે જ છે આ વાત હું સમજુ નહિ એટલો અબોધ થોડો જ છું! આવી સાધારણ વાત ઉપરથી કોણપણ કોઈને સર્વજ્ઞ શી રીતે માની લે?"

અહંકારનું ભૂત ઇન્દ્રભૂતિના માથે ફરીથી સવાર થઈ ગયું! અહંકાર વ્યક્તિને આંધળો બનાવી દે છે. પોતાન લક્ષ્યથી દૂર ઘસડી જાય છે. એ જ્ઞાનના પ્રકાશથી જીવને વંચિત બનાવી દે છે. જ્ઞાનના અભાવમાં કેવો સંઘર્ષ થાય છે, તે જોઈએ.

આંખે કહ્યું: "હું જોવાનું કામ કરું છું. એટલે હું મોટી છું. મારા વગર લોકો 'આંધળા' કહેવાય છે."

કાને કહ્યું: "હું સાંભળવાનું કામ કરું છું. એટલે હું મહાન છું. મારા વિના લોકો 'બહેરા' કહેવાય છે."

નાકે કહ્યું: "હું સૂઘવાનું કામ કરું છું. અને ચહેરાની શોભા પણ વધારું છું. એટલે હું મહાન છું. મારા વગરનો માણસ 'નાકકટ્ટો' કહેવાય છે."

જીભે કહ્યું: "બધી ઇન્દ્રિયો એક જ જાતનું કામ કરે છે... પણ હું તો બે પ્રકારના કામ કરું છું. સ્વાદ લેવાનું અને બોલવાનું. એટલે હું મહાન! મારા વગરના લોકો 'ગૂંગા' કહેવાય છે."

હાથે કહ્યું: "સપ્લાય અને સિગ્નેચર આ બે કામ અમે પણ કરીએ છીએ. એટલે અમે મહાન છીએ. અમારા વગર લોકો 'લૂલા' કહેવાય છે."

પગે કહ્યું: "શરીર રૂપી આટલી મોટી બિલ્ડીંગને અમે જ સંભાળીએ છીએ. અમે હડતાલ ઉપર ઉતરી જઈએ તો બધું કામ અટકી જાય. અમારે લીધે જ આ બિલ્ડીંગ એક સ્થાનેથી બીજા સ્થાને આવ-જા કરી શકે છે. અમારામાંથી એક પણ તૂટી જાય તો લોકો 'લંગડા' કહેવાય છે.

પેટે કહ્યું: "હું ભોજન પચાવીને એનો સાર ગ્રહણ કરું છું. અને સાર વગરના અંશો બહાર કાઢી નાખું છું. પ્રત્યેક અંગને શક્તિ પહોંચાડું છું. એટલે જ 'હું સૌથી મહાન છું.' જો હું હડતાળ ઉપર ઉતરી જાઉ તો આખું શરીર કમજોર બની

જાય અને 'બીમારી' કહેવાય."

આમ શેઠ આત્મારામની પેઢી ઉપર મેનેજીંગ ડાયરેક્ટર બનવા માટે ભારે સંઘર્ષ ચાલી રહ્યો હતો. અહંકારના ઉદયના કારણે સહુ પોત-પોતાની મોટાઈ હાંકી રહ્યા હતા.

શેઠજી (આત્મા) એ સમયે સુષુપ્ત દશામાં હતા. ચૈતન્ય (આત્મા) ની સુષુપ્ત દશામાં જ અહંકાર આવી રીતે તાંડવ-નૃત્ય કરવા માંડે છે. નહિ તો એની તાકાત નથી કે પોતાનું માથું ઊંચકી શકે!

વિવેકની ગેરહાજરીમાં જ મનોવિકારનું જોર વધે છે. આત્મા કર્મથી કલૂષિત થાય છે. વિચાર દૂષિત થાય છે. શેઠ (આત્માએ) બહુ સમજાવ્યું પણ કોઈ માનવા તૈયાર થયું નહિ. છેવટે આત્મારામભાઈ એક સાધુ પાસે ગયા; પોતાની સમસ્યાને લઈને)

આજે તો આપણે એક 'ફેમીલી ડૉક્ટર' રાખીએ છીએ. કારણ કે એના વગર આપણું કામ જ ચાલતું નથી. અસત્ય બોલવું હશે તો વકીલના સહારાની જરુર પડશે. અસત્ય એટલું નબળું હોય છે કે પોતાના પગ ઉપર તે ઊભું પણ રહી શકતું નથી. એને ચાલવા માટે વકીલના પગની જરુર પડે છે!!

સ્વાદના લોભમાં ફસાઈને લોકો પેટને કચરાપેટી બનાવી દે છે. હોટેલમાં ખાવાનો ચસકો હોય તો પછી હોસ્પિટલમાં ટ્રાન્સફર થવું પણ પડે. પછી ફેમીલી ડૉક્ટર વગર તમને શી રીતે ચાલે?

આહાર સાત્ત્વિક ન હોય તો ફેમીલી ડૉક્ટરની જરૂર પડે છે. વ્યવહાર સાત્ત્વિક ન હોય તો ફેમીલી વકીલની જરુર પડે છે. એ જ રીતે હું તમને એક સલાહ આપવા માગું છું કે જો આચરણ સાત્ત્વિક ન હોય તો તમે તમારા એક 'ફેમીલી સાધુ'ની પસંદગી પણ કરી લેજો. જે સુખ-દુઃખમાં સાચા મિત્રની જેમ તમારા સહાયક બને. માર્ગદર્શક બને. કલ્યાણકાર્યના પ્રેરક બને.

શેઠ આત્મારામે સાધુની સલાહથી એક નોટીસ તૈયાર કરીને શરીરને મોકલી આપી. એમાં લખ્યું હતું: 'ચોવીસ કલાકમાં તમારી વચ્ચે એકતા નહિ થાય તો... સમસ્ત અંગો વચ્ચેના મતભેદો દૂર નહિ થાય તો... હું આ મકાન (શરીર) છોડીને કોઈ બીજા મકાનમાં ચાલ્યો જઈશ. ટ્રાન્સફર્ડ થઈ જઈશ.' જેવી નોટીસ મળી કે આંખ, કાન, નાક, જીભ, હાથ પગ અને પેટ-આ બધાએ એક ઇમરજન્સી મિટીંગ બોલાવી. વક્તાઓએ કહ્યું: "શેઠ આત્મારામ ચાલ્યા જશે તો ગજબ થઈ જશે. બધા તાગડધિન્ના બંધ થઈ જશે. લક્કડમાં (લાકડાને જલાવી નાંખતા) આપણી બધી અક્કડ (અહંકારિતા) ભક્ક (રાખ) થઈને ઊડી જશે.

એક કવિએ કહ્યું છે:

**"उछल लो कूद लो, जब तक है जोर नलियों में।**
**याद रखना इस तनकी; उडेगी खाक गलियों में।।"**

એટલે સંપીને-સમજીને રહેવામાં જ મઝા છે. પછી સર્વ-સમ્મતિ પૂર્વક નિર્ણય લેવાયો અને નોટિસનો જવાબ આ પ્રમાણે આપવામાં આવ્યો "આજથી અમે ક્યારે ય પરસ્પર અહંકારના કારણે સંઘર્ષ (ઝઘડો) નહિ કરીએ. એક-બીજાના પૂરક બનીને આપના દ્વારા સોંપાયેલા દરેક કાર્યને સંપીને-મળીને કરતા રહીશું. તમને કોઈ પ્રકારનું કષ્ટ પડવા દઈશું નહિ અને સદા સંગઠિત રહીશું."

નોટિસનો જવાબ મળ્યા બાદ શેઠ આત્મારામ ખૂબ સંતોષ પામ્યા.

તમે જરા તમારા શરીર તરફ જુઓ તો ખરા... આ પ્રાકૃતિક રચના ઉપર ધ્યાન આપો... પ્રત્યેક અંગ કેટલું સંતુલિત છો! કેટલું વિનીત છે! પરોપકાર પરાયણ છો!

ચાલતી વખતે પગમાં કાંટો ભોંકાઈ જાય ત્યારે હાથ પોતાની પાંચે આંગળીઓ દ્વારા સહસા કાંટો બહાર ખેંચી કાઢવા પ્રવૃત્ત થઈ જાય છે. એ સમયે તે પગના આમન્ત્રણની રાહ જોતો નથી. વગર બોલાવ્યે શા માટે જાઉં? એવો ઘમંડ એ વખતે એના મનમાં નથી હોતો. પરોપકારના પ્રસંગે આમન્ત્રણની પ્રતીક્ષા કે અપેક્ષા કેવી?

હાથ કાંટો કાઢવા પહોંચે છે ત્યારે આંખ પણ પોતાની ટોર્ચથી કાંટો વાગ્યો છે એ સ્થાન બરાબર બતાવે છે. મન પણ પોતાની ચંચળતાને છોડીને એ સ્થાન પર કેન્દ્રિત થઈ જાય છે. એ વિચારવા માંડે છે કે હું કેવી રીતે શરીરના દર્દનિવારણનો ઉપાય શોધી કાઢું? અને મારી સાર્થકતાને પ્રગટ કરું? કેવી એકાગ્રતા છે! કેવી એકતા છે! કેવી મંગલ ભાવના છે!! અહંકારના હાથી પરથી નીચે ઉતર્યા વગર આવી પરોપકાર-વૃત્તિ પ્રગટ થતી નથી.

જ્યાં અભિમાન હોય ત્યાં અરિહંતની ભક્તિનો લાભ મળી શકતો નથી. કહ્યું છે કે:

**लघुता से प्रभुता मिले;**
**प्रभुता से प्रभु दूर।**

ચાલતી વખતે ડાબો પગ આગળ વધીને પછી અટકી જાય છે. બીજા પગને કહે છે: 'ભાઈ! જમણા! તને છોડીને હું આગળ વધવા નથી માંગતો; તું આગળ ચાલ...' પછી જમણો પગ પણ એ જ રીતે આગળ વધીને અટકી જાય છે. અને

ડાબા પગને પ્રાર્થના કરે છે: 'ભાઈ! તમારે જ આગળ વધવું જોઈએ... પહેલા તમે ચાલો. પછી હું આવીશ.'

જોયો! બન્ને પગ વચ્ચેનો પ્રેમ! ક્યારે ય કોઈ સંઘર્ષ કે ઝઘડો થાય છે, બે વચ્ચે? બન્ને પરસ્પર પૂરક બનીને શરીરને લક્ષ્ય સુધી પહોંચાડી દે છે. ચરણની (પગની) આ પૂરકતા... પ્રેમળતા પ્રણામ કરવા યોગ્ય છે! અપનાવવા જેવી છે!!

અહંકારને દૂર રાખવામાં આવે તો જ આ સદ્ગુણ ઉત્પન્ન થાય... પરંતુ ઇન્દ્રભૂતિ માટે કાંઈક જુદી જ ઘટના બની ગઈ. એમના માટે ઝેર પણ અમૃત બની ગયું. 'પોઈઝન' પણ 'મેડિસિન' બની ગયું.

શાસ્ત્રકારોએ કહ્યુ છે: **अहंकारोऽपि बोधाय।**

અહંકાર પણ ઇન્દ્રભૂતિને માટે પ્રતિબોધનું કારણ બની ગયું. કેમકે અહંકારના કારણે તેઓ અરિહન્ત પ્રભુ શ્રી મહાવીર પાસે ગયા. અને તેમના પરિચયને પામવાનું નિમિત્ત અહંકાર બની ગયો!!

સાધારણ નિયમ એ છે કે સમર્પણ વગર... અહંકારનો ત્યાગ કર્યા વગર... નમ્રતાને અપનાવ્યા વગર કોઈ પ્રાપ્તિ થતી નથી.

નળમાંથી જળ (પાણી) મેળવવા માટે ઘડો ક્યાં મૂકવો જોઈએ? નળના માથા ઉપર મૂકવામાં આવે તો ઘડો ભરાય ખરો? કૂવામાંથી પાણી કાઢવા માટે બાલદી (ડોલ) રસ્સી વડે બાંધીને કૂવામાં ઉતારવી પડે. પછી ડોલને હલાવવી પડે... જેવી ડોલ (બાલદી) નમવા માંડે કે તરત જ પાણી અન્દર ભરાવા માંડે છે. જો ડોલ નમે નહિ, તો એમાં જળ ભરાય નહિ. બધો શ્રમ નિરર્થક જાય.

ટ્રેઈન પ્લેટફોર્મ પર ત્યારે જ પ્રવેશે છે, જ્યારે સિગ્નલ ઝૂકે છે. નમે છે. રાતના સ્વીચ 'ઓન' કરવાથી - નીચે પાડવાથી જ વીજળીનો પ્રકાશ રૂમમાં ફેલાય છે. સ્વીચ 'ઓફ' રહે; ઊંચી રહે; "ગર્વેણ, તુઙ્ગ શિર:" (ઘમંડથી માથું ઊંચું રહે.) તો રૂમમાં અંધકાર જ છવાયેલો રહે.

મન પણ આવી જ એક પ્રકારની 'સ્વીચ' છે. એના અક્ષરો ઉલટાવી દેશો તો 'નમ' બની જશે. મનમાં 'નમ'નો પ્રવેશ થતાં જ 'તમ' (અંધકાર) ભાગી જાય છે. નમસ્કારના આગમન સાથે જ આત્માને જ્ઞાનનો પ્રકાશ મળી જાય છે. આ પ્રકાશમાં આત્માને અન્તરના સુખનો/શાશ્વત આનન્દનો અનુભવ થાય છે.

જ્યાં સુધી શ્રી ઇન્દ્રભૂતિ નમવા તૈયાર થયા નહિ, ત્યાં સુધી જ્ઞાનથી વંચિત રહ્યા. જેવા નમ્ર બન્યા, તેવા જ નમનને યોગ્ય બની ગયા. વન્દનીય બની ગયા. એમનું અજ્ઞાન જ્ઞાનમાં પરિવર્તન પામી ગયું. વિકૃતિ જ આત્માની સંસ્કૃતિ બની ગઈ.

આ હતું વિનયનું ફળ.

# ૪.

શ્રી ઇન્દ્રભૂતિ સમવસરણમાં પહોંચી ગયા હતા. એમના મનમાં એક શંકા હતી. એ વિષે એમણે આજ સુધી કોઈને કાંઈ કહ્યું નહોતું. એ જિજ્ઞાસા વાસ્તવિક હતી. વિચારની ભૂમિકાએ ઉત્પન્ન થઈ હતી. શાસ્ત્રોનો સ્વાધ્યાય કરતા કરતા પેદા થઈ હતી.

ગંભીર પ્રશ્નનો ઉત્તર પણ ગંભીર પ્રભાવ પાડે છે. આ જ કારણે પ્રભુ મહાવીરના ઉત્તરથી ઇન્દ્રભૂતિ આટલા બધા પ્રભાવિત થઈ ગયા અને તે જ ક્ષણે એમના શિષ્ય બની ગયા.

કેટલાક લોકો અધૂરા પ્રશ્ન લઈને આવે છે, તો વળી કેટલાક બીજા પાસેથી ઉધાર લીધેલા પ્રશ્નો લઈને આવે છે. આવા લોકોને ઉચિત સમાધાન મળતું નથી. કેટલીકવાર તો પ્રશ્ન પૂછનાર પોતે જ જાણતો નથી હોતો કે પોતે શું પૂછી રહ્યો છે? પ્રશ્નમાં આગળ-પાછળનો કોઈ મેળ જ હોતો નથી.

ઉચિત સમાધાન એ જ પ્રશ્નનું થઈ શકે જેને વિચાર અને ચિંતનની નક્કર પાર્શ્વભૂમિકા પ્રાપ્ત થઈ હોય! પ્રશ્ન નિરાધાર નહિ, પણ સાધાર હોવો જોઈએ. પ્યાસ અસલી હોય તો જ તે બુઝાવી શકાય. જિજ્ઞાસા અને પ્યાસ ઉધાર મળતી નથી. પાણી પીવડાવનારા તો બહુ મળશે પણ પ્યાસ ક્યાંથી લાવશો? એ જ રીતે ઉપદેશકો અને પંડિતો તો ઘણા મળી જશે... પરંતુ સાચી જિજ્ઞાસા ક્યાંથી લાવશો? એ તો તમારી અંદરથી જ નીકળવી જોઈએ.

ઉત્તર પ્રશ્નની પ્રકૃતિ અનુસાર જ અપાય છે. જેવો પ્રશ્ન એવો ઉત્તર!

એક દિવસ પ્રોફેસર મફતલાલે ફિલોસોફી ભણાવતી વખતે એક પ્રશ્ન વિદ્યાર્થીઓને પૂછ્યો: "જો હું દિલ્હી જવા માટે હવાઈ-જહાજમાં બેસીને નીકળું અને મારું જહાજ કલાકના ત્રણસો કિલોમીટરની ઝડપે ઉડતું હોય તો કહો કે મારી ઉમર કેટલી હશે?"

પ્રશ્ન સાંભળીને બધા વિચારમાં પડી ગયા. કારણ કે પ્રશ્ન જ વિચાર્યા વગર પૂછાયેલો હતો. ગણિતનું કોઈ સૂત્ર એવું ન હતું; કોઈ ફોર્મ્યુલા એવી ન હતી કે જે આ ઉટપટાંગ સવાલને ઉકેલવામાં મદદરૂપ બની શકે! બધા એક-બીજા સામું જોવા માંડ્યા. આવો વિચિત્ર કોયડો તો કોઈએ આજ સુધી સાંભળ્યો ન હતો.

છેવટે એક વિદ્યાર્થી હિમ્મત કરીને ઊભો થયો: "સર! તમે ખોટું ન લગાડો તો હું તમારા પ્રશ્નનો જવાબ આપું!"

"અરે! એમાં ખોટું શું લગાડવાનું? ઉલટું પ્રશ્નનો જવાબ સાંભળીને મને આનન્દ થશે. તું નિશ્ચિંત થઈને જવાબ આપ." પ્રોફેસર સાહેબે કહ્યું અને જવાબ સાંભળવા માટે ઉત્સુક-નજરે એની સામે જોવા લાગ્યા.

વિદ્યાર્થીએ કહ્યું: "સર! આપની ઉંમર તે વખતે ચુમ્માળીશ વર્ષની હોવી જોઈએ."

પ્રસન્ન-સ્વરે પ્રો. મફતલાલ બોલ્યા: "તદ્દન ખરું મારી ઉમ્મર ચુમ્માલીશ વર્ષની જ છે. પરંતુ કઈ ફોર્મ્યુલાના આધારે તેં આ જવાબ શોધી કાઢ્યો? કારણ કે કેટલાય મહિનાથી આ કોયડો મને સતાવતો હતો. એ ઉકેલવા મને કોઈ ફોર્મ્યુલા મળતી ન હતી. અને તે તો એક જ મિનિટમાં એનો સાચો જવાબ શોધી આપ્યો!!!"

વિદ્યાર્થીએ કહ્યું: "ફોર્મ્યુલા વિષે ના પૂછો! જવાબથી જ સંતોષ માનો તો સારું! ફોર્મ્યુલા સાંભળીને તમે ગુસ્સે થઈ જશો."

"હું કહું છું કે હું તારી ફોર્મ્યુલા સાંભળીને જરા યે ગુસ્સે નહિ થાઉં. તું તારે જરાય ગભરાયા વગર કહી દે!" પ્રોફેસર બોલ્યા.

વિદ્યાર્થીએ કહ્યું: "તો સાંભળો... મારો ભાઈ આખો દિવસ આવા જ સવાલો પૂછ્યા કરતો હોય છે. અમે ઘણા ડૉક્ટરોને બતાવ્યું. સાયકોલોજિસ્ટને પણ બતાવ્યું. વૈદ્યોને બતાવ્યું. બધાની તપાસનો એક જ સાર નીકળ્યો કે તે હાફ-મેડ (અર્ધ-પાગલ) છે. અને એની ઉમ્મર બાવીશ વર્ષની છે. એટલે તમારી ચુમ્માળીશ વર્ષની હોવી જોઈએ. કેમકે બાવીશના ડબલ ચુમ્માળીશ થાય છે. (બે "હાફ" ને મેળવવાથી એક "ફુલ" બને છે. એટલે કે તમે "ફુલ-મેડ" છો.)

કહેવાનો આશય એ છે કે પ્રશ્ન જો ખોટો હોય તો ઉત્તર પણ ખોટો જ મળશે. પ્રભુ મહાવીરદેવની સામે ઊભેલા ઇન્દ્રભૂતિ વિચાર કરે છે કે ગોત્રસહિત મારું નામ તો જગમશહૂર છે. એટલે આપણે પણ જાણી લીધુ. એમાં કોઈ મોટી વાત નથી. ફક્ત આટલી જ વાત એમની સર્વજ્ઞતા સાબિત કરવા માટે પૂરતી નથી. હા... જો તેઓ મારા મનમાં છુપાયેલી પેલી શંકા વિષે જાણી લે તો હું એમ માનું કે મારી સામે સાક્ષાત્ સર્વજ્ઞ વિરાજમાન છે.

એટલામાં જ પ્રભુ મધુર સ્વરે બોલ્યા: "મને ખબર છે કે તમને એક શંકા વર્ષોથી પરેશાન કરી રહી છે... એ શંકા એ છે કે જીવ અર્થાત્ આત્માનું અસ્તિત્વ છે કે નહિ? આ શંકાનો આધાર પરસ્પર વિરોધી એવા વેદવાક્યો છે.

"એક જગ્યાએ વેદમાં કહ્યું છે કે:

**विज्ञानघन एवैतेभ्यो न/तेभ्यः समुत्थाय**
**तान्येवानु विनश्यति, न प्रेत्य-संज्ञाऽस्ति।।**

"તમે આનો અર્થ આ રીતે કરો છો:-

"વિજ્ઞાનઘન (ગમન-આગમન વગેરે ચેષ્ટાવાળો, ચૈતન્યના પિંડરૂપ આત્મા) જ આ (પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને આકાશ નામના પાંચ) મહાભૂતોમાંથી ઉત્પન્ન થાય છે અને નષ્ટ થતા નષ્ટ થઈ જાય છે. મર્યા પછી સંજ્ઞા (જીવ) રહેતી નથી.

"આ અર્થના આધારે તમે સમજો છો કે જીવનું સ્વતન્ત્ર અસ્તિત્વ નથી. જળમાં પરપોટા સમાન અથવા મદ્યાંગોમાં (શરાબ બનાવવા માટે સડાવીને ભેગા કરેલા પદાર્થોમાં) મદશક્તિ એટલે કે નશાની જેમ પાંચ મહાભૂતોમાંથી જીવ ઉત્પન્ન થાય છે અને એમાં જ વિલીન થઈ જાય છે. મૃત્યુ પછી એનું અસ્તિત્વ રહેતું નથી.

"બીજા કોઈ સ્થાને વેદમાં કહ્યું છે કે:-

**"स वै अयमात्त्मा ज्ञानमयो मनोमयो**
**वाङ्मयश्चक्षुर्मय आकाशमयो वायुमय-**
**स्तेजोमय आपोमयः पृथ्वीमयः क्रोध-**
**मयोऽ क्रोधमयो हर्षमय श्शोकमयो धर्ममयोऽधर्ममयः।।**

"અહીં આત્માનો વિસ્તૃત પરિચય આપીને એના અસ્તિત્વની પણ ઘોષણા કરવામાં આવી છે. આ રીતે પરસ્પર વિરોધી એવા વેદવાક્યોના કારણે તમારા મનમાં શંકા ઉત્પન્ન થઈ ગઈ છે કે જીવનું (આત્માનું) અસ્તિત્વ ખરેખર છે કે નહિ? મારી વાત સાચી છે ને?"

આ સાંભળીને ઇન્દ્રભૂતિ ચક્તિ થઈ ગયો... પ્રભુએ જાણે એમની દુઃખની રગ જ દબાવી... મનનો સંદેહ સૌની સામે ખુલ્લો પડી જવાથી એમની અલ્પજ્ઞતા પ્રગટ થઈ ગઈ. આથી એમનો ગર્વ ઓગળવા લાગ્યો.

તેમ છતાં ઇન્દ્રભૂતિ પોતાના મનને સમજાવવા માંડ્યા: ‘કદાચ વેદોના અધ્યયન દરમ્યાન એમના મનમાં પણ આ જ રીતે સન્દેહ ઉત્પન્ન થયો હોય, જે મારા મનમાં પ્રગટ થયો છે. એટલે ફક્ત સંદેહ પ્રગટ કરવા માત્રથી આમને સર્વજ્ઞ માની લેવા એ નર્યું ભોળપણ છે. જો તેઓ મારા સંદેહનું નિવારણ કરી આપે... મારી શંકાનું સમાધાન કરી આપે... મારા પ્રશ્નનો સાચો ઉત્તર આપે... મને સંશય-મુક્ત કરે... તો હું જરૂરથી એમને ‘સર્વજ્ઞ’ માની લઉં...

કોઈકે કહ્યું પણ છે ને...

**यस्याग्रे न गलति संशयः समूलो**
**नैवासौ क्वचिदपि पण्डितो क्तिमेति।।**

[જેની સામે આપણો સંશય મૂળસહિત નાશ ન પામે, એને સાચા અર્થમાં 'પણ્ડિત' કહી શકાય નહિ.]

ઇન્દ્રભૂતિએ મોં ખોલ્યું: "જી હા! મારા મનમાં તમે કહ્યું એવી જ શંકા જીવના અસ્તિત્વ વિષે છે. એનું નિવારણ તમે કઈ રીતે કરશો? છે કોઈ એનો તમારી પાસે જવાબ? હોય તો આપો. નહિ તો હું તમને 'સર્વજ્ઞ' માની શકું નહિ."

પ્રભુએ કહ્યું: "સર્વજ્ઞતાનું અસ્તિત્વ કોઈના માનવા - ન માનવા ઉપર નિર્ભર નથી. જરૂર માનવાની નહિ, પણ જાણવાની છે. વેદવાક્ય તો સાચું જ છે. પણ તમે એનો જે અર્થ સમજો છો એ બરાબર નથી.

સાચો અર્થ આ મુજબ છે:

**"विज्ञानघन इति कोऽर्थः?**

**विज्ञानघनो ज्ञानदर्शनोपयोगात्मकं विज्ञानम्, तन्मयत्वादात्मापि विज्ञानधनः, प्रतिप्रदेशं अनन्तज्ञानं पर्यायात्मकत्वात्, स च विज्ञानघनः उपयोगात्मकः आत्मा कथंचिद् भूतेभ्यस्तद्विविकारेभ्यो वा घटादिभ्यः समुत्तिष्ठते उत्पद्यते इत्यर्थः।**

**घटादिज्ञानपरिणतो हि जीवो घटादिभ्म एव हेतुभूतेभ्यो भवति, घटादिज्ञानपरिणामस्य घटादिवस्तुसापेक्षात्वात्। एवं चैतेभ्यः प्रमेयेभ्यो भूतेभ्यो घटादिवस्तुभ्यस्तत्तदुपयोगतया जीवः समुत्थाय समुत्पद्य तान्येवानुविनश्यति कोऽर्थः? तस्मिन् घटादौ वस्तुनि नष्टे व्यवहिते वा जीवोऽपि तदुपयोगरूपतया न श्यति, अन्योपयोगरूपतपा उत्पद्यते, सामान्यरूपतया वा अवतिष्ठते। ततश्च न प्रेत्य संज्ञास्ति कोऽर्थः न प्राक्तनी घटाद्युपयोगरूपा संज्ञा अवर्तिष्ठते वर्तमानोपयोगेन तस्याः नार्शित्वाद् इति।"**

અર્થ:- વિજ્ઞાનઘનનો અર્થ શો છે? જ્ઞાન-દર્શન અને ઉપયોગ સ્વરૂપ જે વિજ્ઞાન છે એ જ વિજ્ઞાનઘન છે. અને એનાથી યુક્ત હોવાથી આત્મા પણ વિજ્ઞાનઘન છે. પ્રત્યેક પ્રદેશમાં પર્યાયાત્મક હોવાથી જ્ઞાન અનંત છે. એ વિજ્ઞાનઘન અર્થાત્ ઉપયોગત્મક આત્મા ગમે તે રીતે ભૂતો (પૃથ્વી, જલ વગેરે વડે અથવા ઘટપટાદિ વિકારો (વસ્તુઓ) થી ઉત્પન્ન થાય છે.

ઘટાદિ જ્ઞાન પરિણામ ઘટાદિ વસ્તુ સાપેક્ષ હોવાના કારણે ઘટાદિ હેતુઓના લીધે જીવ ઘટાદિ જ્ઞાનમાં પરિણામ પામે છે. આ રીતે ભૂતો (ઘટાદિ વસ્તુઓ) દ્વારા ઉત્પન્ન થઈને જીવ ઘટાદિ વસ્તુઓનો નાશ થવાથી અથવા વ્યવહિત થવાથી (છુપાઈ જવાથી અથવા સામેથી હટી જવાથી) તદ્દુપયોગ રૂપે નષ્ટ થઈ જાય છે. અન્ય ઉપયોગરૂપે ઉત્પન્ન થાય છે. અને સામાન્યરૂપે સ્થિર રહે છે.

એ પછી '**न प्रेत्यसंज्ञाऽस्ति**' નો શો અર્થ છે? વર્તમાન ઉપયોગ નષ્ટ થઈ જવાના કારણે પહેલા જેવી ઘટાદિ ઉપયોગરૂપ સંજ્ઞા રહેતી નથી.

આ રીતે પ્રભુના વચનોથી ઇન્દ્રભૂતિનો સંશય નિર્મૂળ થઈ જવાથી તેઓ પોતના પાંચસો શિષ્યો સાથે પ્રભુના શિષ્ય બની ગયા... તેમણે શ્રમણ-ધર્મ સ્વીકારી લીધો.

પ્રારંભમાં ઇન્દ્રભૂતિ જે રીતે ધર્મશાસ્ત્રોના શબ્દોમાં અટવાઈ ગયો તેવી જ રીતે મોટા ભાગના લોકો અટવાઈ જાય છે. અને મૂળરૂપ હેતુ ચૂકી જાય છે. શેઠ મફતલાલ એક વાર એક મેળામાં ગયા. રાતનો સમય હતા. ધ્યાન રહ્યુ નહિ અને ચાલતા ચાલતા એક કૂવામાં પડી ગયા. કૂવો બહુ મોટો ન હતો. પણ એમાંથી બહાર નીકળવા માટે સીડી પણ નહોતી. એટલે મફતલાલ ગભરાઈ ગયા. અને ચીસો પાડવા માંડ્યા: 'બચાવો! બચાવો! મને બહાર કાઢો.'

એક સંન્યાસીએ આ બૂમાબૂમ સાંભળીને કહ્યું: "ભાઈ! ભગવાને તને જે સજા આપી છે, એ પ્રેમથી ભોગવી લે... કષ્ટ સહન કરવાથી કર્મનો ક્ષય થશે. સંસારની સેન્ટ્રલ જેલમાંથી છૂટી જઈશ. એટલે બહાર આવવાની કોશિશ ન કર."

આમ કહીને સંન્યાસી ત્યાંથી ચાલ્યા ગયા એટલે એક નેતાજી આવી પહોંચ્યા. અવાજ સાંભળીને બોલ્યા: "શેઠજી! કૂવા પર પાળી ન હોવાથી તમે અંદર પડી ગયા. આ પ્રશ્ન તમારા એકલાનો નથી. ભારતના હજારો ગામડાઓમાં આવા ખતરનાક કૂવાઓ છે. જેના ઉપર પાળ નથી. આગ્રાની સંસદની બેઠકમાં હું આ અંગે એક બીલ રજુ કરીશ કે ભારતના બધા કૂવાઓ પર પાળ બનાવી દેવામાં આવે. જેથી ભવિષ્યમાં આવી કોઈ દુર્ઘટના બને નહિ. તમે ચિંતા કરો નહિ."

શેઠજી બોલ્યા: "અરે! ભાઈ! બીલ જ્યારે પાસ થવાનું હશે ત્યારે થશે. પણ હમણાં તો મને મદદ કરો. નહિ તો હું મરી જઈશ."

નેતાજી કહે: "તો તો વધારે સારું. તમારી શહીદીથી તો મારા બીલમાં નવો પ્રાણ ફૂંકાશે. અને એ તરત પાસ થઈ જશે." એટલું કરીને નેતાજીએ ચાલવા માંડ્યું.

થોડી વાર રહીને ત્યાં એક ધર્મશ્રદ્ધાળુ ભક્ત આવી પહોંચ્યો. કૂવામાંથી 'બચાવો... બચાવો' ની બૂમ સાંભળીને એણે ખભા પરથી રસ્સી ઉતારીને કૂવામાં નાંખી અને શેઠને કહ્યું: "તમે રસ્સીને બરાબર જોરથી પકડી લો. હું તમને ખેંચીને બહાર કાઢું છું. અમારા ધર્મશાસ્ત્રમાં લખ્યું છે કે કૂવામાં પડેલા માણસને બહાર કાઢવાથી ઘણું પુણ્ય મળે છે. સ્વર્ગની

પ્રાપ્તિ થાય છે. વર્ષોથી હું ખભે આ દોરડાનો ભાર ઊંચકીને રખડતો રહ્યો છું. હજારો કૂવાઓ પાસેથી પસાર થયો હોઈશ પણ કોઈ કૂવામાં માણસ પડેલો દેખાયો નહિ. આજે પહેલા તમે જ મળ્યા. હું ધન્ય બની ગયો: મારું જીવન સફળ થઈ ગયું. મારી મહેનત ફળી."

"ધન્યવાદ!" કહીને શેઠજીએ દોરડું પકડી લીધું. શ્રદ્ધાળુએ શેઠને ખેંચીને બહાર કાઢ્યા. શેઠ રાહતનો શ્વાસ લઈ રહ્યા હતા. ત્યાં જ પેલા શ્રદ્ધાળુંએ એમને ફરીથી ધક્કો મારીને કૂવામાં નાંખી દીધા.

શેઠજીએ પૂછ્યું: "અરે ભાઈ! મને કૂવામાં નાંખવો જ હતો, તો પછી બહાર કાઢ્યો શા માટે?"

શ્રદ્ધાળું બોલ્યો: "બીજી વાર બહાર કાઢવા માટે... આ રીતે તમને હું અનેક વાર કૂવામાં નાંખીને બહાર કાઢીશ. જેથી સ્વર્ગમાં મારી 'સીટ' પાકી થઈ જાય. સુનિશ્ચિત બની જાય."

શેઠજી બોલ્યા: "પરંતુ હું તો ઘાયલ થઈ જઈશ. અથડાઈ-કૂટાઈને મરી જઈશ."

"તમારા ઘાયલ થવાની કે મરવાની અહીં પરવા કરે જ છે કોણ? મારે તો પુણ્ય કમાવવું છે... સ્વર્ગમાં જવું છે... માંડ માંડ આવી તક મળી છે. અને હું શા માટે હાથમાંથી જવા દઉં!"

આ છે શબ્દોની ઉલઝન... તમે જાણો છો? વેદ, ગીતા, કુરાન, બાઈબલ, પિટક વગેરે કોઈ પણ ધર્મગ્રન્થ આપણને પવિત્ર કેમ બનાવી શકતા નથી?

શબ્દોની ઉલઝન જ આનું એક માત્ર કારણ છે. શબ્દોમાં છુપાયેલા પ્રાણતત્ત્વને આપણે સ્પર્શી શક્તા નથી. શ્રી ઇન્દ્રભૂતિને પણ વેદના શબ્દોનો પરિચય હતો પરંતુ એના તત્ત્વાર્થનો બોધ ન હતો. આથી જ પરસ્પરના વિરોધી વાક્યોની ઉલઝનમાં પડી ગયા.

પ્રભુનો સમ્પર્ક થયો ન હોત તો તેઓ જીવનભર આ ઉલઝનમાં જ પડ્યા રહેત!

# ૫.

શ્રી ઇન્દ્રભૂતિની ઉલઝનનું કારણ શું હતું ('અનેકાન્તદૃષ્ટિ'નો અભાવ. 'એકાન્ત' સંઘર્ષનું કારણ બને છે. અને 'અનેકાન્ત' સંઘર્ષને દૂર કરે છે. અનેકાન્તવાદી એકમાં અનેકને જુએ છે અને અનેકમાં એકને)

વિશ્વ એક છે એટલે એમને માટે આપણે એક વચનનો પ્રયોગ કરીએ છીએ. કિન્તુ વિશ્વમાં દેશ અનેક છે. દેશમાં પ્રદેશો અનેક છે. પ્રદેશમાં સંભાગ અનેક છે. સંભાગમાં જિલ્લા અનેક છે. જિલ્લામાં તાલુકા અનેક છે. તાલુકામાં ગામ અનેક છે. ગામમાં ઘર અનેક છે. ઘરમાં રૂમ અનેક છે. રૂમમાં રહેનારા લોકો અનેક છે. અને રહેનારા એ દરેક લોકોના વિચારો અનેક છે.

પ્રભુએ આચારાંગ સૂત્રમાં કહ્યું છે:

**"जे एगं जाणइ से सव्वं जाणइ,**
**जे सव्वं जाणइ से एगं जाणइ।।**

[જે એકને (આત્માને) જાણે છે; તે સહુને જાણે છે. અને જે સહુને જાણે છે તે એકને જાણે છે.]

ઘણા લોકો એમ સમજે છે કે 'સ્યાદ્વાદ' (અનેકાન્તવાદ) એ સંશયવાદ છે. પરંતુ એમની એ સમજણ ભ્રમપૂર્ણ છે. કારણ કે સંશયમાં બન્ને કોટિઓનો (પક્ષનો) અનિશ્ચય હોય છે.

જેમકે: "આ રજત (ચાંદી) છે કે છીપ?" આ પ્રકારના સંશયમાં ન તો ચાંદી (રજત) હોવા અંગે નિશ્ચય છે કે ન તો છીપ અંગે!

આનાથી ઉલટું: સ્યાદ્વાદમાં તો બન્ને કોટિઓનો (પક્ષોનો) નિશ્ચય હોય છે. જો ગ્લાસ દૂધથી પૂરો ભરેલો ન હોય તો, ત્યારે તેને જોઈને એક માણસ કહે છે: "ગ્લાસ અડધો ખાલી છે." જ્યારે બીજો માણસ કહે છે: "ના, ગ્લાસ અડધો ભરેલો છે." તો આ બેમાંથી તમે કોની વાતને ખોટી ગણશો? બન્ને વાત પરસ્પર વિરુદ્ધ લાગતી હોવા છતાં તે બન્ને સાચી છે. બન્ને કોટિઓ (પક્ષો) જ્યાં નિશ્ચિત હોય ત્યાં સંશય શી રીતે કહી શકાય?

અનેકાંતવાદી બહુ વિવેકી હોય છે. એના ઉત્તરથી કોઈ અપ્રસન્ન થતું નથી.

એક રાજાએ સ્વપ્નમાં જોયું કે એની બત્રીસી પડી ગઈ છે. સવારે ઉઠતાની સાથે જ રાજાએ સ્વપ્નફળ કહેનારા વિદ્વાનોને બોલાવ્યા.

એકે કહ્યું: "તમારા બધા કુટુમ્બીઓ તમારી નજર સામે જ મૃત્યુ પામશે." આ સાંભળીને રાજા ખૂબ ઉદાસ થઈ ગયો.

તે જે ક્ષણે બીજો વિદ્વાન બોલી ઉઠ્યો: "તમારા તમામ કુટુમ્બીજનોમાંથી તમારું આયુષ્ય સૌથી વધુ છે."

આ સાંભળીને રાજા ખુશ થઈ ગયો. પહેલા વિદ્વાને જે વાત કરી હતી તે જ વાત બીજા વિદ્વાને પણ કહી. બન્નેનો કહેવાનો ફલિતાર્થ એક સરખો હતો. પરંતુ બન્નેની કહેવાની રીત જુદી જુદી હતી.

શાસ્ત્રાર્થમાં ક્યારેક ધૂર્તની સામે ધૂર્તતા (ઠગની સામે ઠગાઈ) વાપરવી પડે છે. એક ગામમાં એક દંડભારતી નામના

પંડિત રહેતા હતા. આંધળાઓમાં કાણો હોય તે રાજા ગણાય છે તે જ રીતે એ સાધારણ ભણેલો હતો. પણ ગામના અભણ-મૂર્ખાઓમાં તે મહાપંડિત કહેવાતો હતો.

કેટલાય શાસ્ત્રાર્થમાં આ દંડભારતી જીતી ચૂક્યો હતો. આગંતુકને જીતવા માટે તે એક પ્રશ્ન પૂછતો: "ખવ્વા-ખૈયા ખૈયા" અને કહેતો કે આની વ્યાખ્યા કરો. અને જો વ્યાખ્યા કરી શકો તેમ ન હો તો તમારા પોથી-પત્તાં સોંપીને ચાલતા થઈ જાઓ.

હકીકત એ હતી કે કોઈ શાસ્ત્રોમાં આનો અર્થ હતો જ નહિ. આથી ઘણા આગન્તુકો હારીને ચાલ્યા ગયા હતા.

આ દંડ ભારતીની કીર્તિ એક વિદ્વાનના કાને પહોંચી. એ વિદ્વાન દંડભારતી સાથે શાસ્ત્રાર્થ કરવા આવ્યો. ગ્રામજનોની હાજરીમાં શાસ્ત્રાર્થ શરૂ થયો. ગ્રામજનો શાસ્ત્રર્થ સાંભળીને હાર-જીતનો નિર્ણય કરવાના હતા. બન્ને વચ્ચે શરત એ જ થઈ કે જે હારે એણે જીતનારાને પોતાનો તમામ સામાન સોંપી દેવો.

દંડભારતીએ આગંતુકને પૂછ્યું: "આપનું નામ?"

"લટ્ઠભારતી" પેલાએ જવાબ આપ્યો.

દંડભારતીએ કહ્યું: "પહેલાં આપ આપનો પ્રશ્ન પૂછો. એનો હું જવાબ આપીશ. અને પછી મારો પ્રશ્ન હું પૂછીશ."

લટ્ઠભારતીએ કહ્યું: "વેદ ચાર હોય છે; એ વાતનું તમે ખંડન કરો."

દંડભારતીએ જવાબ આપ્યો: "કોઈ ઘરમાં માત્ર પુરુષ જ નથી હોતો. સ્ત્રીઓ પણ હોય છે. અને બાળકો પણ હોય છે. એ જ રીતે ચાર વેદોની સાથે એની ચાર પત્નીઓ અને ચાર બાળકો પણ હશે. એટલે વેદ કુલ બાર થઈ ગયા; ચાર નહિ.

"થઈ ગયું તમારી વાતનું ખંડન! હવે મારો સવાલ: **"खव्वा खैया खैया"** આ પદની વ્યાખ્યા કરો."

તરત જ લટ્ઠભારતી બોલ્યો: "આ પદ સંદર્ભરહિત છે. પહેલાં... ખોદૈ ખુદૈયા... બોવૈ બુવૈયા... સીંચૈ સીંચૈયા... ઉગૈ ઉગૈયા... કાટૈ કટૈયા... પીસૈ પીસૈયા... બેલૈ બિલૈયા... સેકૈ સિકૈયા આદિ પ્રક્રિયાની પછી છેલ્લે "ખવ્વા ખૈયા ખૈયા" એમ આવે."

ગ્રામજનોએ નિર્ણય આપી દીધો: "લટ્ઠભારતી જીતી ગયા છે." આથી શરત મુજબ દંડભારતીને પોતાના ઘરનો તમામ સામાન આપીને ગામ છોડીને ભાગવું પડ્યું.

સ્વામી વિવેકાનન્દને અમેરિકામાં કોઈએ પૂછ્યું: "તમે જોડા અમેરિકન કેમ પહેર્યા છે? તમે તો ભારતીય સંસ્કૃતિને ઉત્તમ સમજો છો... તો તમે જોડા શા માટે ભારતીય નથી પહેર્યા?"

એમણે જવાબ આપ્યો." મસ્તિષ્ક આખા શરીરનું માલિક હોય છે. એ માથામાં હોય છે... એટલે મેં માથે ભારતીય સાફો પહેર્યો છે. પરંતુ પગ શરીરના સેવક છે. જોડા પગનું રક્ષણ કરે છે. એટલે તે સેવકના પણ સેવક છે. સેવક તો કોઈ પણ દેશનો હોઈ શકે છે. એટલે જ મેં પગમાં અમેરિકન જોડા પહેર્યા છે."

પ્રશ્નકર્તા ચૂપ થઈ ગયો.

એ જ અમેરિકામાં એક પાદરીએ ટેબલ ઉપર ઘણા બધા ધર્મગ્રન્થો એક ઉપર એક ગોઠવી દીધા. એણે જાણી જોઈને સૌથી નીચે 'ભગવદ્‌ગીતા' મૂકી. અને સૌથી ઉપર બાઈબલ.

પછી સ્વામીજીને એ ટેબલ પાસે લઈ ગયા. ત્યાંની ગોઠવણ જોઈને સ્વામીજી બોલી ઉઠ્યા: "ગુડ ફાઉન્ડેશન... પાયો મજબૂત છે. ગીતાને ત્યાંથી હટાવતા નહિ... નહિ તો તમારું બધું સાહિત્ય ભોંયભેગું થઈ જશે... બાઈબલ પણ..." પાદરીએ શરમાવું પડ્યું.

અમેરિકામાં એક વકીલે એક વખત સ્વામીજીને પૂછ્યું: "આત્માનું અસ્તિત્વ હોય તો મને બતાવો."

સ્વામીજીએ એક સોય મંગાવી અને વકીલના હાથમાં જરા ભોંકી. વકીલ ચીસ પાડી ઉઠ્યા: "અરે! અરે! આ શું કરો છો? મને વેદના થાય છે..."

"ક્યાં છે વેદના? મને પ્રત્યક્ષ બતાવો." સ્વામીજીએ કહ્યું.

"વેદના તો અનુભવની ચીજ છે. એને પ્રત્યક્ષ કઈ રીતે બતાવી શકાય?" વકીલે કહ્યું.

"વેદનાની જેમ આત્મા પણ અનુભવની ચીજ છે. એને પ્રત્યક્ષ બતાવી શકાય નહિ." સ્વામીજીએ કહ્યું.

પાણી જામીને બરફ થઈ જાય તો એમાં પ્રતિબિમ્બ જોઈ શકાતું નથી. ફાનસની ચીમની ધૂમાડાને લીધે કાળી પડી જાય તો પ્રકાશ બહાર આવી શકતો નથી. એ જ રીતે જ્યાં સુધી મન વિષય-કષાયથી મલિન રહે છે ત્યાં સુધી આત્માના પ્રકાશનો - આનન્દનો અનુભવ કરી શકતો નથી. મન નિર્મળ બને છે. આરાધના અને સાધના દ્વારા.

એ વકીલની જેમ ઇન્દ્રભૂતિને પણ આત્માનું જ્ઞાન નહોતું. પ્રભુની કૃપાથી એમને એ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થયું.

ટ્રેઇનને જુઓ... એ કેટલી લાંબી-પહોળી અને શક્તિશાળી હોય છે!! પણ જો ડ્રાઇવર અસાવધ હોય અને આગળ પૂલ તૂટેલો હોય તો ટ્રેન પોતાને બચાવી શકે છે? ના... ભયંકર દુર્ઘટના સર્જાઈ જશે.

આનાથી ઉલટું: નાનકડી કીડી આવનારા ખતરાથી પોતાનું રક્ષણ કરી શકે છે. એ તૂટેલા પૂલ પરથી નીચે ખાબકતી નથી. કીડીમાં જે એ એના ચૈતન્યની શક્તિ છે.

બીજું ઉદાહરણ કૂતરાનું લઈ શકાય. જો તમે તમારા હાથે એને રોટલી આપશો તો એ નિર્ભય બનીને ખાશે... પ્રેમથી પૂંછડી હલાવશે. અને સંતોષ પ્રગટ કરતી અનેક ચેષ્ટાઓ કરશે.

પરંતુ તમે એને આખો દિવસ ભૂખ્યો રાખો. પછી રસોડામાં રોટલીનો ડબ્બો ખુલ્લો રાખીને દૂર ચાલ્યા જાવ અને પછી જુઓ... છુપાઈને કૂતરાની ગતિવિધિનું નિરીક્ષણ કરો તો તમે જોશો કે ભૂખ સહન નહિ કરી શકવાથી કૂતરો આમ-તેમ જોતો બે પગ વચ્ચે પૂંછડી દબાવી છાનો માનો આવશે અને મોંમાં રોટલી ઊંચકીને તત્કાળ ત્યાંથી ભાગી છૂટશે. ત્યાં ઊભા ઊભા ખાવાની હિંમત તે નહિ કરે.

ભસી ભસીને બીજા પર આક્રમણ કરનારા બહાદૂર કૂતરામાં આ કમજોરી ક્યાંથી આવી? પશુયોનિમાં હોવા છતાં એ એટલું તો સમજે જ છે કે હું ખોટું કામ કરી રહ્યો છું. જો મારી ચોરી પકડાઈ જશે તો બરાબર માર પડશે. કૂતરાની આ સમજ એનામાં રહેલા આત્માના અસ્તિત્વની સાબિતી છે.

જ્યારે પાંદડા હાલે છે ત્યારે ખબર પડે છે કે પવન વાય છે. પવન પ્રત્યક્ષ દેખાતો નથી. પણ એનું અસ્તિત્વ કોણ નકારી શકે? કાર્ય ઉપરથી કારણનું અનુમાન થાય છે.

એક સ્કૂલમાં વિજ્ઞાનનું પ્રદર્શન યોજાયું હતું એ જોવા ત્રણસો વસ્તુઓના આવિષ્કારક એડિસન પણ વેશ બદલીને પહોંચી ગયા. ત્યાં એમણે વિદ્યાર્થીઓને પૂછ્યું: "વીજળી શું છે?"

વિદ્યાર્થીઓ એનો જવાબ આપી શકતા નથી. એમણે પ્રોફેસરને પૂછ્યું. પ્રોફેસરે પ્રિન્સીપાલને પૂછ્યું. પણ કોઈ એનો જવાબ આપી શક્યું નહિ. અંતે પ્રિન્સીપાલ ત્યાં આવ્યા. અને આગંતુક દર્શકને કહ્યું: "જુઓ... વીજળીની શક્તિથી ઘણા કાર્યો થાય છે. પંખા ચાલે છે. લાઈટો સળગે છે. હિટર ગરમ થાય છે. અનેક મશીનો સક્રિય થાય છે. આ રીતે કાર્ય ઉપરથી કારણનું અનુમાન થઈ શકે છે. પણ વીજળીને અમે પ્રત્યક્ષ જોઈ નથી.

"એક લાખ છયાંસી હજાર માઈલની ઝડપે એ વાયરમાં દોડે છે. પણ પ્રત્યક્ષ દેખાતી નથી. તમે તમારું સરનામું લખાવી દો. કારણ કે ઇલેક્ટ્રીકસીટી શું છે તે અમે જાણતા નથી. એના શોધક છે મિ. એડિસન. અમે એમને પૂછીને તમને ફોન ઉપર જણાવી દઈશું."

છેવટે આગંતુકે કહ્યું: "હું જ એડિસન છું પરંતુ હું પોતે પણ નથી જાણતો કે વીજળી શું છે? જે જવાબ તમે આપ્યો એ જ હું આપી શકું કે કાર્ય ઉપરથી કારણનું અનુમાન કરી લેવું જોઇએ."

આ જ જવાબ આત્માના અસ્તિત્વને સમજવા માટે પણ કામ લાગે તેવો છે. શરીરની સમસ્ત ચેષ્ટાઓનું કારણ એ જ છે. એની હાજરીમાં જ આંખ જુએ છે. કાન સાંભળે છે. નાક સૂંઘે છે. જીભ ચાખે છે. પેટ પચાવે છે. અને હાથ-પગ ચાલે છે.

આત્મા ચાલ્યો જાય તો શરીર નિશ્ચેષ્ટ બની જાય છે. પછી આંખ, કાન, નાક વગેરે કોઈ અંગ કામ કરી શકતું નથી. આ ઉપરથી સિદ્ધ થાય છે કે શરીરમાં જે શક્તિ છે - ચેતના છે એ જ આત્મા છે.

તબલા ગાયકની ભૂલ પકડી પાડે છે. ગાતી વખતે તમે કોઈ ભૂલ કરશો તો તબલા તરત જ તમારી ભૂલ બતાડી દેશે. તબલા સંગીતનો ચોકીદાર છે. એ જ રીતે તર્ક પણ સત્યનો ચોકીદાર છે.

બડે મિયાં ખાવા-પીવાના શોખીન હતા. એક દિવસ એક કિલોગ્રામ દૂધ લાવીને બીબીને આપતાં કહ્યું: "જલદીથી ખીર બનાવી દે... મેં એક દોસ્તને આમન્ત્રણ આપીને બોલાવેલ છે. ખીર સરસ બનાવજે. હું દોસ્તની સાથે બાર વાગ્યા સુધીમાં આવી જઈશ."

મિયાં ચાલ્યા ગયા. બીબીએ ખીર બનાવી. કેવી બની છે એ જોવા એણે થોડી ખીર ચાખી. ખીર એટલી બધી સ્વાદિષ્ટ બની હતી કે એનાથી રહેવાયું નહિ... એટલે એ એકલી જ બધી ખીર ઝાપટી ગઈ.

બાર વાગે મિયાં દોસ્ત સાથે આવીને જમવા બેઠા... પણ થાળીમાં ખીર જોઈ નહિ એટલે બોલી ઉઠ્યા: "કેમ ખીર બનાવી નથી?"

"કેવી રીતે બનાવું? આ તમારી પ્યારી બિલાડી બધું દૂધ પી ગઈ..." બીબી મિયાંએ પાળેલી બિલાડી બતાવતાં બોલી.

આ સાંભળતાં જ મિયાં ઊઠીને બહાર ચાલ્યા અને એક વાણિયાને ત્યાંથી ત્રાજવા-કાટલા લઈ આવ્યા. ત્રાજવાના એક પલ્લામાં બિલાડીને બેસાડી અને એનું વજન કર્યું. તો બરાબર એક કિલોગ્રામ થયું.

એટલે મિયાંએ બીબીને ધમકાવીને પૂછ્યું: "આ એક કિલોગ્રામ દૂધ હતું તો પછી બિલાડી ક્યાં છે? અને આ બિલાડી હોય તો પછી દૂધ ક્યાં છે?"

આમ તર્કના આધારે આંકડી ખુલી ગઈ. બીબીએ ભૂલ કબૂલ કરીને માફી માંગી.

કહેવાનો આશય એ છે કે સિદ્ધાન્તની રક્ષા માટે, એમાં કોઈ ખોટી વાત પ્રવેશી ન જાય એની ચોકીદારી માટે સમ્યક્

તર્કનો ઉપયોગ કરવામાં આવે છે. શાસ્ત્રોના પરસ્પર વિરોધી વચનોનો સમન્વય પણ એના ઉપયોગ વડે જ થઈ શકે છે.

"વિજ્ઞાનધન..." વગેરે વેદ-પદોથી જ્યાં એક બાજુ એમ કહ્યું કે, પાણીના પરપોટાની જેમ પંચ મહાભૂતોમાંથી ઉત્પન્ન થયેલું શરીર મૃત્યુ પામતાં ફરી એમાં જ વિલીન થઈ જાય છે. એટલે આત્મા નામના કોઈ અલગ પદાર્થ રહેતો નથી. તો વળી બીજી ઋચાઓમાં આત્માના અસ્તિત્વ વિષે કહેવાયું છે. જેમકે...**"स वै अयं आत्मा ज्ञानमयः। अग्निहोत्रं जुहुयात् स्वर्गकामः। नायमात्मा बलहीनेन लभ्यः। सत्येन न लभ्यस्तपसा हयेषः"** વગેરે. એ રીતે અનેક ઋચાઓમાં આવતો આત્માનો ઉલ્લેખ એવું સિદ્ધ કરે છે. **"विज्ञानघन एवैतेभ्यो भूतेभ्यः"** વગેરે પદોનો કોઈ અલગ અર્થ હોવો જોઈએ. એ અલગ અર્થ પ્રભુએ ઇન્દ્રભૂતિને સમજાવ્યો. અને તેઓ 'પ્રત્યુત્પન્નમતિ' હોવાથી તત્કાળ તે અર્થ સમજી પણ ગયા.

ચાણક્યે સાચું જ કહ્યું છે:

**जले तैलं खले गुहयं**
**पात्रे दानं मनागपि।**
**प्राज्ञे शास्त्रं स्वयं याति**
**विस्तारं वस्तु-शक्तितः।।**

જળમાં તેલનું એક બુંદ નાંખતા જ એ જે રીતે સપાટી ઊપર ફેલાઈ જાય છે; દુષ્ટ માણસને નાનકડી ખાનગી વાત કહેતાં એ લોકોમાં જેમ તરત જ ફેલાઈ જાય છે; અને સુપાત્રને આપેલું થોડું પણ દાન જેમ પુણ્યપ્રાપ્તિનું કારણ બને છે; તે જ રીતે બુદ્ધિમાનને શાસ્ત્રનું સાચું જ્ઞાન આપવામાં આવે તો તે પોતાની વસ્તુશક્તિ (મહત્તા) ના કારણે એને બહુ વિસ્તારપૂર્વક સમજી લે છે.

શ્રી ઇન્દ્રભૂતિ શું સમજ્યા? તે હવે આપણે છટ્ઠા પ્રકરણમાં જોઈશું.

તૃષ્ણાની વિડંબના

એક વૃદ્ધ પુરુષ મૃત્યુ-શય્યા પર તરફડતો હતો.
ડૉક્ટરોએ જવાબ આપી દીધો.
પરિવારના લોકો ચારે બાજુ ચિંતાતુર-હૈયે બેઠા હતા.
વૃદ્ધે એકવાર આંખ ખોલી અને...
ચિંતાતુર બનીને પૂછ્યું: "મારી પત્ની કયાં છે?"
પત્નીએ ધરપત આપતાં કહ્યું.
"હું આપના ચરણોમાં જ બેઠી છું. ગભરાઓ નહીં."
વૃદ્ધે બીજો પ્રશ્ન પૂછ્યો:
"મોટો દીકરો ક્યાં છે?"
"હા... પિતાજી! હું અહીં જ છું." મોટો પુત્ર બોલ્યો.
"વચલો દીકરો?"
"હું પણ આપની પાસે જ છું. ચિંતા ન કરો.
હવે ભગવાનનું નામ-સ્મરણ કરો." વચલો પુત્ર બોલ્યો.
"અને નાનો પુત્ર?"
"હું અહીં જ છું: પિતાજી!"
"નાલાયકો!"....
"બધા અહીં જ જામી પડ્યા છો તો...
દુકાને કોણ ગયું છે?"
વૃદ્ધે ક્રોધભર્યા સ્વરે કહ્યું.
માનવની લાલસા અને તૃષ્ણાની આ કેવી વિડંબના છે!"
મૃત્યુની શય્યા પર રહેલા હોવા છતાં માનવીનું મન દુકાનમાં જ ચોંટેલું છે!!!

# ૬.

શ્રી ઇન્દ્રભૂતિને આત્માના વિષયમાં સન્દેહ હતો. પરન્તુ આ સન્દેહ જ આત્માના અસ્વિને પ્રમાણિત કરી દે છે. કારણ કે જે વસ્તુનો સન્દેહ હોય તે વસ્તુનું અસ્તિત્વ ક્યાંક ને ક્યાંક જરૂર હોય છે.

રાત્રે દૂરથી કોઈ આવતું હોય તો આપણને સન્દેહ થાય છે કે: 'આવનાર માણસ હશે કે પશુ?' ચમકતી કોઈ વસ્તુને જોઈને એવો સન્દેહ થાય છે કે 'આ ચાંદી હશે કે છીપ?' અથવા આછા અંધકારમાં રસ્તામાં પડેલી લાંબી વસ્તુને જોઈને

એ સન્દેહ થાય છે કે: 'આ દોરડું હશે કે સાપ?'

આ બધા સન્દેહોમાં મનુષ્ય, પશુ, ચાંદી, છીપ, દોરડું અને સાપ આ બધાનું અસ્તિત્વ ક્યાંક ને ક્યાંક જરૂર છે. જો આત્માના અસ્તિત્વનો અભાવ હોત તો ઇન્દ્રભૂતિને એના વિષે સન્દેહ હોત જ નહિ.

જેમ સંદેહ જ્ઞાનનો પ્રકાર છે. એ જ રીતે સ્મૃતિ, ઇચ્છા, તર્ક, જિજ્ઞાસા, બોધ, વગેરે પણ જ્ઞાનના પ્રકાર છે. જ્ઞાન એક ગુહા છે. ગુણ 'ગુણી' વગર રહી શકતો નથી. ગુણ હોય તો 'ગુણી' અવશ્ય હોવો જોઈએ... અને એ ગુણી એટલે જ આત્મા.

મડદામાં હર્ષ-શોક, સુખ-દુ:ખ વગેરેનો અનુભવ થતો નથી. આ અનુભવ જેને થાય છે એ જ આત્મા છે.

લાશનું શરીર પણ જીવિત પ્રાણી જેવું જ હોય છે... પણ એ કોઈ કાર્ય કરી શકતું નથી. આત્માનો અભાવ જ એને નિષ્ક્રિય બનાવી દે છે.

'હું હતો. હું છું અને હું હોઇશ.' આ પ્રકારની ત્રૈકાલિક (ત્રણ કાળ સમ્બન્ધી) પ્રતીતિ સૌને થાય છે. એ પણ આત્માના અસ્તિત્વને પ્રામાણિત કરે છે.

'ઘડો નથી' આ વાક્ય જ ઘડાના અસ્તિત્વનું પ્રમાણ પ્રસ્તુત કરે છે. કારણ કે ઘડો ભલે ઘરમાં નથી પણ કુંભારને ત્યાં તો છે જ. એ જ રીતે 'આત્મા નથી' એ વાક્ય જ આત્માના અસ્તિત્વનું પ્રમાણ પ્રસ્તુત કરે છે. કારણ કે જડ પદાર્થમાં કે મડદામાં ભલે આત્મા નથી. જીવતા પ્રાણીઓના શરીરમાં તો એ છે જ.

જેવી રીતે મુખમાંથી નીકળેલો શબ્દ સંભળાય છે. પણ દેખાતો નથી. એ જ રીતે આત્મા અરૂપી (અમૂર્ત) હોવાથી દેખાતો નથી. પરંતુ એનો અનુભવ તો થતો રહે છે.

અમાસના પ્રગાઢ અંધકારમાં, જ્યાં આપણું શરીર પણ આપણે જોઈ શકતા નથી; ત્યાં પણ 'હું છું' એવો અનુભવ તો થાય જ છે. આ જ આત્માની બહુ મોટી સાબિતી છે. અંધારામાં 'અમુક વસ્તુ છે કે નહિ?' એવો સંદેહ જરૂર થઈ શકે છે પણ 'હું છું કે નહિ? એવો સંદેહ ક્યારે ય ઉત્પન્ન થતો નથી.

સવારે ઉઠતાની સાથે જ આપણે એવો અનુભવ કરીએ છીએ કે રાતના પ્રગાઢ ઊંઘ આવી... અથવા તો ચિત્ર-વિચિત્ર સ્વપ્નાં આવ્યાં. આ ઊંઘનો અનુભવ કે સ્વપ્નાં જોનાર આત્મા જ હોય છે.

'હું સુખી છું. હું દુ:ખી છું. આ શરીર મારું છે.' આવો અનુભવ આત્માને જ થાય છે. જડ પદાર્થોને નહિ.

જેવી રીતે આગ વગર ધૂમાડાનું અસ્તિત્વ નથી હોતું, તે જ રીતે ભોગી વગર ભોગ્યનું અસ્તિત્વ નથી હોતું. શરીર ભોગ્ય છે... એટલે જ તેના ભોગી તરીકે આત્મા હોવાનું સિદ્ધ થાય છે.

શરીર શું છે? પગ રૂપી બે થાંભલા ઉપર ઊભેલો એક મહેલ છે. જેને આંખ, નાક, કાન આદિ ઝરુખાઓ છે. પેટ એ રસોડું છે. મૂત્રાલય છે. સંડાસ પણ છે. આ મહેલની દેખરેખ કરનાર, આ મહેલમાં નિવાસ કરનાર, આ મહેલનો માલિક કોણ છે? આત્મા.

આત્મા શરીરનો માલિક છે. મન મેનેજર છે. કડવી દવા ભાવતી નથી. પણ બિમારી વખતે પીવી પડે છે. કોણ પીવડાવે છે? તે વખતે મીઠાઈ ખાવાની ઇચ્છા થાય છે છતાં કડવી ક્વિનાઈન ખાવાની પ્રેરણા કોણ આપે છે? આત્મા.

ઇન્દ્રિયો વચ્ચે મતભેદ થઈ જાય... ઝઘડો થઈ જાય... ત્યારે ન્યાય કોણ કરે છે? આંખ જેને ખાંડ કહે અને જીભ જો મીઠું ગણે તો આખરી નિર્ણય કોણ કરે છે? આત્મા.

ધન, તિજોરી, શરીર વગેરે પોતે પોતાની જાત પર મમતા રાખી શકતા નથી. જેમ કે મારું ધન. મારી તિજોરી, મારું શરીર વગેરે. 'મારું શરીર' એવી મમતા જે રાખે છે તે જ આત્મા છે.

સ્વાદિષ્ટ રસોઈ પીરસેલી થાળી તમારી સામે છે. તમે સળવળતી જીભે ખાવાની શરૂઆત કરો છો, ત્યાં જ ટેલિફોન આવ્યો કે ભાવ ગગડી જવાથી વેપારમાં મોટી ખોટ ગઈ છે. આ સૂચના સાંભળતાં જ તમે 'ઉદાસ' થઈ જાઓ છો. થાળી છોડીને ઊભા થઈ જાઓ છો. અને માથે હાથ દઈને આરામ-ખુરશી પર બેસી જાઓ છો. વિચારો... શોક મગ્ન કોણ થયું? દુ:ખ કોને થયું? આત્માને... શરીર તો આરામમાં જ હતું.

આખા હાથને સડો લાગી ન જાય એ માટે, ડૉક્ટર આંગળી કાપી નાંખે છે. દર્દ દૂર થઈ જાય છે. પણ જીવનભર 'હાય... મારી આંગળી ચાલી ગઈ...' આવો વિચાર કોણ કરે છે? એક આંગળીના અભાવનો અનુભવ કોને થાય છે? આત્માને.

એક માતા બે બાળકને એક સાથે જન્મ આપે છે. એક સરખા પ્રેમથી બન્નેને પાળે છે. દૂધ પીવડાવે છે. ખવડાવે છે. એક જ સ્કૂલમાં ભણવા પણ મૂકે છે. તેમ છતાં બન્નેના સ્વભાવમાં ફેર હોય છે. કેમ? કારણ કે બન્ને છોકરાઓના શરીરમાં આત્મા જુદો જુદો વસે છે.

સત્ (વિદ્યમાન) પદાર્થનો પ્રતિપક્ષ પણ સત્ હોય છે. 'અજીવ' (જડ પદાર્થ) સત્ હોય તો એનો પ્રતિપક્ષ (વિરોધી પદાર્થ) 'જીવ' પણ સત્ હોવો જોઇએ. વ્યાપાર માટે આરામનો, બિમાર પુત્ર માટે વ્યાપારનો અને પત્ની માટે પુત્રનો પણ

ત્યાગ કરવામાં આવે છે. પરંતુ ઘરમાં જ્યારે આગ લાગી હોય ત્યારે એ જ પત્નીને છોડીને માણસ પોતાનો જીવ બચાવવા તત્ક્ષણ બહાર ભાગી છૂટે છે.

આ ઉપરથી સાબિત થાય છે કે પ્રાણી માત્રને સૌથી વ્હાલો પોતાનો આત્મા જ છે. એને સુખ, શાંતિ, લાભ, સન્માન ગમે છે. અને દુ:ખ, અશાન્તિ, હાનિ, અપમાન ગમતા નથી.

શાસ્ત્રકાર આત્માનું લક્ષણ બતાવતા કહે છે:

**यः कर्ता कर्म भेदानाम्,**
**भोक्ता कर्म-फलस्य च।**
**संसर्ता परिनिर्वाता,**
**स हयात्मा नान्यलक्षणः।।**

જે આઠ કર્મોનો કર્તા છે. કર્મના ફળનો ભોક્તા છે. જે સંસારમાં ભટકે છે. અને નિર્વાણ પામે છે. એ આત્મા જ છે. એનું બીજું કોઈ લક્ષણ નથી. શ્રી ઇન્દ્રભૂતિ વિસ્તારથી આ બધું સમજી ગયા. કારણ કે બુદ્ધિમાન હતા. જો આંધળાને કહેવામાં આવે કે લાઈટ બહુ સુન્દર છે, તો તે શું સમજશે? પૂછશે... જિજ્ઞાસા પ્રગટ કરશે. પરન્તુ એની જિજ્ઞાસાનું પુરું સમાધાન થઈ શકશે નહિ.

લાઈટની પ્રશંસા સાંભળીને એક આંધળાએ પૂછ્યું: "લાઈટ કેવી હોય છે.?"

"વ્હાઈટ"

"વ્હાઈટ કેવી?"

"દૂધ જેવી."

"દૂધ કેવું હોય છે?"

"બગલાની પાંખ જેવું."

"બગલો કેવો હોય છે?"

જવાબ આપનાર માણસે પોતાનો હાથ વાંકો કરીને આંધળાને પોતાના હાથનો સ્પર્શ કરાવતા કહ્યું: "જેની ગરદન આવી વાંકી હોય તેને બગલો કહે છે." આંધળો ખુશ થતો બોલ્યો: "હવે હું સમજી ગયો કે લાઈટ આવી વાંકી હોય છે."

પેલો માણસ સમજી ગયો કે આને આ રીતે સમજાવવું બેકાર છે. તે એને ડૉક્ટર પાસે લઈ જાય છે. ડૉક્ટર એની આંખોનું ઓપરેશન કરી નાંખે છે. ઓપરેશન સફળ થાય છે. જેવો એની આંખો પરનો પાટો દૂર થાય છે, એ દેખતો થઈ જાય છે, પછી એને પ્રકાશ વિષે સમજાવવાની જરૂર ખરી? પ્રકાશનો યથાર્થ પરિચય પામ્યા પછી, પ્રકાશ વિષેનો પ્રશ્ન જ શાન્ત થઈ જાય છે. એની જિજ્ઞાસા સદાને માટે શાન્ત બની જાય છે.

આ જ રીતે આત્મા વિષે શબ્દો દ્વારા ક્યારે ય સમજાવી શકાય નહિ.

**"शब्दजालं महारण्यं**
**चित्तभ्रमण कारणम्।।**

શબ્દોની ભીડ ઘોર જંગલની જેમ શ્રોતાઓના ચિત્તને ભ્રમજાળમાં ફસાવી દે છે. આત્મા ના જિજ્ઞાસુ માટે શબ્દજાળ બહુ ખતરનાક છે.

કોઈ પૂછે કે ઘીનો સ્વાદ કેવો હોય છે? તો કોઈ શબ્દોથી સમજાવી શકે? જવાબ એ જ હોઈ શકે કે તમે ચાખી જુઓ એટલે એનો સ્વાદ જાણી જશો. પછી એ વિષે કોઈને પૂછવું નહિ પડે. આત્માનો અનુભવ પણ સાધનાના માધ્યમથી સાધકે જાતે જ કરવો.

જો કે શબ્દો દ્વારા આત્માનો યથાર્થ પરિચય આપી શકાતો નથી. છતાં જ્યાં શબ્દોના લીધે સંશય ઊભો થયો છે ત્યાં એને શબ્દોના માધ્યમથી દૂર કરી શકાય.

પ્રભુ મહાવીરદેવે આ જ કર્યું. શ્રી ઇન્દ્રભૂતિને વેદના પદોને લીધે આત્મા વિષે સંશય ઉત્પન્ન થયો હતો. પ્રભુએ વેદનો તિરસ્કાર કર્યો નહિ. જો આપણી દૃષ્ટિ સમ્યક્ હોય તો કોઈ ધર્મશાસ્ત્રનો અનાદર કરવાની જરૂર નથી. અનેકાન્તના સિદ્ધાન્ત દ્વારા પરસ્પર વિરોધી એવી બાબતોનો પણ સમન્વય સાધી શકાય છે.

સર્વજ્ઞ હોવા છતાં પ્રભુએ એમ ન કહ્યું કે: 'હું સર્વજ્ઞ છું. એટલે મારી વાત માની લો.' સર્વજ્ઞ હોવાનું તલમાત્ર અભિમાન પણ તેમનામાં નહોતું. વેદોને એમણે ખોટા ન કહ્યા. પણ વેદના પદોનો જ વાસ્તવિક અર્થ સમજાવ્યો. તેઓએ કહ્યું: "હે ગૌતમ ઇન્દ્રભૂતિ! જેવી રીતે સામાન્ય મનુષ્ય પરમાણુને જાણતો નથી. પણ જ્ઞાની જાણે છે. એ જ રીતે આત્માને પણ એ જાણે છે. તે બીજાને સમજાવવા માટે અનુમાન પ્રમાણનો પ્રયોગ કરે છે.

**"अस्ति आत्मा शुद्धपद वाच्यत्वात् घटवत्।।"**

શુદ્ધ (અસંયુક્ત) પદ 'ઘટ' છે. તો તે 'ઘટ' પદથી વાચ્ય છે. 'ઘટ' અર્થ (વસ્તુ) પણ છે. એ જ રીતે શુદ્ધ (અસંયુક્ત)

પદ 'આત્મા' છે. તો તે આત્મપદથી વાચ્ય છે. અર્થાત્ આત્મપદથી જાણી શકાય તેવો અર્થ આત્મા છે.

**"विज्ञानघन एवैभ्यो भूतेभ्यः समुत्थाय तान्येवानुविनश्यति"**

આ વેદવાક્યનો આશય આ છે કે જીવને ઘટ-પટ વગેરે વસ્તુઓ જોવાથી જે જ્ઞાન ઉત્પન્ન થાય છે; તે જ્ઞાન ઘટ-પટાદિ વસ્તુઓ દૂર થતાંની સાથે જ ચાલ્યું જાય છે. **"न प्रेत्य संज्ञास्ति"** જે પહેલાની જ્ઞાન સંજ્ઞા હતી, તે હવે નથી રહી. ઘટનું જ્ઞાન ઘટ પૂરતું જ રહે છે. પટના જ્ઞાનમાં ઘટ-જ્ઞાનનો કોઈ ઉપયોગ નથી. ઘટને જોયા બાદ પટ (વસ્ત્ર) સામે આવ્યો તો ઘટનું જ્ઞાન વિલીન થઈ ગયું. પટના જ્ઞાને એનું સ્થાન લઈ લીધું. આ જ રીતે પટ (વસ્ત્ર) પછી મુગુટ સામે આવી જાય તો પટનું જ્ઞાન વિલીન થઈ જાય છે. અને એના સ્થાને મુગુટનું જ્ઞાન પ્રગટ થઈ જાય છે. આત્મા સ્થિર છે. પરન્તુ વસ્તુ સાપેક્ષ જ્ઞાન અસ્થિર છે. (સ્થિર નથી.) પરિવર્તનશીલ છે. જ્ઞાન એ આત્માનો પર્યાય છે. જે સતત પરિવર્તન પામ્યા જ કરે છે.

જો **"विज्ञानघन..."** આ ઋચાનો અર્થ એવો કરવામાં આવે કે મૃત્યુ પછી આત્મા પંચ મહાભૂતોમાં વિલીન થઈ જાય છે... તો **'साधुकारी साधुर्भवति'** (સારા કાર્ય કરનારો પરલોકમાં સાધુ-સજ્જન થાય છે.) અને **'पापकारी पापी भवति'** (પાપ-ખરાબ કામ - કરનારો પરલોકમાં પાપી પાપી (દુષ્ટ) થાય છે) આ વૈદિક ઋચાઓની સંગતિ કેવી રીતે બેસશે?

જો મરી જતાં શરીરની સાથે સાથે આત્મા પણ નષ્ટ થઈ જતો હોય, તો પરલોકમાં "સાધુ" અગર "પાપી" તરીકે જન્મ કોણ લેશે?

આ જ રીતે યજુર્વેદની પણ એક ઋચા છે... **"दकारत्रयं यो वेत्ति स जीवः"** (દમન, દયા અને દાન આ ત્રણ 'દકારોને' જે જાણે છે તે જીવ છે.) આ ત્રણ 'દકાર'ને શરીર જાણી શકતું નથી. જીવ જ તેને જાણી શકે છે.

આની પુષ્ટિ (સમર્થન) માટે એક અનુમાન પ્રમાણ આ પણ આપી શકાય...

**"विद्यमानभोक्तृकमिदं शरीरं भोग्यत्वाद्, ओदनादिवत्।"**

શરીર ઓદન (ભાત) વગેરેની જેમ ભોગ્ય છે. આથી એનો ભોક્તા પણ છે જ. અને એ જ આત્મા છે.

શરીરમાં રહેતો હોવા છતાં શરીરથી આત્મા જુદો કેવી રીતે છે, તે માટે કહ્યું છે:

**"क्षीरे वृतं तिले तेलम्,**
**काष्ठेऽग्निःच सौरभं सुमे।**
**चन्द्रकान्ते सुधा यद्वत्,**
**तथात्माऽङ्गतः पृथक्।।"**

દૂધમાં જેવી રીતે ઘી છે, તલમાં તેલ છે. લાકડામાં આગ છે. ફૂલમાં સુગંધ છે. અને ચન્દ્રકાન્ત મણિમાં અમૃત રહે છે. એ રીતે શરીરમાં વ્યાપ્ત આત્મા એનાથી પૃથગ્ (જુદો) હોવા છતાં પણ શરીરમાં રહે છે.

પ્રભુએ કરેલા સ્પષ્ટીકરણથી શ્રી ઇન્દ્રભૂતિના હૃદયમાં વર્ષોથી છુપાયેલી આત્મા વિષેની શંકા દૂર થઈ ગઈ. એટલે તરત જ એમણે આત્મસમર્પણ કરી દીધું. અને પોતાના પાંચસો શિષ્યો સાથે તત્કાળ પ્રવ્રજ્યા (દીક્ષા) લઈ લીધી. એ સહુએ દીક્ષા આપીને પ્રભુએ ત્રિપદીનો બોધ આપ્યો.

**"उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं हि सत्।।"** જેની ઉત્પત્તિ થાય છે. અમુક કાળ જે સ્થિર રહે છે. અને જેનો નાશ થાય છે. તે સત્ (વિદ્યમાન-અસ્તિત્વવાળો) પદાર્થ છે.

ઉપર્યુક્ત ત્રિપદીના આધારે શ્રી ઇન્દ્રભૂતિએ **"द्वदशांगी"** ની રચના કરી. પ્રભુના સર્વ પ્રથમ શિષ્ય શ્રી ઇન્દ્રભૂતિ ગૌતમસ્વામીજીને કોટિશઃ વન્દના!

# ધર્મ

ધર્મ કાંઈ સંપ્રદાયમાં, સંઘર્ષમાં કે વાદવિવાદમાં નથી પરંતુ કોઈ પણ ઇચ્છા, એવા અભાવમાં ધર્મ સમાયો છે.

# ૭.

**तं च प्रव्रजितं श्रुत्वा.**
**दध्यौ तद्बान्धवोऽपरः।**
**अपि जातु द्रवेदद्रि -**
**र्हिमानी प्रज्वलेदपि।।**
**वन्हिः शीतः स्थिरो वायुः,**
**सम्भवेन्न तु बान्धवः।**
**हारयेदिति पप्रच्छ,**
**लोका न श्रादधत् भृशम्।।**

શ્રી ઇન્દ્રભૂતિના બીજા ભાઈ હતા અગ્નિભૂતિ. એણે જ્યારે સાંભળ્યું કે 'મોટા ભાઈ ઇન્દ્રભૂતિ મહાશ્રમણ શ્રી મહાવીરના શિષ્ય બની ગયા છે. પ્રવ્રજિત બની ગયા છે.' ત્યારે એમને આ વાત પર વિશ્વાસ ન બેઠો.

એણે માન્યું કે કોઈક વિરોધીઓએ મને અશાંત બનાવવા માટે આ અફવા ફેલાવી હશે... કારણ કે મારા મોટા ભાઈ તો વિશ્વ-વિખ્યાત વિદ્વાન છે.

પહાડ ભલે ઊભો ઊભો જ પીગળી જાય... હિમાની (બરફનો ડુંગર) ભલે સળગીને ખાખ થઈ જાય... આગ ભલે શીત (ઠંડી) બની જાય... અને હવા ભલે સ્થિર થઈ જાય... પરંતુ મારા ભાઈ શાસ્ત્રાર્થમાં પરાજિત થઈ જાય એ કદાપિ સંભવિત નથી.

આથી ભાઈના પરાજયની વાત પર વિશ્વાસ ન કરતા અગ્નિભૂતિ આવનારા લોકોને વારંવાર પૂછે છે... એ એટલા માટે કે કોઈક તો મને સાચી ખબર આપશે કે મોટાભાઈ હારીને નહિ, પરંતુ જીતીને આવી રહ્યા છે.

પરંતુ બધાની પાસેથી જ્યારે એક સરખો જ જવાબ મળ્યો. ત્યારે અગ્નિ ભૂતિએ માનવુ પડ્યું કે બે-ચાર લોકો જૂઠ્ઠું બોલે. પણ બધા જ માણસો કાંઈ જૂઠ ન જ બોલે!

**ततश्च निश्चये जाते,**
**चिन्तयामास चेतसि।**
**गत्वा जित्वा च तं धूर्तं,**
**वालयामि सहोदरम्।।**

જ્યારે પોતાના મોટાભાઈના પરાજયના સમાચાર સાચા હોવાનું નિશ્ચિત થઈ ગયું ત્યારે અગ્નિભૂતિએ વિચાર્યું. 'એ કોઈ જાદૂગર હોવો જોઈએ. જે સૌને ભ્રમમાં નાખીને પોતાની જાળમાં ફસાવીને સંમોહિત કરી લે છે. પરંતુ હું એના ચક્કરમાં ફસાવાનો નથી. હમણાં જ જઈને હું એની સાન ઠેકાણે લાવું છું. અને શાસ્ત્રાર્થમાં પરાજિત કરીને એ ધૂર્તના પંજામાંથી મારા મોટાભાઈને છોડાવી લાઉં છું.

પોતાના ઇષ્ટદેવનું સ્મરણ કરીને એ પણ સમવસરણ તરફ ચાલી નીકળ્યા. એમના પાંચસો શિષ્યો પણ પોતાના ગુરુની સાથે જ ચાલી નીકળ્યા. જેવા તેઓ સમવસરણના પરિઘમાં પ્રવેશ્યા તેવા જ તેમના મનોવિકારો ગાયબ થઈ ગયા.

સાધના આત્મા આ રીતે જ પ્રકાશિત થાય છે. પરંતુ આપણને આવો અનુભવ કદી થયો નથી. કારણ કે અનુભવ તેને જ થાય છે કે જે પ્રયોગ કરે છે. ઇલેક્ટ્રીક ગ્લોબમાં એક નાનકડો વાયર (તાર) હોય છે. આ નાનકડો તાર ગરમ થવાથી સ્થિર પ્રકાશ આપે છે. એ તારની ધાતુ શોધવા માટે વૈજ્ઞાનિક એડિસને તેત્રીસ હજાર પ્રયોગો કરવા પડ્યા હતા. ત્યારે છેવટે એને સફળતા મળી.

જ્યારે એક ભૌતિક વસ્તુને, એક બે ઇંચના વાયરને, સિદ્ધ કરવા માટે તેત્રીશ હજાર પ્રયોગોની જરૂર પડે છે, તો પછી આત્માને સિદ્ધ કરવા માટે કેટલા પ્રયોગોની જરૂર પડે? સામાયિક, પ્રતિક્રમણ, જપ, તપ, ધ્યાન, કાયોત્સર્ગ, સ્વાધ્યાય આ બધા જ પ્રયોગો છે; આત્મશુદ્ધિને પામવા માટેના!

મહર્ષિ અરવિંદ ઘોષ ચાળીશ વર્ષ સુધી એક કોટડીમાં એકલા બેસી રહ્યા. જ્યારે જગત્ સાથે સંબંધ તોડી નાંખ્યો ત્યારે તેમને આત્માન્વેષણમાં સફળતા પ્રાપ્ત થઈ. આપણે તો જગત પણ જોઈએ છે, અને આત્મા પણ.

શેઠ મફતલાલ એક વાર અમદાવાદથી મુંબઈ ગયા. ચોમાસાનો સમય હતો. જેમને ત્યાં ઉતર્યા હતા એમણે સૂચના આપી કે આ મુંબઈ છે! અહીં દરેક વસ્તુની ડબલ કિંમત જ બતાવાય છે. એટલે કાંઈ પણ ખરીદવું હોય તો સાવધાન રહેજો. દા.ત. દુકાનદાર જો કોઈ વસ્તુના સો રૂપિયા કહે તો પચાસ રૂપિયામાં ખરીદવાની તૈયારી બતાવવી. શેઠ મફતલાલે આ વાતની મનમાં ગાંઠ બાંધી લીધી.

એક બપોરે બજારમાં ફરવા નીકળ્યા. ત્યાં જ અચાનક વાદળાં છવાઈ ગયાં અને ઝરમર ઝરમર વરસાદ શરૂ થઈ ગયો. છત્રી હતી નહિ. એટલે લેવાની ઇચ્છા થઈ. પહોંચ્યા એક છત્રીવાળાની દુકાને. અને એક છત્રી પસંદ કરી. એની કિંમત પૂછી દુકાનદારે આઠ રૂપિયા કહ્યા. એટલે શેઠે કહ્યું: "ચાર રૂપિયામાં આપવી છે?"

દુકાનદાર શ્રાવક હતો. એણે વિચાર્યું કે આ કોઈ બહારગામનો સાધર્મિક બંધુ લાગે છે. પર્યુષણ કરવા અહીં આવ્યો હશે. ચાલો એને થોડી મદદ કરીએ. એમ વિચારી દુકાનદારે કહ્યું: "ભલે! ચાર રૂપિયા આપી દો."

આ સાંભળીને શેઠ મફતલાલે કહ્યું: "બે રૂપિયામાં આપવી છે?"

દુકાનદારે વિચાર્યું: 'ચાલો. આજે દાનનું પુણ્ય કમાઈ લઉં. બે રૂપિયા લેવા કરતા ન લેવા સારા.' આથી તેણે કહ્યું: "જુઓ, તમારી પાસે પૈસાની તંગી હોય તો સંકોચ ન રાખશો. હું તમારો સાધર્મિક ભાઈ છું. તમારે છત્રીની જરૂર હોય તો મફત જ લઈ જાઓ. મને દાનનું પુણ્ય મળશે."

શેઠ મફતલાલ ચોંકીને બોલ્યા: "જો મફતમાં જ આપતા હો તો એક નહિ પણ બે છત્રી લઈશ."

આ જ દશા આપણી છે. બે છત્રીની જેમ આપણને પણ બન્ને હાથમાં લાડુ જોઈએ છે. આપણને જાત (આત્મા) પણ

જોઈએ છે. અને જગત પણ! પૈસા પણ જોઈએ છે અને પરમાત્મા પણ!! અને તે પણ તદ્દન મફતમાં! આ સાવ અસંભવ છે.

પરિશ્રમ વગર ઉપલબ્ધિ સંભવિત નથી. સારા અને ખોટા કાર્યોથી પુણ્ય અને પાપ બંધાય છે. અને એના ઉદયથી જ અનુકૂળતા અને પ્રતિકૂળતાઓ આવે છે. સુખ અને દુઃખની અનુભૂતિ થાય છે. શુભ અને અશુભ ગ્રહોનો આપણા જીવન સાથે કોઈ સમ્બન્ધ નથી.

**कर्मणो हि प्रधानत्वं,**
**किं कुर्वन्ति शुभा ग्रहाः।**
**वशिष्ठदत्त लग्नोऽपि**
**रामः प्रव्रजितो वने।।**

[કર્મની જ મુખ્યતા છે. શુભ ગ્રહો શું કરી શકે? વસિષ્ઠ ઋષિએ રામના રાજ્યાભિષેક માટે શુભમુહૂર્ત કાઢ્યું છતાં રામને વનમાં જવું પડ્યું.]

કર્મનો દંડ શ્રીરામને પણ વનવાસી બનીને ભોગવવો પડ્યો. તો પછી બીજા પ્રાણીઓની તો વાત શી કરવી?

આદ્ય શંકરાચાર્યે પણ કર્મનું પ્રતિપાદન કરતાં લખ્યું છે:

**स्वयं कर्म करोत्यात्मा,**
**स्वयं तत्फलमश्नुते।**
**स्वयं भ्रमति संसारे,**
**स्वयं तस्माद् विमुच्यते।।**

[આત્મા સંસારમાં સ્વયં (જાતે) જ કર્મને બાંધે છે. અને જાતે જ તેના ફળને પણ ભોગવે છે. જાતે જ સંસારમાં ભટકે છે અને જાતે જ મુક્તિને પામે છે.]

ઘરમાં જુઓ... એક જ માતા-પિતાના ચાર બાળકો હોવા છતાં દરેકના સ્વભાવ જુદા જુદા હોય છે. આકૃતિ જુદી જુદી હોય છે. એમના વિચાર અને આચાર જુદા જુદા હોય છે. એમની બુદ્ધિમત્તા પણ જુદી જુદી હોય છે.

આનું કારણ શું? આનું કારણ છે કર્મ! મનુષ્ય વિચારે છે શું અને બને છે શું? બન્ને વચ્ચે મેળ બેસતો નથી.

દરેક માનવ એમ ઇચ્છે છે કે હું સર્વતન્ત્ર સ્વતન્ત્ર, સાર્વભૌમ સમ્રાટ બની જાઉ... પણ આખી જિંદગી એ પરતન્ત્રતામાં જ વીતાવે છે.

માણસ તન્દુરસ્તી ચાહે છે અને બને છે એવું કે એ ક્યારે બિમાર પડી જાય છે એનો એને ખ્યાલ જ રહેતો નથી. પૂરી જિંદગી બિમારીને ભોગવતાં ભોગવતાં પસાર થઈ જાય છે.

આ બધા પાછળ કોઈક કારણ તો હોવું જ જોઈએ ને? કર્મ એ જ કારણ છે. આ કાર્ય પરમાત્માનું નથી. એ નો સર્વજ્ઞ-સર્વદર્શી છે. આથી તેઓ કેવળ જાણે છે અને જુએ છે. સંસારમાં રહેલા પ્રાણીઓને સુખ-દુઃખના ચક્કરમાં સપડાવવાની ખટપટમાં એ પડતા નથી. આ કાર્ય કરે છે માત્ર કર્મ! કહ્યું છે કે...

**"सव्वे जीवा कम्मवस,**
**चउदह राज भमंत।"**

ચૌદ રાજલોકમાં બધા જીવો કર્મથી વશીભૂત થઈને ભ્રમણ કર્યા કરે છે. ગોસ્વામી સંત તુલસીદાસે પણ પોતાના વિખ્યાત ગ્રન્થ 'રામચરિત માનસ'માં કહ્યું છે:

**कर्मप्रधान विश्व करि राखा,**
**जो जस करहि सो तस फल चाखा.**

સંપૂર્ણ વિશ્વ કર્મપ્રધાન છે. જે જેવું કર્મ કરે છે, એવું ફળ ભોગવે છે.

જગતની તમામ વ્યવસ્થાનો આધાર છે કર્મ! તમારો જન્મ પણ તમારા હાથમાં નથી. શું તમે મુહૂર્ત જોઈને આ દુનિયામાં આવ્યા હતા? ના. શું પરલોકમાં જતી વખતે પણ તમે મુહૂર્ત જોઈને જશો; કે ભાઈ! આજે મુહૂર્ત સારું નથી એટલે કાલે મરીશ?

લોકો તમને પૂછ્યા વગર જ તમને શ્મશાનમાં લઈ જશે અને સળગાવી દેશે અગર દફનાવી દેશે!

**जब तेरी डोली निकाली जायगी।**
**विन मुहूरत को उठा ली जायगी।।**

મુહૂર્ત જોયા વગર જ આવ્યા હતા અને મુહૂર્ત જોયા વગર જ જવું પડશે. આપણે કોઈના ઘરે મહેમાન બનીને રહેવામાં જ મઝા છે... જો માલિક બનવાની કોશિષ કરીએ તો બહુ મુશ્કેલીઓ ઊભી થઈ જાય.

શેઠ મફતલાલ આત્મહત્યા કરવા માગતા હતા. કારણ કે માથે દેવું બહુ થઈ ગયું હતું. એ જ સમયે એમના શહેરમાં એક નાટક-મંડળી આવી. એ નાટક એમણે પણ જોયું.

એમાં અંતિમ દ્રશ્ય બહુ કરુણ હતું. એમાં નાયકને આત્મહત્યા કરતો દર્શાવાયો હતો. મફતલાલે વિચાર્યું કે જો નાયકની ભૂમિકા મને મળી જાય તો દ્રશ્યમાં યથાર્થતા (હકીકતપણું) આવી જાય. અને અભિનયના બદલામાં જે ધન મળશે તેનાથી પરિવારને માથેથી દેવું ઉતરી જશે. આમ પણ મારે મરવું જ છે એટલે નાટકનું એ દ્રશ્ય એકદમ સાચકલું લાગશે અને પરિવારને પણ આર્થિક સહાયતા મળી જશે.

આમ વિચારીને મફતલાલ નાટકના ડાયરેક્ટરને મળ્યા. અને તેમની સમક્ષ પોતાની ભાવના વ્યક્ત કરી: "તમે મને ફક્ત દસ હજાર રૂપિયા આપો... નાયક બનીને હું ખરેખર આત્મ-હત્યા કરી નાંખીશ, આથી તમારું અંતિમ દ્રશ્ય પણ એકદમ જીવંત બની જશે. મારા મરણ પછી પૈસા મારા પરિવારને પહોંચાડી દેજો. હું મારી ઈચ્છાથી મરી રહ્યો છું. એવો કાગળ લખીને મારા ખિસ્સામાં મૂકી દઈશ. એટલે પોલિસ તમને વધુ પરેશાન નહિ કરે."

ડાયરેક્ટરે કહ્યું: "ભાઈ! તમારો પ્રસ્તાવ તો બહુ સારો છે. પણ આજની પબ્લિકનો સ્વભાવ બહુ વિચિત્ર હોય છે. રખેને તમારા અદ્‌ભુત દુખાન્ત દ્રશ્ય જોઈને દર્શકો પ્રસન્ન બની જાય અને મને આદેશ આપે કે 'વન્સ મોર!' તો વિચારો... હું તમારા જેવો બીજો માણસ ક્યાંથી લાવું? માટે મને માફ કરો... મને તમારા મૃત્યુની જરૂર નથી..."

કહેવાનો આશય એ છે કે તમે સ્વેચ્છાથી મરવા ઈચ્છો તો પણ મરી શકતા નથી. બજારમાં ઝેર પણ અસલી મળતું નથી. જન્મ અને મૃત્યુ આ બન્ને કાર્યો કર્મ અનુસાર એના નિશ્ચિત સમયે જ મળે છે.

પ્રભુ મહાવીરે પણ સર્વજ્ઞતા પ્રાપ્ત કરવા માટે સાડા બાર વર્ષ સુધી ઘોર પરિષહો (કષ્ટો) સહન કરવા પડ્યા હતા. કેમ? કર્મના કારણે.

શ્રી રામને ચૌદ વર્ષનો વનવાસ ભોગવવો પડ્યો. પાંડવ જેવા પાંચ મહાપરાક્રમી પતિની હાજરીમાં

દ્રૌપદીને ભરસભામાં ચીરહરણનું અપમાન સહન કરવું પડ્યું હતું.

પાંડવોને પણ બાર વર્ષ વનમાં અને એક વર્ષ અજ્ઞાતવાસમાં વીતાવવું પડ્યું હતું.

શ્રીકૃષ્ણ જેવા યોગીશ્વરને પણ અંતિમ સમયે પાણી ન મળ્યું. એટલે તીવ્ર તરસનો અનુભવ કરતા કરતા દેહત્યાગ કરવો પડ્યો.

શ્રીકૃષ્ણના દેખતાં જ પૂરી દ્વારિકા બળીને ખાખ થઈ ગઈ।

આ બધાનું કારણ હતું: માત્ર કર્મ.

આખી દુનિયાને ધ્રૂજાવનાર હિટલરે પણ છેવટે આત્મહત્યા કરી... અને તેને 'સ્ટીલ-બોક્ષ'માં મરવું પડ્યું. કહેવાય છે કે હિટલરને બર્લિનમાં શરદી થઈ જતી તો ચર્ચિલને લંડનમાં છીંક આવી જતી. આવો આતંક હતો હિટલરનો! આખી દુનિયા એના નામ માત્રથી કંપી ઊઠતી... પણ એને કૂતરાના મોતે મરવું પડ્યું.

પુણ્યનો ઉદય અસ્ત થતા સૌની આ જ દશા થાય છે. ધન-દૌલત પણ પૂર્વે કરેલા પુણ્યના ઉદયને કારણે જ પ્રાપ્ત થાય છે.

પુણ્ય અને પાપ... બન્ને 'કાર્મણ વર્ગણા'ના પરમાણુ છે. એ ભલે પુદ્‌ગલ છે. પણ એવું વિચારશો નહિ કે અરૂપી (અમૂર્ત) આત્મતત્વને મૂર્ત ભૌતિક પુદ્‌ગલ શી રીતે પ્રભાવિત કરી શકે?

બિમારી પછી આવેલી કમજોરીને ટાળવા માટે ડૉક્ટરની સલાહથી લેવાયેલા ટોનિકની અસર થાય છે કે નહિ?

બ્રાહમી સેવનથી મસ્તિષ્ક તરોતાજું બને છે કે નહિ?

શરાબ, ભાંગ, અથવા દારુના સેવનથી નશો ચઢે છે કે નહિ?

તલ-ભર પોટેશિયમ સાઈનાઈટ તમારા ચૈતન્યને મૂર્ચ્છિત કરી નાંખે છે કે નહિ? હા... જરૂર... એ મૃત્યુ પણ કરી નાંખે છે.

એક જડ-પરમાણુ જો આટલી અસર તમારા ઉપર કરી શકતો હોય તો પછી 'કાર્મણ વર્ગણા' ના સૂક્ષ્મતમ પરમાણુ તમારા દિલ-દિમાગ પર, તમારા મનોમસ્તિષ્ક ઉપર, તમારી વિચારશક્તિ ઉપર, તમારા વ્યવહાર પર, તમારા જીવન પર, તમારા આત્મા ઉપર, કેટલી અસર કરતા હશે? તેની કલ્પના કરી જુઓ.

કર્મના વિષયમાં આટલી લંબાણપૂર્વક ચર્ચા એટલા માટે કરી કે શ્રી ઇન્દ્રભૂતિના નાના ભાઈ અગ્નિભૂતિના મનમાં 'કર્મ' વિષે શંકા હતી. જેવી રીતે પ્રભુએ ઇન્દ્રભુતિના મનની શંકાનું નિવારણ કર્યું તે જ રીતે અગ્નિભૂતિના મનની શંકાનું પણ પ્રભુ મહાવીરદેવે સુંદર રીતે કરી આપ્યું.

પ્રભુના સમવસરણમાં પહોંચતા જ અગ્નિભૂતિનું મન શાન્ત... નિર્વિકાર... નિર્વૈર થઈ ગયું. પણ સાથે સાથે એમની શંકાનું સમાધાન પણ પ્રભુ કઈ રીતે કર્યું. એ અંગે આપણે હવે પછીના પ્રકરણમા જોઈશું.

સમજૂતી

* હાર અને જીત એ મનુષ્યના અહંકારનું પ્રતીક છે. પરંતુ સમજૂતી કે સન્ધિ એની બુદ્ધિમત્તાનું ચિહન છે.

* હાર અને જીતનો પ્રશ્ન પશુઓ વચ્ચે પણ ઊભો થઈ જાય છે. પરંતુ સમજૂતી જેવી કલ્પના પણ ત્યાં નથી હોતી.

બે બળદ, સાંઢ, ઘેંટા, કૂતરા અને મરઘાં. પરસ્પર લડતા લડતા લોહી-લુહાણ થઈ જાય છે. મરી જાય છે. અથવા તો મેદાન છોડીને ભાગી જાય છે. પરન્તુ સમજૂતી કે શાંતિથી વાતનો નિકાલ લાવવાનું એમના દિમાગમાં નથી આવતું.

* સમજૂતી એ મનુષ્યની બુદ્ધિની નીપજ છે. જે મનુષ્ય યુદ્ધ કે ઝઘડા સમયે સમજૂતીની ભાષા નથી સમજતો, એ માનવ અને પશુમાં શો ફેર?

નેતૃત્વના બે ગુણ

એક એંજિન જેમ પચાસ-સાઈઠ ડબ્બાઓને પોતાની સાથે લઈ જઈ શકે છે. તે જ રીતે એક દૃઢ સંકલ્પવાળી વ્યક્તિ પોતાની સાથે હજારો લોકોને લઈને આગળ વધી શકે છે.

સમાજનો નેતા એન્જિન જેવો છે. જે પોતાની શક્તિ ઉપર ભરોસા રાખે છે. અને સૌનું ધ્યાન રાખે છે. ક્યાંક પણ ગરબડ થઈ હોય તો એને સુધાર્યા વગર આગળ વધતો નથી.

એન્જિનની જેમ નેતામાં પોતાનું સાહસ અને પોતાના અનુગામીઓ પ્રત્યે વાત્સલ્ય, આ બે ગુણો અતિ જરૂરી છે.

**सोऽप्येवमागतः शीघ्रम्,**
**प्रभुणाऽऽभाषितस्तथा।**
**सन्देहं तस्य चित्तस्यं,**
**व्यक्तीकृत्यावद् विभुः।।**

એ અગ્નિભૂતિ પણ એ જ રીતે (ઇન્દ્રભૂતિની જેમ) ત્યાં (સમવસરણમાં) ઝડપથી આવી પહોંચ્યા. પ્રભુએ એ જ રીતે (જે રીતે શ્રી ઇન્દ્રભૂતિને સંબોધિત કર્યા હતા) એમને પણ બોલાવ્યા અને એમના ચિત્તમાં રહેલી શંકા (કર્મ છે કે નહિ) ને પ્રગટ કરતાં કહ્યું.

**"हे गौतमाग्निभूते! कः,**
**सन्दह स्तव कर्मणः?**
**कथं वा वेदतत्त्वार्थी**
**न विभावयसि स्फुटम्?**

"હે અગ્નિભૂતિ ગૌતમ! કર્મના વિષયમાં તમને કેવો સન્દેહ છે? વેદના તત્ત્વોને તમે સ્પષ્ટપણે કેમ સમજી શકતા નથી?"

વેદના જે વાક્યના આધારે તમારામાં શંકાએ જન્મ લીધો છે, તે આ છે.

**"पुरुष एवेदं सर्वं यद् भूतं यच्च भाव्यम्।"**

"જે કાંઈ થઈ ગયું છે અને જે થવાનું છે એ બધું પુરુષ (આત્મા) જ છે." આ વેદ-વાક્યમાં "એવ" (જ) આ અવ્યય પદનો અર્થ તમે એ કરો છો કે પશુ, પક્ષી, મનુષ્ય, પર્વત વગેરે જે કોઈ વસ્તુઓ દેખાય છે એ બધી 'આત્મા' જ છે. કર્મ, ઇશ્વર વગેરેનો પણ આ વાક્યમાં કોઈ ઉલ્લેખ થયો નથી એટલે "એવ" (જકાર) પદથી એનો પણ નિષેધ થઈ જાય છે.

પરન્તુ વેદની અન્ય ઋચાઓ - **पुण्यः पुण्येन भवति, पापः पापेन भवति** - માં કર્મ (પુણ્ય-પાપ) વિષેનું વિધાન જોવા મળે છે. આ હાલતમાં ખરૂં શું?

બીજી વાત આ પણ તમને વિચારવા જેવી લાગે છે કે જેવી રીતે આકાશને તલવાર વડે કાપી શકાતું નથી, તેમજ તેના ઉપર ચન્દનનો લેપ પણ કરી શકતો નથી. કારણ કે આકાશ અમૂર્ત છે. જ્યારે તલવાર અને ચન્દન મૂર્ત છે. મૂર્તનો અમૂર્ત સાથે સંયોગ થઈ શકતો નથી. એ જ રીતે અમૂર્ત આત્મા સાથે મૂર્ત એવા કર્મનો સંયોગ કઈ રીતે થઈ શકે?

આ બધા કારણે તને કર્મના અસ્તિત્વ વિષે શંકા છે. આ હું ખરું કહું છે ને?" અગ્નિભૂતિ કહે: "હા! પ્રભુ! તમે તદ્દન સાચું કહો છો. વર્ષોથી મારા મનમાં કર્મ વિષે આ શંકા છુપાયેલી હતી. એને મેં આજ સુધી કોઈની સમક્ષ પ્રગટ કરી ન હતી. આપની સામે પણ તે વિષે હું કાંઈ બોલ્યો નથી. છતાં પણ તમે મારા મનની વાત જાણી ગયા... આપ ખરેખર 'સર્વજ્ઞ' છો. તેથી કૃપા કરીને મારી શંકાનું આપ સમાધાન કરો..."

પ્રભુ મહાવીર બોલ્યા: "હે અગ્નિભૂતિ ગૌતમ! **"पुरुष एवेदं सर्वं यद् भूतं यच्च भाव्यम्"** આ વાક્યમાં કર્મનો કોઈ ઉલ્લેખ નથી. તેમ નિષેધ પણ નથી. વાસ્તવમાં આ વેદ-વાક્ય (પુરુષ) જીવની નિત્યતા (હંમેશા રહેનારપણા) નું પ્રતિપાદન કરે છે. જીવ જે **"इदं"** (વર્તમાન) છે, એ જ **"भूतं"** (ભૂતકાળમાં પણ મૌજૂદ હતું.) અને એ જ **"भाव्यं"** (ભવિષ્યમાં પણ મૌજૂદ) રહેશે. એ (આત્મા) સદા રહેશે.

શ્લોક છે:

**जले विष्णुः स्थले विष्णुः,**
**विष्णुः पर्वत-मस्तके।**
**सर्व-भूतमयो विष्णुः,**

**तस्माद् विष्णुमयं जगत्।।**

જળ, સ્થળ અને પર્વતના શિખર ઉપર વિષ્ણુ છે. સર્વ પ્રાણીઓમાં એ વ્યાપ્ત છે. આખું જગત વિષ્ણુમય છે. આ શ્લોકમાં વિષ્ણુની પ્રશંસા છે. એમના મહિમાનું વર્ણન છે.

પરંતુ વિષ્ણુ સિવાયની અન્ય વસ્તુઓનો નિષેધ નથી. નહિ તો; અર્થાત્ જો આખું જગત વિષ્ણુમય જ હોય તો "જલમાં વિષ્ણુ છે." આવો વાક્ય - પ્રયોગ પણ થઈ ન શકે. એના બદલે "વિષ્ણુમાં વિષ્ણુ છે" એમ કહેવું પડે! કવિ અને ભક્ત જ્યારે કોઈની પ્રશંસા કરે છે ત્યારે 'અતિશયોક્તિ અલંકાર' થી બચી શકતા નથી.

હવે બીજી વાત છે: અમૂર્તના મૂર્ત સાથેના સંયોગની. તો એ તો આ જગતમાં પ્રત્યક્ષપણે ઘણીવાર જોવા મળે છે.

અમૂર્ત આકાશ સાથે મૂર્ત વાદળાનો સંયોગ થાય છે કે નહિ?

મૂર્ત મદિરા અમૂર્ત જીવને ઉન્મત્ત બનાવે છે કે નહિ? એટલે કેવળ સંયોગની વાત તો દૂર રહી... પરંતુ અમૂર્તને મૂર્ત પ્રભાવિત પણ કરે છે. શરીર પણ મૂર્ત છે. જે સ્વસ્થ હોય તો આત્માને પ્રસન્ન કરી મૂકે છે અને બિમાર હોય તો આત્માને ઉદાસ કરી નાંખે છે.

જેવી રીતે હું તમારી અરૂપી શંકાને જાણી ગયો એ જ રીતે સર્વ જીવોના કર્મોને પણ હું જાણું છું.

સુખ-દુઃખની અનુભૂતિ તો તને પણ થાય છે ને? એ જ પ્રત્યક્ષ કર્મ-ફળ છે. જો કે આત્માનું સ્વરૂપ નિર્મળ છે. છતાં રાગ, દ્વેષ, વિષય, કષાય, પ્રમાદ વગેરે દોષોના નિમિત્તથી વિવિધ કર્મોનું ઉપાર્જન કરીને જીવ એનું શુભ કે અશુભ ફળ ભોગવવા સંસારની ચોર્યાસી લાખ યોનિમાં ભટકતો રહે છે.

પ્રત્યેક કાર્યનું કોઈને કોઈ કારણ જરૂર હોય છે; જે વિષે તમારા શાસ્ત્રમાં લખ્યું છે:

**"नाकारणं भवेत् कार्यं,**
**नाऽन्यकारण-कारणम्।**
**अन्यथा न व्यवस्था त्वात्,**
**कार्यकारणयोः क्वचित्।।"**

કારણ વગર કોઈ કાર્ય થતું નથી (જેમકે માટી વગર ઘડો બનતો નથી.) બીજા કારણથી પણ કાર્ય થતું નથી. (પાણીને વલોવવાથી ઘી મળતું નથી.) કાર્ય અને કારણની આ વ્યવસ્થા ઉલટી પણ થઈ શકતી નથી. અર્થાત્ પહેલા કાર્ય થઈ જાય અને પછી એનું કારણ આવે, એવું કદી બનતું નથી. (ઘીમાંથી માખણ, માખણમાંથી, દહીં, દહીંમાંથી દૂધ અને દૂધમાંથી છાસ બની શકતું નથી.) સંસારમાં કોઈ રાજા છે. તો કોઈ રંક! કોઈ સ્વામી છે; તો કોઈ દાસ! કોઈ સ્વસ્થ (નીરોગી) હોય છે; તો કોઈ બિમાર! કોઈ બાળક હોય છે; તો કોઈ વૃદ્ધ! કોઈ પુરુષ છે; તો કોઈ સ્ત્રી! કોઈ સર્વાંગ સુન્દર હોય છે; તો કોઈ અપંગ (લૂલા-લંગડા-આંધળા-કાણો-કૂબડો...નકટો...બહેરો...) કોઈ સુખી હોય છે, તો દુઃખી! કોઈ માલિક છે; તો કોઈ નોકર! કોઈ મહેલમાં રહે છે; તો તો કોઈ ઘાસની ઝૂંપડીમાં!

આ તમામ જે વિષમતા જોવામાં આવે છે, એ એક કાર્ય છે, તો તેનું કોઈને કોઈ કારણ તો અવશ્ય હોવું જ જોઈએ. જે આ ભિન્નતા અથવા વિષમતાનું કારણ છે, એનું જ નામ છે: કર્મ આથી જ કર્મનું અસ્તિત્વ છે.

પ્રભુની સાર ગર્ભિત વાણી સાંભળીને અગ્નિભૂતિના મનનો સંશય દૂર થઈ ગયો.

શુભ કર્મ (પુણ્ય) ના ઉદયથી ક્યા પ્રકારની અનુકૂળતાઓ પેદા થાય છે, એ અંગે એક લૌકિક દૃષ્ટાંત જણાવું છું.

શેઠ મફતલાલના પિતાનો સ્વર્ગવાસ થઈ ગયો. તેઓ બહુ નામાંકિત વૈદ્ય હતા. રોગીઓની સેવા કરીને તેઓ ઘણું ધન કમાયા હતા. પરંતુ એમના પુત્રમાં એવી યોગ્યતા ન હતી. પ્રેકટીશ બરાબર ચાલી નહિ. પિતાજીએ ઉપાર્જેલું ધન પણ, અંજલિમાં રહેલા જળની જેમ, ધીરે ધીરે પૂરું થઈ ગયું. પરિસ્થિતિ એવી આવી પડી કે ખાવાના પણ સાંસા થઈ ગયા.

જો કોઈ વૈદ્ય કોઈના ઘરે જતા તો સારા મહોલ્લાના માણસો ભેગા થઈ જતા અને મનમાંને મનમાં કહેતા કે યમરાજના આ મોટા ભાઈને કોણે બોલાવ્યો?

**वैद्यराज! नमस्तुभ्यं,**
**यमज्येष्ठ-सहोदर!**
**यमस्तु हरते प्राणान्,**
**वैद्यः प्राणान् धनानि च।।**

[હે વૈદ્યરાજ! હે યમરાજના મોટા ભાઈ! તમને નમસ્કાર થાઓ. કેમ કે યમરાજ જ્યારે આવે છે ત્યારે તે તો માત્ર પ્રાણ હરી જાય છે; જ્યારે તમે તો પ્રાણ અને ધન બન્ને લઈ જાઓ છો.]

કહે છે.

**पेट को नरम, पांव को गरम,**

**सिर को रखो ठंडा,**
**फिर यदि डॉक्टर आये तो,**
**मारो उसको डंडा।।**

આજે તો પરિસ્થિતિ એટલી હદે બદલાઈ ગઈ છે કે દિવસમાં દસ વાર પણ કોઈના ઘરમાં ડૉક્ટર આવી જાય કે કોઈ મરી પણ જાય તો પણ મહોલ્લાના કે પડોસના માણસોને ભેગા થવાની ફુરસદ જ નથી હોતી. મૌત આટલું સસ્તું થઈ ગયું છે!! અસ્તુ.

આ જ શહેરમાં ગંગા નામની એક ડોસી રહેતી હતી. એના પેટમાં ઘણા દિવસોથી દર્દ થઈ રહ્યું હતું. એણે વિચાર્યું. વૈદ્યરાજના દીકરા મફતલાલે કાંઈક તો પોતાના બાપ પાસેથી જ્ઞાન મેળવ્યું જ હશે!! તો લાવને, એક વાર એને જ જઈને મળી લઉ.

ડોસી વૈદ્યરાજની પાસે આવી. પેટના દર્દની ફરિયાદ કરી. મફતલાલને જાણ હતી કે પિતાજી કોઈ પણ રોગીને મળ-શુદ્ધિ માટે ત્રિફળા ચૂર્ણની પડીકીઓ સૌથી પહેલા આપતા. પેટનો મળ સાફ થઈ જતાં બીજી દવાઓની અસર ઝડપથી થતી.

ડોસીને તો પેટની જ તકલીફ હતી. આથી મફતલાલભાઈએ ત્રિફળાના ચૂર્ણની ત્રણ પડીકીઓ બનાવીને આપી દીધી. અને કહ્યું કે; "ગરમ પાણીની સાથે એક એક પડીકી સવારે ઉઠતાં જ નયણાં કોઠે રોજ લઈ લેવી. પછી પાંચ કલાક સુધી કાંઈ પણ ખાવું નહિ. આમ કરશો તો પેટનું દર્દ જરૂર મટી જશે." ડોસીએ બરાબર તે જ પ્રમાણે કર્યું. અને પેટનું દર્દ ખરેખર ગાયબ થઈ ગયું. મફતલાલનો પુણ્યોદય જાગી ગયો હતો. એમને હવે વગર પૈસાની પ્રચારક મળી ગઈ. આ ડોસી જ્યાં જતી ત્યાં આ જ વાતનો પ્રચાર કરતી કે મારા પેટનું દર્દ માત્ર ત્રણ જ પડીકીના પ્રભાવે કેવી અજબ રીતે છુમન્તર થઈ ગયું...! મફતલાલભાઈ બહુ કુશળ વૈદ્ય છે... વગેરે."

એક વાર એક કુમ્ભારનું ગધેડું ખોવાઈ ગયું. એ પણ મફતલાલની પાસે જઈ પહોંચ્યો. અને બોલ્યો: "જો આપની પાસે એવી કોઈ દવા હોય તો તે આપો કે જેનાથી મારો ખોવાયેલો ગધેડો પાછો મળી જાય."

મફતલાલે એને પણ ત્રણ પડીકી આપી દીધી. અને કહ્યું કે, "ગરમ પાણીની સાથે લઈ લેજો." પહેલી જ પડીકી લેતાં એને સંડાસ જવાની શંકા થઈ. એ તો લોટો લઈને વસ્તીથી દૂર ગામના પાદરે ગયો. જ્યાં તે શૌચ માટે બેઠો, ત્યાં જ થોડે દૂર બેઠેલો એનો ગધેડો એને મળી ગયો. ખુશ થઈને એ એને ઘરે લઈ આવ્યો. ગધેડો કાંઈ વિલાયત નહોતો ગયો!!!

પેલી બાજુ ગંગા અને આ બાજુ કુંભાર - હવે બે પ્રચારક મળી ગયા. બે-ચાર દિવસમાં તો આખું શહેર જાણી ગયું કે વૈદ્ય મફતલાલની દવા બહુ અસરકારક છે.

વાત ફેલાતી ફેલાતી રાજમહેલ સુધી પહોંચી. ત્યાં એક રાણી જોડે રાજા પ્રેમ કરતો ન હતો. રાણીએ દાસી દ્વારા વૈદ્યરાજને રાજમહેલમાં બોલાવ્યા. અને એમની સમક્ષ પોતાની સમસ્યા રજૂ કરી.

વૈદ્ય મફતલાલ તો કેવળ એક જ ઇલાજ જાણતા હતા. રાણીને પણ એણે ત્રિફલા ચૂર્ણની ત્રણ પડીકી આપી દીધી. અને કહી દીધું કે, "આના પ્રભાવથી રાજા આપને વશ થઈ જશે. આપની સાથે પહેલાંની જેમ પ્રેમ રાખતા થઈ જશે."

વૈદ્ય ચાલ્યા ગયા. રાણીએ પડીકીઓ લેવા માંડી. ખૂબ ઝાડા થવાથી રાણી કમજોર પડી ગઈ અને તેણી ખાટલાવશ બની. મન્ત્રીઓએ રાજાને સલાહ આપી કે આપની રાણી મૃત્યુ શય્યા પર પડી છે; આથી આપે એને મળવા જવું જોઈએ. મોતના બિછાને પડેલા દુશ્મનને પણ લોકો માફ કરી દે છે.

ત્યારે આ તો આપની ધર્મપત્ની છે. આપના જવાથી એને આશ્વાસન મળશે અને શાન્તિથી તે પોતાના પ્રાણ છોડી શકશે. આપ મળવા નહિ જાઓ અને જો તે મરી ગઈ તો લોકો તો એમ જ કહેશે કે આપ તેને પ્રેમ નહોતા કરતા, એ દુઃખના કારણે જ તેનું મોત થયું છે. આ રીતે આપની ભયંકર બદનામી થશે. આનાથી ઉલટું: જો આપ એના અંત-સમયે એને મળવા જશો તો લોકોમાં આપની ઇજ્જત વધશે."

રાજાને મન્ત્રીઓની વાત જચી ગઈ. તે રાણીને મળવા ગયો. રાણીએ આ વાતને પેલી પડીકીઓનો પ્રભાવ માન્યો. અને ધીરે ધીરે તે સ્વસ્થ થવા લાગી. બે વર્ષથી તે રાજાના દર્શન માટે તલસતી હતી. આજે રાજાને સન્મુખ આવેલા જોઈને પ્રેમ અને હર્ષના અતિરેકમાં એની આંખો આંસુ વહાવવા લાગી. રાજાનું હૃદય પણ દ્રવિત થઈ ગયું. એમની આંખો પણ ભીની થઈ ગઈ. એણે પોતાના દુર્વ્યવહારની રાણી સમક્ષ માફી માંગી. બન્ને વચ્ચેની કડવાશ ખતમ થઈ ગઈ. અને તેના બદલે પ્રેમ જાગૃત થયો.

રાણીના આગ્રહથી મફતલાલને "રાજવૈદ્ય" નું વિરુદ આપવામા આવ્યુ. રાજના ભંડારમાંથી એને સારું એવું વેતન આપવાનું શરૂ કરાયું.

કેટલાક દિવસો પછી એક દુશ્મન રાજાએ પાંચ હજાર સૈનિકોની વિશાળ સેના દ્વારા એના રાજ્યને ઘેરો ઘાલ્યો. ગુપ્તચરો દ્વારા તે દુશ્મન રાજાએ પહેલેથી જ બાતમી મેળવી લીધી હતી કે આ રાજાની પાસે માત્ર ત્રણ હજારનું સૈન્ય છે.

એથી જ તે રાજા પોતાની સાથે પાંચ હજાર સૈનિકોને લાવ્યો હતો.

દુશ્મન રાજાએ આ નગરના રાજાને સન્દેશો મોકલાવ્યો કે, "કાલ બપોર સુધીમાં તમારે મારી હકૂમતનો સ્વીકાર કરી લેવો નહિ તો યુદ્ધ કરીને તમારું રાજ્ય આંચકી લેવામાં આવશે."

રાજાએ આ સન્દેશો સાંભળતાં જ પોતાના મન્ત્રીઓ વગેરેની 'ઇમર્જન્સી મિટીંગ' (તાકીદની મન્ત્રણા) બોલાવીને વિચાર-વિમર્શ કર્યો કે: 'દુશ્મન રાજાને શો ઉત્તર મોકલવો? ત્યાં કોઈકે સૂચન કર્યું કે, 'વૈદ્યરાજની પણ આ વિષયમાં સલાહ લેવામાં આવે તો તેમાં ખોટું શું?' રાજાએ સંમત્તિ આપી. વૈદ્યરાજ મફતલાલને બોલાવીને પૂછવામાં આવ્યું કે: "પાંચ હજાર સૈનિકોને સાથે લઈને શત્રુ રાજાએ નગરને ઘેરો ઘાલ્યો છે. આપણી પાસે કુલ સૈનિકો માત્ર ત્રણ હજાર છે. આ અવસરે શત્રુને હરાવીને આપણી આબરૂ બચાવવાનો આપની પાસે કોઈ રસ્તો હોય તો બતાવો."

વૈદ્યરાજને તો આજ દિન સુધી ત્રિફળા ચૂર્ણની પડીકીઓના બળ ઉપર જ સફળતા મળતી રહી હતી. આથી અહીં પણ તે જ પડીકીઓનો ઉપયોગ કરવાની સલાહ આપતા એમણે કહ્યું: "જો આજે આપણી સેનાના પ્રત્યેક સૈનિકને રાતના સમયે બે-બે કલાકના આંતરે ગરમ પાણી સાથે એક એક પડીકી ત્રણ વાર આપવામાં આવે તો મારા ખ્યાલ પ્રમાણે આ સંકટ ટળી જશે."

બરાબર તે જ પ્રમાણે કરવામાં આવ્યું. રાત્રે બે વાગે, ચાર વાગે અને છ વાગે એક એક પડીકી દરેક સૈનિકે ગરમ પાણી સાથે લઈ લીધી. પરિણામ એ આવ્યું કે બધા સૈનિકોને ઝાડા છૂટ્યા. લોટા લઈ-લઈને દરેક સૈનિક ત્રણ-ત્રણ વાર શૌચ માટે નગરની બહાર જવા લાગ્યા.

આ બાજુ શત્રુ રાજાના સેનાપતિએ પોતના કેટલાક સૈનિકોને ગણતરી કરવા માટે ગોઠવી દીધા હતા. જ્યારે સંખ્યા નવ હજારની થઈ ગઈ ત્યારે પોતાના રાજાને સૂચના મોકલવામાં આવી કે: "આપણા ગુપ્તચરો દ્વારા ત્રણ હજાર સૈનિકો જ હોવાની જે સૂચના આપણને પહેલા મળી હતી તે ખોટી હતી. કેમકે નવ હજાર સૈનિકોની ગણતરી તો અમે કરી ચૂક્યા છીએ. આનાથી વધારે પણ સૈનિકો હોવાની શક્યતા છે. આથી જો આપણે યુદ્ધ કરશું તો આપણી હાર નિશ્ચિત જ છે."

આ સાંભળીને શત્રુ રાજા યુદ્ધ કર્યા વગર જ ભાગી ગયો. નગર ઉપર આવેલું સંકટ ટળી ગયું. વૈદ્યરાજનું ભારે સન્માન કરવામાં આવ્યું. શુભ કર્મોનો ઉદય થતાં જ ચારે બાજુ આ રીતે અનુકૂળતાઓ જ પ્રાપ્ત થતી જાય છે.

સેંટની દુકાને જઈને તમે ભલે સેંટ ખરીદો નહિ, છતાં એની સુગન્ધ તો તમને મળે જ છે. એ જ રીતે સાધુ-સંતોના સાન્નિધ્ય-માત્રથી તમને મનની શાંતિ ચોક્કસ મળે છે. અને જ્યાં સાધુ-સંતોના પણ આરાધ્ય દેવ સર્વજ્ઞ પ્રભુ મહાવીર વિરાજમાન હોય ત્યાં પહોચવાથી તો કેવી પરમ શાંતિ પ્રાપ્ત થાય? એનું વર્ણન તો અનુભવી પણ ન કરી શકે. કેમકે શબ્દોના માધ્યમથી તે આનન્દની અભિવ્યક્તિ થઈ શકતી નથી.

## ૯.

શુભકર્મોના ઉદયથી અનુકૂળતાઓ જ પ્રાપ્ત થાય છે એમ નહિ, પરંતુ બિલકુલ ઉલટી બાબતને પણ તે સુલટાવી દે છે. ઊંધુ પણ સીધું થઈ જાય છે એક ઉદાહરણ જોઈએ.

કોઈ અનુભવી દ્વારા આ સાંભળ્યું કે આપનો પુણ્યોદય પ્રારંભ થઈ ગયો છે. એટલે એક માણસે સીધા રાજાની પાસે જઈને એમના ગાલે એક તમાચો ઠોકી દીધો. રાજાનો મુગુટ તત્કાળ જમીન ઉપર પડી ગયો.

અંગરક્ષકે સિપાઈઓને હુકમ કર્યો કે, "હાથકડી પહેરાવીને આ દુષ્ટને કૈદ કરી લો. કેમકે આણે મહારાજાને અપમાનિત કરીને જે અપરાધ કર્યો છે, એ અક્ષમ્ય છે. દંડ કરવા યોગ્ય છે."

પરંતુ એ જ વખતે રાજાએ કહ્યું: "આ માણસને એક લાખ રૂપિયાનું ઈનામ આપીને એને સન્માનપૂર્વક વિદાય આપો. કેમકે આ માણસે તમાચો મારીને મારો જાન બચાવ્યો છે. સાંજના સમયે માલીએ ફૂલોનો ગુલદસ્તો ભેટ આપ્યો હતો. એમાં સાપનું એક બચ્ચું પેસી ગયું હતું. મેં એ ગુલદસ્તો મારા મુગુટ ઉપર (માથા ઉપર) રાખી દીધો હતો.

"તમાચો લાગતાં જેવો મારો મુગુટ નીચ પડ્યો કે તરત જ મેં પેલા સાપનું બચ્ચું બહાર નીકળતું જોયું. જો આ માણસે તમાચો મારીને મુગુટ પાડી નાંખ્યો ન હોત તો સાપના બચ્ચાના ડંખથી મારા પ્રાણ નીકળી જાત. આથી જ આ દંડનો નહિ, પણ ઇનામનો અધિકારી છે."

એક લાખ રૂપિયાનું ઇનામ મેળવીને એ માણસ પ્રસન્નતા પૂર્વક પોતાના ઘરે પાછો ફર્યો.

સૂર્યનો ઉદય જ્યારે થાય છે, ત્યારે લોકો એને નમસ્કાર કરે છે. પરંતુ જ્યારે અસ્ત થાય છે, ત્યારે કોઈ એની તરફ ઝાંખતું પણ નથી. અને ન તો કોઈ એ જાણવાનો પ્રયત્ન કરે છે કે એના શું હાલ-હવાલ છે?

એ જ રીતે જ્યારે શુભ કર્મોનો ઉદય થાય છે; પુણ્યનો 'રનીંગ પીરીયડ' ચાલુ હોય છે; ત્યારે બધા લોકો નમસ્કાર કરે છે. સન્માન આપે છે. પરન્તુ જ્યારે અશુભ કર્મોનો ઉદય થાય છે; પુણ્યરાશિ પૂરી થઈ જાય છે; ત્યારે કોઈ પૂછતું પણ નથી. મિત્ર પણ સામેથી આવતો હશે તો તે પણ મોં છુપાવીને ગલીમાંથી નિકળી જશે, એવા ડરથી કે, 'મળતાંની સાથે જ

એ એની મુશીબતોનાં દોદણાં રડીને કાંઈ ને કાંઈ માંગશે.'

કહ્યું છે કે....

**त्रिभिर्वषैस्त्रिभिर्मासै -**
**स्त्रिभिः पक्षैस्त्रिभिर्दिनैः ।**
**अत्युग्रपुण्य पापाना -**
**मिहैव लभ्यते फलम् ।।**

ત્રણ વર્ષમાં, ત્રણ મહિનામાં, ત્રણ પખવાડિયામાં, અથવા ત્રણ દિવસમાં અત્યન્ત ઉગ્ર એવા પુણ્ય અને પાપનું ફળ અહીં જ મળે છે.

કેટલાક વર્ષો પહેલાં જ્યારે હું રાજસ્થાનમાં હતો, એ સમયની આ ઘટના છે.

મદ્રાસથી એક શ્રાવક પેટી-બિસ્તરો લઈને પોતાના મા-બાપને મળવા માટે રાજસ્થાન આવ્યો. જે ગામમાં એ રહેતો હતો, એ સ્ટેશનથી ત્રણ કિલોમીટર દૂર હતું. જે સ્ટેશને એને ઉતરવું હતું, તે પણ ઘણું નાનું હતું. જ્યારે ટ્રેન એ સ્ટેશને પહોંચી, એ સમયે રાતના બાર વાગ્યા હતા. અમાસની અંધારી રાતે ત્રણ કિલોમીટર પગપાળા ચાલીને પોતાની જન્મભૂમિ વાળા ગામમાં પહોંચવું એ ઘણું ખતરાભર્યું હતું.

એણે સ્ટેશન માસ્તરને પોતાની તકલીફ સમજાવતાં કહ્યું: "સર! મારી પાસે જોખમ છે. મારી પેટી પેટી કલાર્ક રૂમમાં રાખી દેવામાં આવે તો હું મારો બિસ્તરો ખોલીને વેટીંગરૂમમાં આરામથી સૂઈ શકું."

સ્ટેશનમાસ્તરે કહ્યું: "જોતા નથી? આ નાનું સ્ટેશન છે. કલાર્કરૂમ તો મોટા સ્ટેશનો પર હોય છે. અહીં તો વેઈટીંગ રૂમથી કામ ચલાવવું પડશે. મારો ખ્યાલ છે, આપ આ રૂમમાં નચિંતપણે સૂઈ શકો છો. કેમકે સવાર સુધીમાં બીજી કોઈ ટ્રેન આવવાની નથી. આથી બીજો કોઈ મુસાફર તમને 'ડિસ્ટર્બ' કરવાનો નથી. તમે પેટી તમારા તકિયાની પાસે રાખીને આરામથી સૂઈ જાઓ."

શ્રાવક રૂમમાં એકલો હતો. બિસ્તરો ખોલીને તે એના પર સૂઈ ગયો. પેટી પોતાની પાસે જ રાખી હતી.

આ બાજુ "મારી પાસે જોખમ છે." આ વાક્યે સ્ટેશનમાસ્તરના દિલમાં સળવળાટ જગાવી દીધો. એણે વિચાર્યુ. પેટીમાં વીસ-પચ્ચીશ હજારની થોકડીઓ તો હશે જ. અથવા તો સોનાના ઝવેરાત હશે. જો આ પેટી કોઈ પણ રીતે મારા કબજામાં આવી જાય તો મારે આ નોકરી કરવાની જરૂર જ ન રહે. જેવી રીતે આ શેઠ મદ્રાસથી ધન કમાઈને પોતાના ગમ જઈ રહ્યા છે; એ જ રીતે હું પણ મારા ગામ જઈને મારા માતા-પિતાની સાથે રહી શકીશ.

'ઘડપણમાં એમની સેવા પણ કરી શકીશ. પ્રસન્નતાથી પરિવારની સાથે મારું બાકીનું જીવન આરામથી વીતાવી શકીશ. સંતાનોના લગ્ન વગેરેને પતાવી શકીશ. પરંતુ પેટી ઉપર કબ્જો શી રીતે મળે? હા... એક જ મોટું પાપ કરવું પડે... આ પેટીના માલિકને પરમ ધામ પહોંચાડી દેવો પડે... બસ પછી તો મઝા જ મઝા!!!'

મનમાં બેઈમાની ઘૂસી. પાપ પ્રવેશ્યું. મગજ સક્રિય બન્યું. હત્યાનો ઉપાય પણ સૂઝી ગયો. નિશ્ચય કર્યો કે આ પાપમાં કોઈ ગરીબને સાથી બનાવીને એના દ્વારા આની હત્યા કરાવવી.

સ્ટેશનની પાસે જ કેટલાક હરિજનોના ઘર હતા. તત્કાળ સ્ટેશનમાસ્તર એક હરિજનના ઘરે ગયા. ત્યાં એકાંતમાં બેસીને એને સઘળી યોજના સમજાવી: "એક કામ હું તને સોંપી રહ્યો છું. સ્ટેશન પર વેટિંગરુમમાં એક મુરઘો સૂતો છે. એને હલાલ કરવાનો છે. રાતના બે વાગે અહીંથી એક માલગાડી પસાર થશે. એક વાગે જ એ લાશને આપણે પાટા ઉપર લઈ જઈને રાખી દઈશું. આથી કેસ દુર્ઘટનાનો બની જશે. પેટી હું મેળવી લઈશ. એમાં શેઠની સઘળી કમાણી રાખેલી છે. ખોલ્યા પછી જે કાંઈ મળશે, તેમાંથી પાંચસો ભાગ હું તને ઇનામ તરીકે આપી દઈશ. જો તેમાંથી પાંચ હજાર રૂપિયા નીકળશે તો એક હજાર તને આપીશ. જલદી નિર્ણય કર. નહિ તો હું બીજા કોઈ માણસ દ્વારા આ કામ કરાવી લઈશ. કામ કરવું હોય તો ઉઠાવ છૂરી અને ચાલ મારી સાથે."

**लोभः पापस्य कारणम् ।।**

[લોભ એ પાપનું કારણ છે.]

હરિજન પેલા શેઠની હત્યા કરવા તૈયાર થઈ ગયો. એણે કહ્યું: "ઠીક છે. મને આપની શરત મંજૂર છે. સમજી લો કે તમારું કામ થઈ ગયું. હું છૂરીની ધાર તેજ કરીને હમણાં જ અડધો કલાકમાં આવી પહોંચું છું આપ પહોંચો સ્ટેશન પર."

અડધા કલાક પછી હરિજન પોતાની છરી ધારદાર કરીને વેટિંગ રૂમમાં પહોંચ્યો. અને ત્યાં સૂતેલા માણસનું પેટ નિર્દયતાથી ચીરી નાંખ્યું. પછી લાશને ઉઠાવીને પાટા ઉપર ફેંકી દીધી. સ્ટેશન માસ્તરને નમસ્કાર કરીને તે પોતાની ઝૂંપડીમાં ચાલ્યો ગયો. અને કહેતો ગયો કે હવે આગળના કામની જવાબદારી તમારા પર છે. કાલે મને મારું ઇનામ મળી જવું જોઈએ.

સ્ટેશન માસ્તરે પેટી ઉઠાવીને પોતાના રુમમાં રાખી દીધી. અડધો કલાકમાં જ બિસ્તરો ત્યાંથી હટાવીને કમરાને

ધોઈને સાફ કરાવી નાંખ્યો. જેનાથી લોહીના કોઈ ડાઘ દેખાય નહિ. પછી પોતાના રૂમમાં જઈને સૂઈ ગયો.

બરાબર બે વાગે માલગાડી આવી. એંજિનની લાઈટમાં ડ્રાઈવરે જોયું કે પાટા ઉપર કોઈ માણસ પડેલો છે. તેથી તેના મનમાં શંકા જાગી કે કોઈએ કોઈ માણસનું ખૂન કરી નાંખીને લાશને પાટા ઉપર નાંખી દીધી હશે એવું તો નહિ હોય ને? જો એમ બન્યું હશે તો નકામો જૂઠો કેસ મારા નામે મંડાઈ જશે! એણે ગાડીને બ્રેક મારવાનું શરૂ કરી દીધું બ્રેક લગાતાર મારવાના કારણે ધીરે ધીરે ગાડીએ લાશ પાસે આવતાં તો રોકાઈ ગઈ. નીચે ઉતરીને ડ્રાઈવરે જોયું તો સ્પષ્ટ થઈ ગયું કે મામલો તો ખૂનનો જ છે.

તરત જ એણે સ્ટેશનમાસ્તરને જગાડ્યો. અને કહ્યું: "આપ આવીને જુઓ. કોઈએ હત્યા કરીને લાશને ટ્રેનના પાટા ઉપર નાંખી દીધી છે. પોલિસને બોલાવો. પંચનામું કરાવો. અને લાશને બાજુ પર હટાવી લો. એ પછી જ હું માલગાડી આગળ વધારીશ."

સ્ટેશનમાસ્તરે કહ્યુ: "મને સખત ઊંઘ આવે છે. તમે લાશને એક બાજુ હટાવીને ગાડી આગળ વધારો. અમે તમારી વિરુદ્ધ કોઈ પગલું નહિ લઈએ."

ગાર્ડ પણ આવી ગયો. એણે કહ્યું: "જુઓ. અમે કાનૂન વિરુદ્ધ કોઈ કામ નહિ કરીએ. તમે આવીને એકવાર મામલો જોઈ લ્યો અને સમજી લો."

સ્ટેશન-માસ્તરની આનાકાની અને બહાનાબાજી ચાલી ન શકી. અને એને ઊઠીને ત્યાં જવું જ પડ્યું; જ્યાં લાશ પડેલી હતી. પ્રકાશમાં જ્યારે લાશનો ચહેરો સ્ટેશનમાસ્તરે જોયો તો તે છાતી-માથા કૂટતો જોર જોરથી રડવા લાગ્યો: "હાય! હાય! આ તો મારો જ દીકરો છે. ધનની લાલચમાં આવી જઈને મેં જ એની હત્યા કરાવી નાંખી. મારા જેવો પાપી બીજો કોણ હશે? મારું પાપ મને જ ડૂબાડી ગયું! ધિક્કાર છે મારી જાતને!"

આ રીતે વિલાપ કરવાથી સારી પોલ પકડાઈ ગઈ. પાપ પ્રગટ થઈ ગયું. અને પોતાના બેટાની હત્યા કરાવવાના ગુના હેઠળ એને તથા પેલા હરિજનને બન્નેને જેલમાં જવું પડ્યું.

પરંતુ આ રીતે અદલા-બદલી શી રીતે થઈ ગઈ? એનો વિચાર કરીએ. જ્યારે પેલા હરીજને છૂરીની ધાર તેજ કરવા માટે અડધા કલાકનો સમય માંગ્યો હતો, ત્યારે જ એક પડોસી હરિજનને દયા આવી ગઈ. એણે ચુપચાપ બધી વાત સાંભળી લીધી હતી.

કહે છે ને કે, "મારનાર કરતાં બચાવનારના હાથ વધારે લાંબા હોય છે. મારનારના બે હાથ હોય છે તો બચાવનારના હજાર હાથ હોય છે."

શ્રાવકના પુણ્યનો ઉદય હતો. એણે (પુણ્યોદયે) જ પડોસી હરિજનને પ્રેરિત કર્યો. તે તત્કાળ ઊઠીને વેટિંગરૂમમાં પહોંચ્યો. શેઠને ઉઠાડીને એને ઈશારાથી બહાર બોલાવ્યો અને પૂછ્યું: "શેઠજી! તમે તમારા પ્રાણ બચાવવા ચાહો છો કે તમારું ધન?"

શેઠે કહ્યું: "હું તો પ્રાણ જ બચાવવા ચાહું ને! ધન તો હાથનો મેલ છે. જીવતો રહીશ તો ઘણું ય કમાઈ લઈશ. પરંતુ... તમે આ બધું કેમ પૂછી રહ્યા છો? વાત શું છે? જરા સાફ સાફ જણાવો."

પેલા સજ્જન હરિજને કહ્યું: "શેઠજી! આ સ્ટેશનમાસ્તર અત્યંત દગાખોર છે. એણે મારા પડોસી હરિજનની સાથે મળીને તમારી હત્યા કરવાનું ષડ્યન્ત્ર રચ્યું છે. પેલો હરિજન છૂરીની ધાર તેજ બનાવીને દસ-પંદર મિનિટમાં જ અહીં આવવાનો છે. જો આપ આપનો પ્રાણ બચાવવા ચાહતા હો તો પેટી-બિસ્તરો અહીં જ છોડીને ચુપચાપ મારી સાથે મારા ઘરે ચાલો. અને રાત ત્યાં જ વીતાવજો.

"સવારે હું ગામના લોકોને ભેગા કરીને સ્ટેશનમાસ્તર પાસેથી આપની પેટી આપને પાછી અપાવી દઈશ. પરન્તુ આ સમયે અહીં રહેવામાં ખતરો છે. આપ ચાલો. ષડ્યન્ત્રની ગંધ આવી જતાં મારા અન્તરાત્માએ જ મને એની પાસે આવવાની પ્રેરણા આપી અને હું ચાલ્યો આવ્યો. સમજી લો કે તમારું ભાગ્ય સારું છે. અને તમારું આયુષ્ય લાંબુ છે."

શ્રાવક એ સજ્જનની સાથે દબાતે પગલે એની ઝૂંપડીમાં ચાલ્યા આવ્યા. ફાટેલી-તૂટેલી જેવી પણ પથારી એના ઘરમાં હતી, તે પાથરી આપીને એના ઉપર શેઠને સૂવડાવી દીધા.

આ બાજુ સ્ટેશનમાસ્તરનો પુત્ર ગામમાં ભજવનારા એક નાટકને જોવા માટે પિતાજીની અનુમતિ લઈને, નાટક જોવા ગયો હતો. તે નાટક જોઈને પાછો પોતાની સાયકલ પર રાત્રે પાછો ફર્યો. એણે વિચાર્યું: 'ઘરે જઈને માને જગાડવી, એના કરતાં વેટિંગરુમમાં જ સૂઈ જઈને રાત પસાર કરી દઉં! વેટિંગરૂમનો દરવાજો પણ ખુલ્લો હતો. ટોર્ચ (બેટરી) દ્વારા જોયું તો બિસ્તરો પણ લગાવેલો જ હતો.

તેણે વિચાર્યું. 'પિતાજી પણ કેવા દયાળુ છે!! એમણે પહેલેથી જ મારા માટે અહીં બિસ્તરો લગાવીને તૈયાર રાખ્યો છે. જેથી નાટક જોઈને પાછા ફરતાં મને મોડું થઈ જાય તો અહીં જ આરામ કરી શકું.'

એણે સાયકલ વેટિંગરુમમાં રાખી અને બિસ્તરા ઉપર સૂઈ ગયો. થાકેલો તો હતો જ. આથી પડતાંની સાથે જ સખત

ઊંઘ આવી ગઈ. અને ત્યાર બાદ જે ઘટના બની એ તો આપણે પહેલાં જોઈ ગયા છીએ.

શ્રાવકની પેટી સ્ટેશનમાસ્તરના રુમમાંથી મળી ગઈ. તે એને આપી દેવામાં આવી. પેટી લઈને તે રાજી-ખુશીથી પોતાના ઘરે પહોંચ્યો. સ્ટેશન છોડતાં પહેલાં એણે પેલા સજ્જન હરિજનને ઉચિત ઈનામ પણ આપ્યું; જેણે ખરે અવસરે આવીને પોતાનો જાન બચાવ્યો... પોતાને નવું જીવન આપ્યું...!

કહેવાનો આશય એ છે કે આપણે જેવું કર્મ કરીએ છીએ, તેવા જ શુભ કે અશુભ ફળને પામીએ છીએ.

**"यथा बीजं तथा फलम्।"**

જેવું બીજ આપણે વાવીએ... તેવું જ ફળ આપણે પામીએ છીએ. બાવળના બી વાવીએ તો આંબાનું ફળ પ્રાપ્ત થતું નથી. ખરાબ કર્મનું સારું ફળ અને સારા કર્મનું ખરાબ ફળ - કદાપિ ના મળે.

પ્રત્યેક પ્રાણી કાં તો સુખનો અનુભવ કરે છે; કાં તો દુઃખનો! સુખ શુભ (પુણ્ય) કર્મના ઉદયથી મળે છે. અને દુઃખ અશુભ (પાપ) કર્મના ઉદયથી મળે છે. આથી જ જો સુખ અને દુઃખનું અસ્તિત્વ છે તો કર્મનું અસ્તિત્વ પણ છે જ.

બીજી વાત એ છે કે જો કોઈ નામ (સંજ્ઞા) હોય તો તે નામવાળો પદાર્થ પણ અવશ્ય હોવાનો. "કર્મ" એવો શબ્દ છે. તે અસંયુક્ત (સંયોગ વગરનું) શુદ્ધ પદ છે. નામ છે. તો કર્મ-પદ વાચ્ય અર્થ ("કર્મ" નામનું કોઈ તત્ત્વ) પણ અવશ્ય છે; એમ માનવું જોઈએ.

જેવો શ્રી અગ્નિભૂતિનો સંશય નિર્મૂળ થયો, કે તરત જ તેમણે પણ પ્રભુના ચરણોમાં આત્મસમર્પણ કરી દીધું. દીક્ષા લીધી. અને પ્રભુના શિષ્ય બની ગયા.

અગ્નિભૂતિના પાંચસો વિદ્યાર્થીઓએ પણ તેમની સાથે જ પ્રવ્રજ્યા (દીક્ષા) લીધી. પ્રભુએ અગ્નિભૂતિને પણ "ત્રિપદી" નું જ્ઞાન આપ્યું. એ જ્ઞાન પામીને એમણે પણ દ્વાંદશાંગીની રચના કરી.

# ૧૦.

પોત-પોતાના શિષ્યોની સાથે ઇન્દ્રભૂતિ અને અગ્નિભૂતિ નામના પોતાના બન્ને મોટા ભાઈઓ દીક્ષિત થઈ ગયાના સમાચાર સાંભળીને વાયુભૂતિ પણ પોતાના પાંચસો વિદ્યાર્થીઓને લઈને સમવસરણ તરફ ચાલી નીકળ્યા.

પરંતુ ઇન્દ્રભૂતિ અને અગ્નિભૂતિના મનમાં જે ક્ષોભ હતો; તે એમના અંતરમાં ન હતો. એટલું જ નહિ; પણ એમને તો મનમાં ને મનમાં પ્રસન્નતાનો અનુભવ થઈ રહ્યો હતો... તેઓ વિચારતા હતા કે: "ચાલો; સારું થયું. સર્વજ્ઞ પ્રભુના દર્શન અને સાન્નિધ્યનો જે સુન્દર અવસર આવી મળ્યો છે; એનાથી તો મારા હૃદયમાં વર્ષોથી છુપાયેલી શંકાનું પણ અવશ્ય સમાધાન થઈ જશે. અને હું પણ મારા વડીલ બન્ધુઓની જેમ પ્રભુ મહાવીરદેવનો શિષ્ય બનીને જીવનને ધન્ય બનાવીશ.'

નજદિક આવેલા વાયુભૂતિને પ્રભુએ કહ્યું: "હે! વાયુભૂતિ ગૌતમ! વેદની જે ઋચાના વાસ્તવિક અર્થને ન સમજી શકવાના કારણે તારા હૃદયમાં શંકા ઉત્પન્ન થઈ ગઈ છે; તે આ પ્રમાણે છે.

**विज्ञानघन एवै तेभ्यो भूतेभ्यः समुत्थाय,**
**तान्येवानु विनश्यति, न प्रेत्यसंज्ञास्ति।।**

"તું આ વાક્યથી આમ સમજી બેઠો છે કે, પાંચ મહાભૂતોમાથી ઉત્પન્ન થયેલો જીવ પાછો એમાં જ વિલીન થઈ જાય છે. શરીર પણ એવું જ છે. આથી જ જે શરીર છે, એ જ જીવ છે. અને જે જીવ છે એ જ શરીર છે. જીવ અને શરીરમાં કોઈ ભેદ નથી, પરંતુ તે બન્ને અભિન્ન (એક જ) છે. **"न प्रेत्यसंज्ञाऽस्ति"** અર્થાત્ મર્યા પછી જીવ કે શરીર કોઈનું અસ્તિત્વ રહેતું નથી. બીજી બાજુ વેદમાં આ વાક્ય પણ આવે છે:

**सत्येन लभ्यस्तपसा हयेष ब्रह्मचर्येण नित्यं**
**ज्योतिर्मयो हि शुद्धो यं पश्यन्ति धीराः संयमात्मानः।।**

અર્થાત્ "ધીરજવાળા સંયમી પુરુષો આ આત્માને, જે નિત્ય પ્રકાશમય છે અને શુદ્ધ છે, તેને સત્ય, તપસ્યા અને બ્રહ્મચર્ય દ્વારા પ્રાપ્ત કરી શકે છે. અને જુએ છે." આ ઋચા દ્વારા સ્પષ્ટ જણાય છે કે આત્માનું શરીર કરતાં જુદું અસ્તિત્વ છે.

"આ પરિસ્થિતિમાં વાસ્તવિકતા (હકીકત) શી છે? શરીરથી જીવને જુદો માનવો કે એક જ? આવો સન્દેહ તારા મનમાં છુપાયેલો છે. બરાબર છે ને?"

વાયુભૂતિએ કહ્યું: "ધન્ય છે પ્રભુ! કોઈના કહ્યા વગર જ આપે મારા હૃદયમાં છુપાયેલી શંકાને જાણી લીધી. આ શંકાને દૂર કરવાની આપ કૃપા કરો. હું આપના શરણે આવેલો છું. મને પૂરો વિશ્વાસ છે કે આપ મને નિરાશ નહીં જ કરો."

મહાવીરદેવે કહ્યું: **"हे वायुभूति!** વેદની એ ઋચામાં **(विज्ञानघन...)** જે કહ્યું છે તે, જીવ અથવા શરીરના વિલીન થઈ જવાની વાત અંગે નથી કહ્યું; પરંતુ આત્માના પર્યાય તરીકે જે વસ્તુ-સાપેક્ષ જ્ઞાન થાય છે; તેના જ ઉત્પત્તિ અને વિનાશ અંગે કહેવાયું છે.

"જે વસ્તુ સામે આવે છે, તેનું આપણને જ્ઞાન થાય છે. પછી બીજી વસ્તુ સામે આવતાં જ તે બીજી વસ્તુનું જ્ઞાન ઉત્પન્ન થાય છે અને પહેલી વસ્તુનું જ્ઞાન એ વસ્તુની સાથે જ વિલીન (દૂર) થઈ જાય છે. આત્મા ક્યારે ય વિલીન થતો નથી. કારણ કે બીજી વસ્તુંનું જ્ઞાન આપણને એનાથી જ (આત્મા દ્વારા જ) થાય છે.)

"મૃત્યુ થતાં આ શરીર પાંચ મહાભૂતોમાં મળી જાય છે; જીવ નહીં. એ જીવ તો આ ભવમાં કરેલા શુભ અને અશુભ કર્મોનું ફળ ભોગવવાને માટે નવો દેહ ધારણ કરે છે. આથી જ **"अन्नो जीवो अन्नं सरीरम्"** જીવ જુદો છે અને શરીર પણ જુદું છે. બન્નેનું જુદું જુદું અસ્તિત્વ છે.

શરીરરૂપી મહેલમાં જીવ નિવાસ કરે છે. જેમ મહેલમાં રહેનારો રાજા એ સ્વયં કાંઈ મહેલ નથી. રાજા અને મહેલ જુદા જુદા છે. એ જ રીતે શરીરમાં રહેનારો આત્મા પોતે જ કાંઈ શરીર નથી. તે તો શરીરથી જૂદો છે.

"મડદામાં (લાશમાં) શરીર તો જેમનું તેમ જ હયાત છે. પરન્તુ જીવ નથી. આનાથી પણ બન્નેનું જુદાપણું સિદ્ધ થાય છે.

"શુદ્ધ (અસંયુક્ત = સંયોગ વગરના) નામ વાળી વસ્તુ પણ અવશ્ય હોય છે. 'જીવ' અને 'શરીર' આ બન્ને અલગ-અલગ નામ છે. આથી જ આ શબ્દોના વાચ્યાર્થ (જીવ અને શરીર) નું અલગ-અલગ અસ્તિત્વ અવશ્ય છે.

"જીવતી અવસ્થામાં જે શરીર ચેષ્ટાવાળું છે, અને સડતું નથી. એ જ મડદું બની જતાં નિશ્ચેષ્ટ બનીને સડવા લાગે છે. શરીરને ચેષ્ટવાળું રાખનાર અને સડવાથી બચાવનાર આત્મા છે.

"દૂધમાં ઘીની જેમ શરીરમાં જીવ છે. જેમ દૂધમાં ઘી અનુમાન દ્વારા જાણી શકાય છે, એ જ રીતે ચેષ્ટાવાળા શરીરમાં જીવ અનુમાન દ્વારા સમજી લેવું જોઈએ."

શંકાનુ સમાધાન થતાં જ વાયુભૂતિએ પણ પાંચસો વિદ્યાર્થીઓની સાથે પ્રભુને આત્મ-સમર્પણ કરી દીધું અને દીક્ષા લીધી. પ્રભુએ "ત્રિપદી" નું જ્ઞાન આપીને તેને પોતાના ત્રીજા ગણધરપદે પ્રતિષ્ઠિત કર્યા. "ત્રિપદી" (ઉપન્નેઈ વા વિગમેઈ વા અને ધુવેઈ વા) ના આધાર ઉપર વાયુભૂતિએ પણ દ્વાદશાંગીની રચના કરી.

ઇન્દ્રભૂતિ, અગ્નિભૂતિ અને વાયુભૂતિ આ ત્રણે સહોદર (એક જ માતાના સંતાન) ભાઈ હતા. દિગ્ગજ પંડિત હોવા છતાં પણ પોત-પોતાની શંકાનું સમાધાન થઈ જતાં એ ત્રણેએ પ્રભુ મહાવીરનું શિષ્યપણું સ્વીકારી લીધું છે. આ વાત ચોથા પંડિત વ્યક્તને જ્યારે સાંભળવા મળી કે તરત જ પ્રસન્નતાપૂર્વક એણે પણ પોતાના પાંચસો વિદ્યાર્થીઓની સાથે સમવસરણ તરફ પ્રયાણ કર્યું.

પ્રભુએ કહ્યું: "વ્યક્ત! જે વેદ-વાક્યના આધાર પર પંચ મહાભૂતના અસ્તિત્વના વિષયમાં તને સંદેહ થયો છે, તે વાક્ય આ પ્રમાણે છે:

**स्वप्नोपमं वै सकलं इत्येष ब्रह्माविधिरज्जसा विशेय: ।।**

[ચોક્કસપણે આ બધું જ સ્વપ્ન સરખું છે; આ બ્રહમ (પરમાત્મા) ને પ્રાપ્ત કરવાની વિધિ શીઘ્ર સમજવા જેવી છે.]

"આ વાક્યથી તું એમ સમજી બેઠો છે કે પૃથ્વી વગેરે પાંચે મહાભૂત સ્વપ્નની જેમ અસત્ છે. અવિદ્યમાન છે. ગલત છે. કેમકે જેમ સ્વપ્ન પણ દેખાય છે છતાં સાચું હોતું નથી. એ જ રીતે પાંચ મહાભૂત પણ દેખાતા ભલે હોય પરંતુ એમનું અસ્તિત્વ નથી.

"સાથે જ વેદમાં વળી **"पृथ्वी देवता, आपो देवता"** (પૃથ્વી દેવરૂપ છે. જલ દેવરૂપ છે.) વગેરે વાક્યો દ્વારા પૃથ્વી વગેરે પાંચે ય મહાભૂતોની સત્તા (અસ્તિત્વ) નું પ્રમાણ પણ મળે છે.

"આ સ્થિતિમાં સાચું શું? પાંચ મહાભૂતોનું અસ્તિત્વ છે કે નથી? આવી શંકા તારા હૃદયમાં વર્ષોથી છુપાયેલી રહેલી છે. બરાબર છે ને?"

વ્યક્ત બોલી ઊઠ્યા: "હા... હા... પ્રભો! આ જ શંકા ખરેખર મારા મનમાં છુપાયેલી છે; જે મને પરેશાન કરી રહી છે. એનું નિરાકરણ કરીને આપ મારા ઉપર ઉપકાર કરો."

ત્યારે પ્રભુએ કહ્યું: "વ્યક્ત! **"स्वप्नोपमं वै सकलम्"** વગેરે જે વેદવાક્ય છે, એમાં જગતના કંચન, કામિની (સ્ત્રી), શરીર વગેરે પદાર્થોની અનિત્યતાનો જ સંકેત કરવામાં આવ્યો છે; તેતે પદાર્થોના અભાવનો નહિ, જગતના સઘળા સંબંધો ક્ષણિક છે. સંસારના સમસ્ત સુખો વિનાશી છે. અસ્થિર છે. આ પ્રકારની જાણકારી વૈરાગ્યને મજબૂત બનાવે છે. અને આથી જ એને બ્રહ્મવિધિ - પરમાત્માને મેળવવાનું અથવા જાતે જ પરમાત્મ-સ્વરૂપ બનવાનું સાધન કહેવામાં આવેલું છે.

"વળી સ્વપ્ન સ્વયં સત્ (ભાવરુપ) છે. આથી જ સકળ પદાર્થોને અસત્ (અવિદ્યમાન = અભાવરૂપ) માની શકાય નહિ.

"જો સકળ (સઘળા) પદાર્થો અસત્ (ખોટા) હોય; અભાવરૂપ હોય; તો પછી ચાર વેદોને પણ અસત્ (અવિદ્યમાન) માનવા પડશે. અને જે વેદવાક્યના આધારે તને શંકા જાગી છે તેને પણ અસત્ માનવી પડશે. એ રીતે જો માનીએ તો, તારી શંકા પણ આપોઆપ નિરસ્ત બની જાય છે. નકામી સિદ્ધ થઈ જાય છે.

"આથી જ તે વેદ-વાક્ય અભાવનું સૂચક નથી. પરંતુ અનિત્યતાનો બોધ આપનારું છે. જે પૃથ્વી વગેરે પાંચે મહાભૂત બધાયને પ્રત્યક્ષ દેખાય છે; અને સ્વપ્નની જેમ અસત્ (અભાવરૂપ) માનવા એ નર્યું અજ્ઞાન છે."

આ સાંભળીને મહાપંડિત વ્યક્તે પણ પોતાના પાંચસો વિદ્યાર્થીઓની સાથે આત્મ-સમર્પણ કરી દીધું. અને પ્રભુએ સહુને દીક્ષા આપી. વ્યક્તને પણ પ્રભુએ "ત્રિપદી" નું જ્ઞાન આપીને ચોથા ગણધર તરીકે પ્રસ્થાપિત કર્યા. વ્યક્તજીએ પણ પહેલા ત્રણ ગણધરોની માફક "દ્વાદશાંગી" ની રચના કરી. ધન્ય બની ગયું; એમનું જીવન!

પાંચમા મહાપણ્ડિત સુધર્માજી પણ પોતાના પાંચસો વિદ્યાર્થીઓની સાથે પોતાની શંકાનું સમાધાન પ્રાપ્ત કરવા માટે સમવસરણમાં જઈ પહોંચ્યા. એમને જોતાં જ પ્રભુએ કહ્યું: "હે સુધર્મા! જે વેદવાક્યના આધાર પર તને શંકા થઈ, તે આ પ્રકારે છે: **"पुरुषो वै पुरुषत्वमश्नुते पशुः पशुत्वम्।।"** આ વાક્યથી તું એમ સમજે છે કે પુરુષ મરીને પર-જન્મમાં પુરુષ જ થાય છે. અને પશુ મરીને નવા જન્મમાં પશુ જ થાય છે. જેમ ઘઉં વાવવાથી ઘઉં જ પેદા થાય છે. અને ચણા વાવવાથી ચણા, આંબો વાવવાથી આંબો મળે છે. અને લીંબુ વાવવાથી લીંબુ.

પરંતુ વેદમાં બીજી એક જગ્યાએ કહ્યું છે: **"शृगालो वै जायते यः, स पुरुषो दहयते।।"** (જે પુરુષને બાળી નંખાય છે, તે શિયાળ બને છે.) આનાથી સિદ્ધ થાય છે કે પુરુષ પશુ પણ બને છે.

"આ સ્થિતિમાં હકીકત શું છે? બન્ને, વાતો પરસ્પર વિરોધી છે. આથી બન્ને સાચી તો ન જ હોય. કઈ ઋચાને સાચી માનવી અને કઈ ઋચાને જૂઠી માનવી? આ જ છે ને તારી શંકા?"

ત્યારે સુધર્માજીએ કહ્યું: "હા! પ્રભુ! આપ સત્ય ફરમાવી રહ્યા છો. મારા હૃદયમાં આ જ શંકા છે. મને સમજ નથી પડતી કે પુરુષ મરીને શિયાળ બની શકે છે તો આમ કેમ કહેવામાં આવ્યું છે કે "પુરુષ મરીને પુરુષ જ થાય છે અને પશુ મરીને પશુ જ થાય છે." બન્ને વાક્યોને સંગત શી રીતે કરવા? જો પહેલી ઋચાનો અર્થ સમજવામાં મને કોઈ ભ્રમ થયો હોય તો આપ વાસ્તવિક અર્થ સમજાવીને મારો સંશય દૂર કરવાની કૃપા કરો."

ત્યારે પ્રભુ મહાવીરે કહ્યું: "હે સુધર્મા! **"पुरुषो वै पुरुषत्वमश्नुते पशुः पशुत्वम्।।"** આ વેદવાક્યનો આશય આ છે કે માણસ પણ જો સરળતા, મૃદુતા વગેરે ગુણોથી યુક્ત જીવન જીવે તો ફરી મનુષ્ય બને છે. અને પશુ પણ જો પ્રમાદ, ક્રૂરતા વગેરે દુર્ગુણોથી મુક્ત ન બને તો મરીને ફરીથી પશુ થાય છે. આનો (આ વાક્યનો) આશય આવો નથી કે માણસ મરીને માણસ જ થાય અને પશુ મરીને પશુ જ થાય. જો આમ ન હોય તો, "માણસ મરીને શિયાળ બને છે." આવું વેદવાક્ય ઘટી શકે જ નહિ.

"બીજી વાત આ છે કે આંબો વાવવાથી આંબાનું ઝાડ થાય અને લીંબુ વાવવાથી લીંબુનું. આવી જે દલીલ તારા મગજમાં સ્થિર થઈ ગઈ છે, તે પણ બરોબર નથી. કેમકે માણસની વિષ્ઠામાં કીડા પેદા થાય છે. અને ગાયના છાણમાં વીંછી જન્મે છે.

"આથી જ એમ માનવું જોઈએ કે જે જેવો વ્યવહાર કરે છે તે જ પ્રમાણે તે નવા જન્મમાં પશુ અગર માણસ બને છે. જે માણસ બનવા ઇચ્છતો હોય એણે માણસને યોગ્ય ગુણોને અપનાવવા જોઈએ. નહિ તો તેને મૃત્યુ પામીને પશુ બનવું પડશે. આ જ પ્રેરણા તે ઋચા દ્વારા આપવામાં આવેલી છે."

આ સાંભળીને પોતાની શંકાનું સમાધાન થઈ જતાં સુધર્માજીએ પણ પ્રભુના ચરણોમાં જીવનનું સમર્પણ કરીને ચારિત્ર અંગીકાર કર્યું. તેમની સાથે જ તેમના પાંચસો વિદ્યાર્થીઓએ પણ દીક્ષા લઈ લીધી. પ્રભુ દ્વારા દેવાયેલી "ત્રિપદી" ના આધાર પર તેમણે પણ "દ્વાદશાંગી" ની રચના કરી. પ્રભુએ તેમને પાંચમા ગણધર બનાવ્યા.

છટ્ઠા મહાપણ્ડિત મણ્ડિતજી પણ પોતાના સાડા ત્રણસો વિદ્યાર્થીઓના સમુદાયની સાથે પ્રભુના સમવસરણમાં પહોંચી ગયા.

પ્રભુએ તેમને કહ્યું: "હે મણ્ડિત! જે વેદવાક્યના આધારે બન્ધ અને મોક્ષના વિષયમાં તને શંકા જાગી છે, તે આ પ્રકારે છે:

**"सहष विगुणो विभुर्न बध्यते, संसरति, मुच्यते, मोचयति वा।।"**

[તે આ વિગુણ એવો વિભુ નથી બંધાતો, ન તો સંસારમાં જન્મ-મરણ કરે છે, ન તો મુક્ત થાય છે કે ન તો બીજાને મુક્ત કરે છે.]

"આ વાક્યના કારણે તું એમ સમજે છે કે, જીવને બન્ધ અને મોક્ષ હોતા નથી. બરાબર છે ને?"

મણ્ડિતે કહ્યું: "જી હા! આ જ છે મારી શંકા. કૃપા કરીને આમ તેનું સમાધાન કરી મારા ઉપર કૃપા કરો." પ્રભુએ કહ્યું: "આ વેદ-વાક્યમાં રહેલા "વિગુણ" અને "વિભુ" આ બે શબ્દોના અર્થ ઉપર તારું ધ્યાન નથી ગયું.

"વિગુણ" નો અર્થ છે: (૧) ત્રિગુણાતીત. અર્થાત્ સત્વ, રજસ્ અને તમસ્ આ ત્રણ ગુણોથી પર અથવા (૨) વિશિષ્ટ ગુણોથી સમ્પન્ન અથવા (૩) વિગત (નષ્ટ) થઈ ગયા છે છદ્મસ્થ અવસ્થાના ગુણો જેમના... આને "વિગુણ" કહેવાય. અર્થાત્ સિદ્ધપદ પામેલા સિદ્ધોના વિષયમાં અહીં વાત ચાલી રહી છે.

કારણ કે સિદ્ધો (વિગુણ) જ માત્ર આવા "વિભુ" છે. વિભુ એટલે વ્યાપક. અર્થાત્ કહેવળજ્ઞાન દ્વારા જેઓ વિશ્વવ્યાપક છે.

આવા વિગુણ અને વિભુ (સિદ્ધો) જ કર્મથી રહિત હોવાથી ન તો કર્મથી બંધાય છે. ન તો જન્મ-મરણના ચક્કરમાં પડે છે. તેઓ મુક્ત પણ થતા નથી. કારણ કે જે બદ્ધ (બંધાયેલો) હોય તે જ મુક્ત થાય છે. સિદ્ધો તો પહેલેથી જ મુક્ત થઈ ચૂક્યા છે. જે મુક્ત જ છે. તેને વળી (ફરીવાર) મુક્ત થવાની શી જરુર? અને તેઓ બીજાઓને મુક્ત કરતા પણ નથી. (તેઓ અરિહંત અવસ્થામાં પણ કેવળ મુક્તિનો માર્ગ બતલાવે છે. એ માર્ગ પર ચાલનાર જીવ સ્વયં જ મુક્ત બની જાય છે.)

જ્યાં સુધી સંસારી શરીરધારી જીવોનો સવાલ છે, ત્યાં સુધી તો શુભ-અશુભ કર્મોના અનુસારે સંસારમાં જન્મ-મરણ પામે છે. કર્મોથી બંધાય છે. અને અંતે મોક્ષ પણ પામે છે.

આથી જ કર્મોનો બન્ધ અને મોક્ષ - બન્નેનું અસ્તિત્વ છે જ. જો આ બન્ને ન હોય તો મોક્ષના પ્રરુપક સઘળા ધર્મશાસ્ત્રો, સઘળો ધર્મોપદેશ, અને સઘળા ધાર્મિક કાર્યો નકામા સાબિત થઈ જાય.

પુણ્ય-પાપના ફળ સ્વરૂપ પ્રત્યક્ષ અનુભવમાં આવતા સુખ અને દુ:ખ પણ અસત્ય ઠરે.

બીજ અને અંકુરની જેમ જીવ અને કર્મનો સમ્બન્ધ અનાદિ કાળથી છે. જીવ કર્મ દ્વારા શરીરને મેળવે છે અને શરીર દ્વારા ફરી કર્મને બાંધે છે. અને કરોળિયાની જેમ પોતાની મેળે જ જાળો બનાવીને જાતે જ તેનામાં ફસાઈ જાય છે. બંધાય છે. તથા સુદેવ-સુગુરુ અને સુધર્મની ભક્તિ-સેવા દ્વારા આત્માની શુદ્ધિને પામીને સ્વયં જ મોક્ષને પણ પામે છે."

પ્રભુની વાણી દ્વારા પોતાનો સંશય નિર્મૂળ થઈ જતાં મણ્ડિતજીએ પણ પોતાના શિષ્ય-સમુદાયની સાથે પ્રભુનું શરણ સ્વીકારી લીધું. દીક્ષા લીધી. અને પ્રભુએ આપેલી "ત્રિપદી" ના આધાર ઉપર "દ્વાદશાંગી" ની રચના કરીને જીવનને સફળ બનાવ્યું.

શાંતિ ક્યાં છે?

એક સમ્રાટે એક યુવકની વીરતા જોઈને એને મનવાંછિત વરદાન માંગવા કહ્યું.

યુવકે કહ્યું: "મારે ધન જોઈતું નથી. કારણ કે મારા પિતા ધન તો ઘણું મૂકી ગયા છે. પ્રતિષ્ઠા પણ મારે જોઈતી નથી; કારણ કે મારી વીરતાને કારણે એ તો સ્વયં મને મળી રહી છે. મારે સત્તા પણ જોઈતી નથી... કારણ કે એ તો મારા શાસકના હાથમાં સુરક્ષિત છે. મારે તો માત્ર 'શાન્તિ' જોઈએ છે." યુવકની માંગણી સાંભળીને સમ્રાટ તો હતપ્રભ થઈ ગયો અને બોલ્યો: "ભાઈ! એ તો મારી પાસે પણ નથી." છતાં એણે પોતાનું વચન પૂર્ણ કરવા માટે પોતાના કુળદેવતાને યાદ કર્યા.

પછી સમ્રાટ અને પેલા યુવકને લઈને કુળદેવતા એક યોગી પાસે પહોંચ્યા અને એની સમક્ષ પેલા યુવકની માંગણી રજૂ કરી.

યોગીએ સ્મિત વેરતાં કહ્યું: "ઓ ભોળા પ્રાણી! શાંતિ વળી ક્યાંક બહારથી મળવાની છે? જ્યાંથી અશાંતિ પેદા થાય છે. ત્યાંથી જ શાંતિ મળશે. શાંતિની ખોજ માટે બહાર નહિ, તારી અન્દર જ નજર કર. તારા હૃદયમાં જ શાન્તિનું મૂળ છે. એ આપી શકાતી નથી. જાતે જ મેળવવી પડે છે. અરે! મેળવવી પણ નહિ, માત્ર અનાવૃત્ત જ કરવી પડે છે."

યુવક, સમ્રાટ્ અને કુળદેવતાને એ યોગીના ચરણોમાં પ્રણામ કર્યા. અને શાન્તિનું બોધસૂત્ર પામીને સહુ પોત-પોતાના સ્થાને પાછા ફર્યા.

# ૧૧.

હવે સાતમા મહાપંડિત મૌર્યપુત્રનો વારો આવ્યો. એમની પહેલાં છ પંડિતોએ જ્યારે પોત-પોતાના સંશયોને દૂર કરીને દીક્ષા લીધી, ત્યારે તેઓ ભલા, પાછળ કેમ રહી શકે!!

પોતાના સાડા ત્રણસો વિદ્યાર્થીઓના સમુદાયને સાથે લઈને તેઓ પણ પ્રસન્નતાપૂર્વક સમવસણમાં જઈ પહોંચ્યા.

પ્રભુએ કહ્યું: "હે મોર્ય પુત્ર! વેદમાં એક વાક્ય છે: **"को जानाति मायोपमान् गीर्वाणान् इन्द्रयम कुबेर वरुणादीन्"** [ઇન્દ્ર, યમ, કુબેર, વરુણ, વગેરે માયોપમ દેવોને કોણ જાણે છે?] આ વાક્યના કારણે તું એમ સમજે છે કે દેવોનું કોઈ અસ્તિત્વ નથી. માયા (ઇન્દ્રજાળ અથવા જાદૂ) ની જેમ તેઓ દેખાય છે ખરા; પરંતુ હકીકતમાં તેઓ નથી.

"સાથે જ વેદમાં બીજી જગ્યાએ એમ કહ્યું છે કે: **स एष यज्ञायुधो यजमानोऽज्जसा स्वर्लोकं गच्छति.** [તે આ યજ્ઞ સાધનવાળો યજમાન શીઘ્ર સ્વર્ગલોકમાં જાય છે.] કેમકે સ્વર્ગલોકમાં દેવોનો નિવાસ છે. આથી દેવોનું અસ્તિત્વ માલૂમ પડે છે.

"આથી જ તારા મનમાં શંકા છે કે દેવોનું અસ્તિત્વ માનવું કે નહિ? બરાબર ને?"

મૌર્યપુત્ર કહે: "હા. પ્રભો! આપ ખરેખર સર્વજ્ઞ છો. વર્ષોથી મારા મનમાં દેવોના અસ્તિત્વ અંગે શંકા ઘુમરાય છે. એ

મનમાં ને મનમાં મને ખટક્યા કરે છે. આ શંકાનું સમાધાન કરીને આપ મને અનુગૃહીત કરો."

પ્રભુ મહાવીર કહે છે: "હે મૌર્યપુત્ર! દેવોના અસ્તિત્વના વિષયમાં તારી શંકા નિરર્થક છે. કેમકે આ સમવસરણમાં તું દેવોને પ્રત્યક્ષ જોઈ જ રહ્યો છે. પ્રત્યક્ષને માટે બીજા કોઈ પ્રમાણની જરૂરિયાત રહેતી જ નથી.

"વેદના એ વાક્યમાં દેવોને માટે જે "मायोपमान्" વેશિષણ મૂક્યું છે, એનો આશય એ છે કે દેવોનું સુખ પણ શાશ્વત નથી.

**"क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति"** જ્યારે એમનું પુણ્ય સમાપ્ત થાય છે, ત્યારે દેવલોકના ત્યાગ કરીને તેઓ માનવલોકમાં પ્રવેશ પામે છે. અહીં (મર્ત્યલોકમાં) ઉત્પન્ન થાય છે.

"જેમ માયા (જાદૂ) ના દૃશ્ય અનિત્ય છે, તેમ દેવલોકના સુખ પણ અનિત્ય છે. દેવલોકનું જ ધન્ય (ઓછામાં ઓછું) આયુષ્ય દસ હજાર વર્ષનું છે, અને ઉત્કૃષ્ટ (વધુમાં વધુ) આયુષ્ય તેત્રીશ સાગરોપમ છે.

"આયુષ્ય પૂરું થતાં દેવલોક અનિવાર્યપણે છૂટી જ જાય છે. પરંતુ આ વાતને **"को जानाति?"** કોણ જાણે છે? કોણ આના ઉપર ધ્યાન આપે છે? મોટા ભાગના લોકો તો દેવલોકને પામવા માટે જ જીવન-ભર શાસ્ત્રવિહિત પુણ્યકાર્ય કરતા રહે છે. શાશ્વત સુખને આપનાર મોક્ષને માટે ઘણા ઓછા લોકો ધર્મ કરતા હોય છે. જેઓ દેવલોકની અનિત્યતાને ઓળખે છે, તેઓ જ મોક્ષ માટે ધર્મની આરાધના કરે છે.

"દેવલોકની પ્રાપ્તિ કયા ક્યા કાર્યોથી થાય છે? એનું વિસ્તાર-પૂર્વકનું વિધાન વેદોમાં મળે છે. તેથી તે પણ દેવલોકના અસ્તિત્વનું જ એક પ્રમાણ છે. સંસારમાં સર્વથા સુખી કોઈ નથી. સુખ પણ છે. અને દુઃખ પણ છે. સુખ પુણ્યનું ફળ છે. અને દુઃખ પાપનું. એકલા પાપોનું ફળ ભોગવવા માટે નરક છે. એજ રીતે એકલા પુણ્યોનું ફળ ભોગવવા માટે પણ કોઈ સ્થાન હોવુ જોઈએ. એ જ સ્વર્ગ છે.

મૌર્યપુત્ર કહે છે: "પ્રભો! દેવો તો સ્વેચ્છવિહારી હોય છે. તો પણ અહીં (માનવલોકમાં) પ્રાયઃ આવતા જ નથી. એનું કારણ શું?"

ત્યારે પ્રભુ મહાવીરદેવ જવાબ આપે છે: "હે મૌર્યપુત્ર! અહીં વારંવાર ન આવવા માટે દેવોને અનેક કારણો છે. મુખ્ય કારણો આ છે:

(૧) અહીં (માનવલોકમાં) આવવા માટે ખાસ પ્રયોજન વારંવાર હોતું નથી.

(૨) સ્વર્ગલોકની તુલનામાં (સરખામણીમાં) મર્ત્યલોક એમને ગમતો નથી. આ લોક તો તેમને દુઃખો અન દુર્ગન્ધથી ભરેલો લાગે છે.

મૌર્યપુત્ર પૂછે છે: "પ્રભો! તે ક્યા કારણો છે કે જે કારણોએ દેવ અહીં આવે છે:

પ્રભુ કહે છે: "વત્સ! દેવોને આવવા માટેના કેટલાક કારણો આ પ્રમાણે છે:

(૧) તીર્થંકરદેવોના જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન, નિર્વાણ વગેરે મહોત્સવને ઉજવવા માટે.

(૨) સમવસરણની રચના માટે.

(૩) કેવળજ્ઞાનીઓને પૂછીને પોતાનો સંશય મિટાવવા સારું.

(૪) મમતાના કારણે પૂર્વભવના સગા-વહાલાંને મળવા માટે.

(૫) કોઈને આપેલા વચનને પૂરું કરવા માટે.

(૬) વિશિષ્ટ તપ, અનુષ્ઠાન, મન્ત્ર વગેરેને આધીન હોવાથી ભક્તોને મળવા માટે.

(૭) ક્રીડા અને કૌતકને માટે.

(૮) સાત્વિક સ્ત્રી-પુરુષોની ધાર્મિકતાની પરીક્ષા માટે.

આવા જ પ્રયોજનોના લીધે દેવો ક્યારેક ક્યારે અહીં આવે છે. નહીંતર નહિ."

પ્રભુનું વચન સાંભળીને મૌર્યપુત્ર સંશય રહિત બન્યા.

આજે પણ લાખો માણસોને દેવોના વિષયમાં સંશય છે. તે સંશય ત્યારે મટી જાય છે; જ્યારે કોઈ ચમત્કાર દેખાડનાર મળી જાય છે. સાધનાથી જ સિદ્ધિ મળે છે.

મારા એક મિત્ર છે. એમણે સેંકડો વ્યક્તિઓની સામે એક પ્રયોગ કરી દેખાડ્યો. પચ્ચીશ-ત્રીસ ફુટ દૂર એક મોટું વાસણ રાખવામાં આવ્યું. વાસણ બિલકુલ ખાલી હતું. કોઈએ પોતાના ઘરેથી લાવીને રાખેલું હતું. પછી તે બોલ્યા: "જેને જે વસ્તુની જરૂર હોય, તે માંગી લે.'

દસ માણસોએ અલગ-અલગ દસ વસ્તુઓ માંગી. મિત્રના કહેવાથી એક કપડા દ્વારા એ વાસણ ઢાંકી દેવામાં આવ્યું હતું. એક સેકન્ડ પછી કહેવામાં આવ્યું કે: 'કપડું હટાવીને જેણે જેણે જે જે વસ્તુ માંગી છે, તેને તેને તે તે વસ્તુ આપી દો.' એ મોટા વાસણમાં તે દસે વસ્તુઓ હાજર હતી; જેની પહેલાં માંગણી કરવામાં આવી હતી.

ત્યાંના એડિશનલ કલેક્ટર પણ એ પ્રયોગ જોઈ રહ્યા હતા. તેઓ બોલ્યા: "આ કોઈ ટ્રિક (ચાલાકી) પણ હોઈ શકે છે.

જો તમે મારી ઇચ્છિત વસ્તુ મંગાવી આપો તો હું માનું કે દેવ તમારા વશમાં છે.))

મિત્રે કહ્યું: "કહો. આપ કઈ ચીજ મંગાવવા ચાહો છો?"

કલેક્ટરે કહ્યું: "મારી અમુક ચીજ ઘરના સેફમાં રાખેલી છે અને તેની ચાવી મારી પાસે છે. શું આપ તેને અહીં મંગાવીને બતાડી શકશો?" મિત્રે માંડ અડધી મિનિટ ધ્યાન લગાવ્યું હશે અને પોતાની મુટ્ઠિ ખોલીને બતલાવતાં કહ્યું: "આ જ ચીજને, તમારી?"

એમણે તરત કાન પકડ્યા અને તેઓ નાસ્તિક મટીને આસ્તિક બની ગયા. આ તો મારી આંખો સામેની ઘટના છે.

મિત્રે મને સારી બાબત સરસ રીતે સમજાવી. બહુ જ સરળ પ્રક્રિયા છે; જેમાં બહુ થોડી સાધનાની જરૂરત પડે છે... માત્ર અમે અમારી સાધુજીવનની મર્યાદાના કારણે તે બધું કરી શકતા નથી.

એક ઉદાહરણ રાષ્ટ્રપતિ-ભવનનું છે. આ સન ૧૯૫૪ ની ઘટના છે. જે "ધર્મયુગ" અને "ટાઈમ્સ ઑફ ઇન્ડિયા" માં પ્રકાશિત થઈ ચૂકી છે.

ડૉ. રાજેન્દ્રપ્રસાદ એ સમયે રાષ્ટ્રપતિ હતા. અને પંડિત જવાહરલાલ નહેરૂ પ્રધાનમંત્રી હતા. બન્ને એ વખતે રાષ્ટ્રપતિ-ભવનમાં ઉપસ્થિત હતા.

એક વ્યક્તિએ ડૉ. રાજેન્દ્રપ્રસાદને કહ્યું: "આપ ઉપરના માળે જઈને એક કાગળ ઉપર કાંઈ પણ લખી આવો. હું આપને બતાવી દઈશ કે આપે શું લખ્યું છે?" બરાબર એ જ રીતે કરવામાં આવ્યું. સીલબંધ કવરમાં પોતે લખેલો કાગળ ઉપર જ રાખીને રાષ્ટ્રપતિજી નીચે આવી ગયા.

આ વ્યક્તિએ એક કાગળ ઉઠાવીને તે પૂરું મેટર બરાબર એ જ પ્રમાણે લખીને એમના હાથમાં આપી દીધું. જાણે એની કાર્બન કોપી જ હોય!

પંડિત નહેરુએ પૂછ્યું: "ભલા. બતાવો તો ખરા. આ મેટર તમે હૂ-બહૂ કેવી રીતે લખી આપ્યું?"

તે વ્યક્તિએ કહ્યું: "જેમ આપનું એક સાયન્સ (વિજ્ઞાન) છે; તેમ અમારું પણ સાયન્સ છે. અમારું વિજ્ઞાન આપ નહિ સમજી શકો."

પં. નહેરૂજીએ કહ્યું: "શું તમે મારા મનના વિચારો પકડી શકો છો?"

તે માણસે કહ્યું: "બિલકુલ. જુઓ. હું આપના મનના વિચારોને એક કાગળ ઉપર લખીને આપી દઉં છું. આપ વાંચી લેજો."

એ સમયે નહેરુજીનું મન બહુ ચંચળ હતું. આવા ચંચળ મનને પકડવામાં એ માણસને થોડી મુશ્કેલી જરૂર પડી. પરંતુ કોઈ પણ રીતે નહેરુના મનના વિચારોને તેણે કાગળ ઉપર લખીને આપી દીધા.

કાગળ વાંચીને નહેરુજી અત્યંત ચક્તિ થઈ ગયા. એમણે પોતાના મનની એકાએક થયેલી ચંચળતાની વાતનો પણ સ્વીકાર કર્યો.

આવી ઘણી વ્યક્તિઓ મારા પરિચયમાં છે, જેમને આવી અલગ અલગ સિદ્ધિઓ પ્રાપ્ત થયેલી છે.

રાષ્ટ્રપતિ-ભવનની જ બીજી એક ઘટના છે. એ સમયે લાલ બહાદૂર શાસ્ત્રી પ્રધાનમન્ત્રી હતા. અને રાષ્ટ્રપતિ પદને શોભાવતા હતા ડૉ. રાધાકૃષ્ણન્.

એક પાંચ વર્ષના બ્રાહ્મણ બાળકે ત્યાં સહુની સમક્ષ ઉદાત્ત, અનુદાત્ત સ્વરોની સાથે વેદની અનેક ઋચાઓને મોંઢે સંભળાવી દીધી હતી. એને સઘળા વેદ કંઠસ્થ હતા. મોટા-મોટા પંડિતોએ એ બાળકના મુખેથી ઋચાઓનું ઉચ્ચારણ સાંભળીને આશ્ચર્ય અને પ્રસન્નતા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે: ‘આટલી સરસ રીતે તો વેદના પાઠોને અમે પણ બોલી શકતા નથી.’

તે નાના બાળકને લખતા તો આવડતું જ ન હતું. પરંતુ બોલવામાં પણ તે અશુદ્ધિ કરતો હતો. પરંતુ વેદોના પાઠ તે બહુ જ શુદ્ધ બોલતો હતો. પૂર્વ ભવના સંસ્કારોનો આ પ્રભાવ હતો.

આ પ્રસંગ દ્વારા આત્માની નિત્યતા અને એના પુનર્જન્મની સિદ્ધિ થાય છે. એક ઘટના મહારાષ્ટ્રની સાંભળો.

કોલ્હાપુરની પાસે ઇચલકંરજી નામના ગામમાં એક શ્રાવક રહેતા હતા: શ્રી રુપચંદજી. તેઓ સાંગલી-બેંકના ડાયરેક્ટર હતા. ભણેલા-ગણેલા અને બુદ્ધિમાન માણસ હતા. એમણે એક નવું મકાન બનાવડાવ્યું હતું; રહેવા માટે જ. જ્યારે બહાર ફરવા માટે મકાનની બહાર સઘળા લોકો નીકળી જતા ત્યારે એમના ભવનમાં (મકાનમાં) અચાનક આગ લાગી જતી. આ રીતે હજારો રૂપિયાની કિંમતનો સામાન બળી ગયો હતો.

નિપાણીના નિવાસી ડી.સી. શાહે મને કહ્યું: "મહારાજ! શ્રી રુપચંદજીના નવા બંગલામાં કોઈ ભૂત-પ્રેતનું ચક્કર છે. એનો આપ કોઈ ઉપાય કરો. જેથી નિર્ભય અને નિશ્ચંત બનીને તેઓ શાંતિથી ત્યાં રહી શકે."

મારા જીવનમાં પહેલા આવો કોઈ પ્રસંગ આવ્યો ન હતો. તો પણ હું ત્યાં ગયો. મોટો આલિશાન બંગલો હતો. શ્રાવક રુપચંદએ બળેલી ચીજો બતાવી. એમણે કહ્યું: "આ ઉપદ્રવથી અમારા પરિવારને કોઈ તકલીફ નથી. પરંતુ જેવા અમે રૂમ

બંધ કરીને બહાર જઈએ છીએ કે અચાનક જ ચીજવસ્તુઓમાં આગ લાગી જાય છે. ફર્નિચર બળી ગયું. ટી.વી. સળગી ગયું. પાસપોર્ટ ગુમ થઈ ગયો. ઘણું નુકસાન થયું છે. અમે જો અહીં રહેવાનું છોડી દઈએ તો આટલા સુન્દર બંગલાને કોઈ એક રૂપિયામાં પણ ખરીદવા તૈયાર નહિ થાય. આથી અમારે જ અહીં રહેવું પડે છે."

મેં કહ્યું: "આપની ભૂમિ અશુદ્ધ હશે અથવા અહીં કોઈની લાશ દટાયેલી હશે. તમે તપાસ ચલાવો અને આ વાતની માહિતી મેળવો."

મ્યુનિસિપાલટીના જુના રેકોર્ડો જોતા એ વાતનો પત્તો લાગી ગયો... ખરેખર એ જગ્યાએ કોઈની કબર દટાયેલી હતી. મારું અનુમાન સાચું નીકળ્યું. મેં તેમને કહ્યું: "શાંતિસ્નાત્ર ભણાવડાવો અને એક ચબૂતરો બનાવડાવીને એના પર ચિરાગ જલાવો. ચિરાગથી પીર-ફકીરો બહુ ખુશ થતા હોય છે. એનાથી એના આત્માને સંતોષ થઈ જશે."

બરાબર એ જ ઉપાય અજમાવાયો. ઉપદ્રવ બંધ થઈ ગયો. શાન્તિસ્નાત્રથી તેનો (મૃતકનો) આત્મા શાન્ત થઈ ગયો. ચિરાગથી તે સંતુષ્ટ બની ગયો. આવા તો ઘણા પ્રસંગો છે. કેટલા તમને સંભળાવું? જો કોઈ એવો પરિચિત માણસ મળવા આવી ચઢશે, તો હું તમને તે 'પ્રેકટીકલ' દેખાડીશ. પોતાની આંખો દ્વારા ચમત્કાર જોયા બાદ તમને સહુને દેવોના અસ્તિત્વ ઉપર વિશ્વાસ જામી જશે.

દેવોના અસ્તિત્વના વિષયમાં સંશય દૂર થતાં જ શ્રી મૌર્યપુત્રે પણ પોતાના સાડા ત્રણસો વિદ્યાર્થીઓની સાથે પ્રભુના ચરણોમાં તેમનું શિષ્યપણું સ્વીકારી લીધું. અને પ્રભુ દ્વારા અપાયેલી "ત્રિપદી" ના આધાર ઉપર એમણે પણ "દ્વાદશાંગી" ની રચના કરી. પ્રભુના સાતમા ગણધર-પદે શ્રી મૌર્યપુત્રજી પ્રસ્થાપિત થયા.

આઠમા પંડિત અકંપિતજી પણ સમવસરણમાં પહોંચ્યા.

પ્રભુએ તેમને કહ્યું: "હે અકંપિત! **"म ह वै प्रेत्य नरके नारकार-सन्ति"** [મર્યા પછી નરકમાં નારક નથી.] અને **"नारको वै एष जायते यः शुद्रान्नमश्नाति।।"** [જે શુદ્રનું અનાજ ખાય છે, તે નારક બને છે.] આવા બે પરસ્પર વિરોધી વેદ-વાક્યોના કારણે તારા મનમાં આ સંશય ઉત્પન્ન થયો છે કે વાસ્તવમાં નારક (નરકમાં રહેનારો જીવ) હોય છે કે નથી હોતો? બરાબર છે ને?"

અકંપિતજી બોલ્યા: "હા... પ્રભો! આપ તો મારા હૃદયમાં રહેલી માત્ર શંકા જ નહિ પરંતુ તે શંકાનું કારણ પણ જાણો છો. આપ ખરેખર સર્વજ્ઞ છો. મારી શંકાનું નિરાકરણ કરીને આપ મને ઉપકૃત કરો."

પ્રભુએ કહ્યું: "આ વેદ-વાક્યનો આશય એ છે કે, નરકમાં નારકોના જીવન પણ શાશ્વત નથી. કર્મના ફળને ભોગવી લીધા બાદ એમને નરક છોડવી પડે છે.

"આનો આશય આ પણ છે કે નારક (નરકનો જીવ) મૃત્યુ પામીને નારક બનતો નથી. જે રીતે અત્યંત પુણ્ય કરીને તેનું ફળ ભોગવવાનું સ્થાન દેવલોક છે, તે જ રીતે અત્યન્ત પાપો કરી-કરીને તેનું ફળ ભોગવવાનું સ્થાન નરક છે.

"વળી ઇન્દ્રિય-પ્રત્યક્ષની અપેક્ષાએ અતીન્દ્રિય પ્રત્યક્ષ વધારે પ્રામાણિક હોય છે. મકાનનો ઝરોખો કશું નથી જોતો; મકાનનો માલિક જ જુએ છે. જેને અતીન્દ્રિય-પ્રત્યક્ષ થયું છે, તેઓ જ નરકનું વર્ણન કરે છે.

"બીજી વાત આ છે કે હંસ સિંહ વગેરેનું પ્રત્યક્ષ બધાને કાંઈ આસાનીથી (સરળતાથી) થતું નથી. તો પણ તેને કોઈ અપ્રત્યક્ષ (પરોક્ષ) નથી માનતું. કેમકે 'કોઈક' તો એ બધાનું પ્રત્યક્ષ કરી ચૂક્યું છે. તમે પણ દુનિયાના સઘળા દેશ, સમુદ્ર, નગરો, ગામ વગેરે તમામને જોયેલા નથી. તો પણ બીજાઓએ જે વસ્તુનું પ્રત્યક્ષ કરેલું હોય છે, તેને તમે પણ પ્રત્યક્ષ જ માનો છો.

"આ જ વાત નારકના વિષયમાં પણ સ્વીકારવી જોઈએ. નારક મને પ્રત્યક્ષ દેખાઈ રહ્યા છે. તેથી તેનો તમારે પણ સ્વીકાર કરવો જોઈએ."

આ બધું સાંભળતાં જ અકંપિતજીનો સંશય પણ મટી ગયો. પોતાના ત્રણસો વિદ્યાર્થીઓની સાથે તેમણે પ્રભુનું શરણ સ્વીકારી લીધું પ્રભુએ તે તમામને પ્રવ્રજ્યા (દીક્ષા) આપી.

ત્યાર બાદ અકંપિતજીને "ત્રિપદી" નું જ્ઞાન આપ્યું. એના આધારે એમણે પણ "દ્વાદશાંગી"ની રચના કરી. પ્રભુએ એમને આઠમા ગણધર-પદે સ્થાપિત કર્યા.

અકંપિતજીનું જીવન ધન્ય બની ગયું!

એમને આપણા કોટિશ; વન્દન!

## વિશ્વાસઘાત!

"દગો કોઈનો સગો નથી." આ કહેવત પ્રાય: સત્ય છે. જે વ્યક્તિ બીજાને દગો આપે છે, તે જાતે જ દગામાં ફસાઈને પોતાનું અહિત કરી બેસે છે. એક વ્યક્તિએ 'સર્પદંશ'ના ઇંજેક્શન કાઢ્યા. સોળ રૂપિયા કિંમત રાખી. તો પણ તે સારા ચાલ્યા... લોકોને તેનાથી ફાયદો થયો...

બીજા એક માણસે એના જ માર્કાની નકલ કરીને નકલી ઇંજેક્શન કાઢ્યા. અને તે આઠ રૂપિયામાં વેચવા લાગ્યો. હવે

પહેલા નંબરના માણસનો ધંધો બંધ પડી ગયો.

એક દિવસ નકલી ઇન્જેક્શન બનાવનારાના દીકરાને જ સર્પે દંશ દીધો. હવે પેલા અસલી ઇન્જેક્શન તો ક્યાંય મળતા જ ન હતા. આથી નકલી ઇન્જેક્શન લગાવવું પડ્યું. પરંતુ તેનો દીકરો બચ્યો નહિ.

ત્યારે પેલો બાપ માથું પટકીને રોવા લાગ્યો: "હાય! હાય' મારું પાપ મને જ ભરખી ગયું!"

# ૧૨.

**अथ पुण्ये सन्दिग्धं,**
**द्विजमचत्म भ्रातरं विबुधमुख्यम्।**
**उचे विभुर्यथार्थ,**
**वेदार्थं किं न भावयसि?**

[અચલભ્રાતા નામના બ્રાહ્મણ મહાપંડિતને જેમને પુણ્યના વિષયમાં સન્દેહ હતો - પ્રભુ મહાવીરે કહ્યું: "તમે વેદવાક્યનો અર્થ સારી રીતે (વાસ્તવિક આશય) કેમ સમજતા નથી?]

નવમા મહાપંડિત **'અચલભ્રાતા'** પણ પોતાના ત્રણસો વિદ્યાર્થીઓના સમુદાયને સાથે લઈને પોતાનો સંશય દૂર કરવા માટે પ્રભુશ્રી મહાવીર સ્વામીજીના સમવસરણમાં જઈ પહોંચ્યા.

કેવળજ્ઞાનના પ્રભાવે તેઓ સહુના મનની શંકાને આધાર-પૂર્વક સારી રીતે જાણી લેતા હતા.

અચલભ્રાતાના મનની શંકાને જાણીને તેઓશ્રી બોલ્યા: "હે સૌમ્ય! વેદોમાં એક જગ્યાએ લખ્યું છે: **पुरुष एवेदं सर्वं यद् भूतं यच्च भाव्यम्** "અર્થાત્" જે કાંઈ થયું છે અને જે કાંઈ થવાનું છે... તે બધું જ પુરુષ (આત્મા) જ છે." આનાથી સ્પષ્ટ થાય છે કે પુણ્ય નામની કોઈ ચીજ (તત્ત્વ) નથી. "પરંતુ વેદમાં બીજે ક્યાંક લખ્યું છે: **"पुण्यं पुण्येन कर्मणा."** [પવિત્ર કાર્યથી પુણ્ય ઉત્પન્ન થાય છે.] આના દ્વારા પુણ્યની વાત કહેવામાં આવી છે. આનાથી તારા મનમાં શંકા જાગી છે કે પુણ્ય તત્ત્વ વાસ્તવમાં છે યા તો નથી? બરાબર છે ને?"

અચલભ્રાતા: "હે પ્રભુ! તમે તો અન્તર્યામી છો. વર્ષોથી મારા અંતસ્તલમાં છુપાયેલી મારી શંકાને આપે ખરેખરી ઓળખી લીધી. હું સમજું છું કે વ્યક્તિ જેમ જેમ પાપ તત્ત્વથી મુક્ત થતો જાય છે તેમ તેમ તે સુખ પામતો જાય છે. અને જ્યારે સઘળા પાપોથી તે મુક્ત બની જાય છે, ત્યારે તે અનંત સુખ અથવા મોક્ષને પામે છે. આમ જ્યારે માત્ર પાપતત્ત્વને જ માનવાથી જ કામ ચાલી જાય છે, ત્યારે નકામું પુણ્ય તત્ત્વ માનવાની અને આ રીતે એક નવું તત્ત્વ સ્વીકારવાથી શો લાભ?"

પ્રભુએ કહ્યું: "હે વત્સ! તે વેદ-વાક્યમાં પુરુષ (આત્મા) ની પ્રશંસા કરવામાં આવી છે. એને ત્રૈકાલિક (ત્રણે કાળમાં રહેનાર) નિત્ય અમર માનવામાં આવેલ છે. પરંતુ તેમાં નિષેધ કોઈનો ય કરવામાં આવેલ નથી.

"જો તે વેદવાક્યમાં પુણ્યતત્ત્વનો ઉલ્લેખ નથી, તો નિષેધ પણ નથી જ. એમાં એવું ક્યાં લખ્યું છે કે પુણ્યતત્ત્વ નથી? જો પુણ્યતત્ત્વનું અસ્તિત્વ જ ન હોત તો આગળ વધતાં **"पुण्यं पुण्येन कर्मणा"** આવું વેદવાક્ય શા માટે લખ્યું? જેમ અપવિત્ર કામ કરવાથી પાપ થાય છે, તેમ પવિત્ર કામ કરવાથી પુણ્ય પણ થાય છે.

"આત્મા નિત્ય છે. તે અનિત્ય શરીર દ્વારા સંસારમાં ભટકતો સંચિત પુણ્ય અને પાપના આધારે સુખ અને દુ:ખ ભોગવે છે.

જ્યારે જ્યારે વ્યક્તિ પુણ્ય કર્મ કરે છે, ત્યારે ત્યારે એની પડો આત્મા ઉપર જામી જાય છે. અને જ્યારે જ્યારે માણસ પાપકર્મ કરે છે, ત્યારે ત્યારે એની પણ પડો આત્મા ઉપર ક્રમશ: જામતી જાય છે. નવા જન્મમાં શરીર તો નવું મળે છે. પરંતુ પુણ્ય અને પાપની પડો થી યુક્ત આત્મા તો તેજ રહે છે. એ ભવમાં જ્યારે પુણ્યની પડો ખુલે છે (પુણ્યનો ઉદય થાય છે.) ત્યારે આત્માને અનુકુળ પરિસ્થિતિઓની સાથે સાથે સુખ પ્રાપ્ત થાય છે. અને જ્યારે પાપની પડો ખુલે છે ત્યારે આત્માને પ્રતિકૂળ પરિસ્થિતિઓની સાથે સાથે દુ:ખ પ્રાપ્ત થાય છે.

જેમ પાપનું ફળ ભોગવવું અનિવાર્ય છે. તેમ પુણ્યનું ફળ ભોગવવું પણ અનિવાર્ય છે. એક લોખંડની બેડી છે તો બીજી સોનાની. પરંતુ બંધન તો બન્ને જ છે.

"જેમ પોતાના ખુલ્લા શરીર પર તેલની માલિશ કરીને કોઈ વ્યક્તિ સડક પર બેસી જાય તો તેલના પ્રમાણે પુણ્ય અને પાપની રજ ચોંટ્યા કરે છે. જે રાગ-દ્વેષથી મુક્ત બની જાય છે, એના આત્મા પર કર્મની રજ ચોંટતી નથી. "પાપનો સંપૂર્ણ ક્ષય થવા છતાં પણ આત્મા ઉપર પુણ્યની રજ ચોંટેલી હોય તો એને ભોગવવા માટે આત્માને દેવલોકમાં જન્મ લેવો પડે છે. આથી આ તારો ભ્રમ છે કે કેવળ પાપ તત્ત્વ જ માનવાથી કામ ચાલી જાય છે."

આ રીતે પ્રભુના વચનો દ્વારા સન્દેહ દૂર થઈ જતાં અચલભ્રાતાએ પણ પોતાના વિદ્યાર્થી-સમૂહની સાથે પ્રભુના ચરણોમાં જાતને અર્પણ કરી દીધી અને ચારિત્ર લીધું.

અચલભ્રાતાને પ્રભુએ "ત્રિપદી" આપી. એના આધારે તેમણે "દ્વાદશાંગી" ની રચના કરી. પ્રભુએ તેમને નવમા ગણધર તરીકે પ્રતિષ્ઠિત કર્યા.

**अथ परभव सन्दिग्धं,**
**मेतार्य नाम पण्डितप्रवरम्।**
**उचे विभुर्यथार्थं,**
**वेदार्थं किं न भावयसि?**

[પછી... જેમને પરલોકના અસ્તિત્વના વિષયમાં સન્દેહ હતો, એ પંડિતપ્રવર મેતાર્યને પ્રભુએ કહ્યું: "વેદોનો વાસ્તવિક અર્થ તમે કેમ સમજી શકતા નથી? વાસ્તવિક અર્થ સમજવાથી જ તમારા મનનો સન્દેહ દૂર થઈ શકશે. નહિ તો નહિ.]

દસમા મહાપંડિત મેતાર્ય પણ પોતાના ત્રણસો વિદ્યાર્થીઓના સમુદાયની સાથે પ્રભુના સમવસરણમાં પહોંચી ગયા.

ત્યારે પ્રભુએ તેમને કહ્યું: "હે મેતાર્ય! તને પરલોક છે કે નહિ? તેવી શંકા છે ને? આ શંકા તારા મનમાં જે વેદના, પદોના કારણે ઉત્પન્ન થઈ છે... તે આ પ્રમાણે છે:

**"विज्ञानघन एवैतेभ्यो भूतेभ्यः समुत्थाय तान्येवाऽनुविश्यति, न प्रेत्यसंज्ञाऽस्ति.।।"**

[વિજ્ઞાનઘન (આત્મા) પૃથ્વી વગેરે પાંચ મહાભૂતોમાંથી ઉત્પન્ન થઈને તેમાં જ વિલીન થઈ જાય છે. મર્યા પછી કોઈ સંજ્ઞા (અસ્તિત્વ) હોતું જ નથી.] પરંતુ આ વેદ-વાક્યનો વાસ્તવિક (સાચો) અર્થ આ છે કે જ્ઞાનના પર્યાયો જ્ઞેયના પરિવર્તનની સાથે સાથે પરિવર્તિત થયા કરે છે. આ વેદના વાક્યમાં પરલોકનો નિષેધ નથી.

એક અનુમાન પ્રમાણ છે:

**"अस्ति परलोकः, इहलोकस्य अन्यथानुपपत्तेः।।"**

પરલોકનું અસ્તિત્વ છે. કેમકે ઇહલોક (આ વર્તમાન ભવ ની અન્યથા ઉપતત્તિતો સંભવ નથી. અર્થાત્ આ વર્તમાન ભવ તેના વગર ઘટી શકતો નથી. આ લોક છે તો પરલોક પણ હોવો જોઈએ. જેમ તમે છો તો તમારા પૂર્વજ (પિતા, પિતામહ વગેરે) પણ હોવા જ જોઈએ.

"બાળક જન્મ પામતાં જ સ્તનપાનને માટે પ્રવૃત્ત થાય છે. સ્તનપાનનું શિક્ષણ એને કોણે આપ્યું? અમુક ઉંમર થતા વાસનાની પ્રવૃત્તિ એ પણ પૂર્વભવના સંસ્કારોનું પરિણામ છે.

"પૂર્વ-ભવ ન માનતા જીવોની સ્થિતિમાં જે વિષમતા છે, એનું કારણ કોઈ પણ રીતે ઘટી શકતું નથી. પૂર્વભવમાં બાંધેલા શુભ અને અશુભ કર્મો જ તે વિષમતાનું કારણ છે. આથી જ પૂર્વભવ છે. અને જો પૂર્વભવ છે તો પરભવ પણ છે; જેમાં આ ભવમાં બાંધેલા કર્મોના શુભ અને અશુભ પરિણામ ભોગવાય છે. આ રીતે ભૂતકાળના અનંતાભવો અને પ્રત્યેક ભવની પછીનો ભવ (ઉત્તરભવ) પરલોકરૂપે સિદ્ધ થાય છે."

પ્રભુના આ વચનો સાંભળીને પંડિતરાજ મેતાર્યના મનનો સંશય મટી ગયો. પોતાના ત્રણસો વિદ્યાર્થીઓની સાથે તેમણે પણ પ્રભુને શિરસાવન્ધ કરીને તેમનું શિષ્યપદ સ્વીકારી લીધું.

પ્રભુએ "ત્રિપદી" નો બોધ આપ્યો. ત્યાર બાદ તેમણે પણ "દ્વાદશાંગી" ની રચના કરી. પ્રભુએ પોતાના સંઘમાં તેમને દસમા ગણધર તરીકે સ્થાપિત કર્યા.

ત્યાર બાદ મહાપંડિત પ્રભાસજીએ વિચાર્યું કે, "જ્યારે દસ-દસ વિદ્વાનોએ સર્વજ્ઞ પ્રભુ મહાવીરની પાસે પહોંચીને પોત-પોતાની શંકાઓનું સમાધાન પ્રાપ્ત કર્યું; તો પછી હું એકલો શા માટે પાછળ રહી જાઉ? શા માટે હું પણ નિર્વાણ (મોક્ષ) સંબંધી મારી શંકાનું તેમના દ્વારા નિવારણ ન કરી લઉ? અને હું પણ તેમની જેમ કલ્યાણપંથનો પથિક બની જાઉ?"

આ વિચારને અમલમાં મૂકવા માટે તેઓ પોતાનો ત્રણસો વિદ્યાર્થીઓના સમુદાયની સાથે ધૂમધામથી સમવસરણ તરફ ચાલી નીકળ્યા.

પ્રભુએ ‘પ્રભાસ’ ને જોતાની સાથે જ કહ્યું: "હે પ્રભાસ!" **"जरामर्यं वा यदग्निहोत्रम्"** (અથવા આ જે અગ્નિહોત્ર છે, એને હંમેશાં કરતા રહેવું જોઈએ.) અગ્નિહોત્ર (યજ્ઞ) નું ફળ સ્વર્ગ છે. આથી જ શાસ્ત્રની આજ્ઞા અનુસાર આજીવન અગ્નિહોત્ર જ કરવાથી સ્વર્ગથી વધારે કોઈ ફળ મળે તેમ નથી. સ્વર્ગને જ અન્તિમ પ્રાપ્તવ્ય (પામવા યોગ્ય વસ્તુ) માની લેવાનું રહે છે. તો પછી નિર્વાણ કોને મળે? અને શી રીતે મળે?

"અગ્નિહોત્રથી નિર્વાણ (મોક્ષ) તો મળતું નથી. અને અગ્નિહોત્ર જીવનભર કરતા રહેવાનો શાસ્ત્રનો આદેશ છે. આથી અગ્નિહોત્ર કરનારનું જીવન તો હંમેશા નિર્વાણ વગરનું (મોક્ષ વગરનું) જ રહે.

"આનાથી એમ લાગે છે કે નિર્વાણનું અસ્તિત્વ જ નથી. પરંતુ બીજી બાજુ વેદમાં જ એમ લખે છે કે, **"द्वे ब्रह्मणी वेदितव्ये परमपरं च"** (બે બ્રહ્મ છે; એમ જાણવું જોઈએ. એક પર અને બીજો અપર.) આ વેદ-વાક્યથી નિર્વાણનું અસ્તિત્વ પણ પ્રતીત થાય છે. આ પરિસ્થિતિમાં સાચું શું? નિર્વાણ છે કે નથી? આ શંકા વર્ષોથી તારા મનમાં છુપાયેલી છે. આ

વાત બરોબર છે ને?"

પ્રભાસે કહ્યું: "હા... પ્રભુ! આ જ શંકા છે, જે મારા મનમાં ઉથલ-પાથલ મચાવી રહી છે. કૃપા કરીને આપ મને તેનું સમાધાન આપીને અનુગૃહીત કરો."

પ્રભુ બોલ્યા: **"जरामर्यं वा यदग्निहोत्रम्।।"** આ વેદ-વાક્યમાં **"वा"** અવ્યય **"अपि"** (પણ) અર્થમાં મૂકવામાં આવેલો છે. આથી આ વાક્યનો અર્થ આ રીતે થાય કે - જે અગ્નિહોત્ર છે. તેણે આજીવન પણ કરતા રહેવું જોઈએ. તાત્પર્ય એ થયું કે જે સ્વર્ગનો અર્થી છે, તેણે આજીવન પણ અગ્નિહોત્ર કરતા રહેવું જોઈએ અને જે નિર્વાણ (મોક્ષ) નો અભિલાષુક છે, તેણે નિર્વાણને મેળવી આપનારા અનુષ્ઠાનો આજીવન કરતાં રહેવું જોઈએ.

"વેદના તે વાક્યમાં જેમ નિર્વાણનો ઉલ્લેખ નથી... તેમ નિષેધ પણ નથી જ. "પુણ્યનું ફળ સ્વર્ગ છે. તો પાપનું ફળ નરક છે. અને પુણ્ય અને પાપના મિશ્રણનું ફળ મર્ત્યલોક (માનવલોક) છે. તો પુણ્ય અને પાપના સર્વથા અભાવનું ફળ પણ કોક તો હોવું જ જોઈએ. અને તે જ છે નિર્વાણ (મોક્ષ.)! પ્રભાસે કહ્યું: "હે પ્રભો! સંસાર અનાદિ છે. તો તે અનન્ત પણ હોવો જોઈએ. જેની આદિ (શરૂઆત) નથી, તેનો અન્ત (નાશ) શી રીતે થાય? અને જો સંસાર (જન્મ-જરા-મરણના ચક્ર) નો કોઈ અંત (નાશ) ન થાય તો નિર્વાણ શી રીતે થાય?"

પ્રભુએ કહ્યું: "હે સૌમ્ય! દ્રવ્ય અને પર્યાયમાં ભિન્નતા (જુદાપણું) છે. અનાદિ દ્રવ્ય (જીવ) નો અંત હોતો નથી. પરંતુ પર્યાયનો અન્ત (નાશ) હોય છે. કેમકે તે પરિવર્તનશીલ છે.

"સંયોગનો પણ વિયોગ થાય છે. પ્રત્યેક ભવમાં શરીરનો જીવનથી વિયોગ તને સમજાય છે. તેજ રીતે અનાદિ એવા કર્મનો પણ વિયોગ થાય છે. "પ્રત્યેક માણસનો વંશ અનાદિ છે. કેમકે પિતા વગર પુત્ર ન થાય. પરંતુ પ્રત્યેક પુત્રને વળી પુત્ર થશે જ, એવો કોઈ નિયમ નથી. પુત્ર ન થતાં અથવા તો થઈને (જન્મીને) મરી જતાં કોઈકનો વંશ (અનાદિ હોવા છતાં પણ) અટકી જાય છે. (એનો અંત પણ થઈ જાય છે.)

"બરાબર એ જ રીતે જીવનની સાથે કર્મનો સંયોગ અનાદિકાળથી છે, તો પણ સંયમ અને તપશ્ચર્યા દ્વારા-નિર્જરા દ્વારા એ સંયોગનો પણ નાશ જરૂર થાય છે. જીવની કર્મસંયોગ વગરની શુદ્ધ અવસ્થાને જ નિર્વાણ કહેવાય છે. જીવની એ અવસ્થામાં સંસારનો (જન્મ-જરા-મરણના ચક્રનો) અંત થઈ જાય છે. જીવ પરમજ્ઞાની બની જાય છે."

પ્રભાસે કહ્યું: "હે પ્રભો! જ્ઞાનેન્દ્રિયોના અભાવમાં મુક્તાત્માને પરમજ્ઞાન થાય છે, આ વાત શી રીતે માની શકાય?"

પ્રભુએ જવાબ આપ્યો: "જ્ઞાન એ આત્માનો ગુણ છે, ઇન્દ્રિયોનો નહિ. જેમ પરમાણુ ક્યારે ય રૂપ વગરનો હોતો નથી. એ જ રીતે આત્મા ક્યારે ય જ્ઞાન વગરનો ન હોય. કર્મોના આવરણથી જ્ઞાનમાં અવરોધ ઊભો થાય છે. આ આવરણ દૂર થતાં આત્માની અવ્યાબાધ (બાધા વગરની) જ્ઞાનાવસ્થા પ્રગટ થઈ જાય છે.

"આ જ કારણ છે કે મુક્તાત્માને પરમ જ્ઞાન થાય છે. મડદારૂપી શરીર ન તો સાંભળી શકે છે કે ન તો જોઈ શકે છે. ન સૂંઘી શકે છે ન ચાખી શકે છે. કે ન તો સ્પર્શી શકે છે. જ્યારે પાંચે જ્ઞાનેન્દ્રિયો તેનામાં નથી તો અનુભવ કોણ કરી શકે (મુક્તાવસ્થામાં જીવને સર્વોત્તમ જ્ઞાન અને દર્શન હોય છે; જેને કેવળજ્ઞાન અને કેવળદર્શન કહેવામાં આવે છે.

"કેવળજ્ઞાન અને કેવળદર્શનની પ્રાપ્તિ જેને થાય છે, તે આત્મા પરમ આનન્દનો અનુભવ કરે છે. સર્વોત્તમ સુખમાં રમણ કરે છે."

પ્રભાસે કહ્યું: "પ્રભુ (સુખ એ તો પુણ્યનું ફળ છે. મુક્તાત્માનું પુણ્ય તો નાશ પામી ગયું છે; તો એને સુખ શી રીતે મળી શકે)"

પ્રભુએ કહ્યું: "હે સૌમ્ય) પુણ્યનું ફળ સુખાભાસ છો; સુખ નહિ. જેને લોકો સુખ કહે છે, તે તો વ્યાધિપ્રતીકાર માત્ર છે. (અર્થાત્ દુઃખના પ્રતીકાર રૂપ જ છે.) આથી જ ક્ષણિક છે. ખુજલીને ખણવાથી જે સુખનો આભાસ થાય છે; તેવું જ સંસારના સઘળા સુખ માટે સમજવું જોઈએ. ખજવાળવાથી ખાજ વધે છે, આથી જ જેના દ્વારા દુઃખ વધે, તેને સુખ ન કહેવાય.

"નિર્વાણ અવસ્થામાં સુખનો આભાસ આપનારું પુણ્ય હોતું નથી. પરંતુ સાહજિક, સ્વાભાવિક, પરિપૂર્ણ અને સ્થાયી સુખ હોય છે. આથી જ માનવું જોઈએ કે નિર્વાણમાં પરમ સુખની અનુભૂતિ થાય છે."

પ્રભુની વાણી સાંભળીને પ્રભાસજીનો સંશય દૂર થઈ ગયો.

મોક્ષના વિષયમાં એક શંકા તમને પણ થઈ શકે છે કે કાળ અનાદિ અનંત છે. આથી અનંત અનંત કાળ પસાર થઈ ગયો. એમાં અનંતા જીવો મોક્ષમાં ચાલ્યા ગયા. આ પરિસ્થિતિમાં મોક્ષ ભરાઈ જવો જોઈએ. અને સંસાર ખાલી થઈ જવો જોઈએ. પરંતુ સંસાર તો જેમનો તેમ સલામત છે. આ સંસાર જીવોથી ખાલી કેમ થતો નથી?

આનું રહસ્ય જેવું મેં ગુરુદેવો દ્વારા સાંભળ્યું છે કે તે તમારી સમક્ષ રજૂ કરું છું.

જ્યારે જ્યારે શ્રીજિનેશ્વર ભગવાનને પૂછવામાં આવે કે કેટલા જીવોમોક્ષમાં ગયા? ત્યારે ત્યારે બધા જ તીર્થંકરો એક જ ઉત્તર આપે છે: "નિગોદનો અનન્તમો ભાગ જ હજી સુધી મોક્ષમાં ગયો છે." **[इक्करस्स निगोयस्स अणन्तभागो य**

सिद्धिगओ]

આપ જાણો છો કે પહાડની ટોચ વરસાદના પાણીથી ઘસાઈ ઘસાઈને રેતી બની જાય છે. બનેલી આ લાખો ટન રેતી નદીઓમાં આવતા પૂરમાં વહી વહીને હજારો વર્ષોથી સમુદ્રમાં જઈને ભેગી થતી રહે છે. પરંતુ આપે શું કદી પણ એવું બનેલું જોયું કે અમુક પર્વતનું શિખર ઘસાઈ-ઘસાઈને ગાયબ થઈ ગયું અથવા આઠ-દસ ફૂટ ઓછું થઈ ગયું?

શું આપે કદી પણ એવું બનેલું જોયું છે કે સમુદ્ર રેતીથી ભરાઈ ગયો? એ રીતે એનામાં હવે વધારે રેતીને ભરાવવા માટે જરાયે ખાલી જગ્યા રહી નથી? બરાબર એ જ રીતે પર્વતની જેમ સંસાર જીવોથી ખાલી થતો નથી; અને સમુદ્રની જેમ મુક્ત જીવોથી મોક્ષ ભરાઈ જતો નથી.

એક દીવાનો પ્રકાશ આખા રૂમમાં ફેલાઈને રહે છે. જો એમાં ક્રમસર સો દીવા ઉમેરતા જઈએ તો પણ એના પ્રકાશોમાં પરસ્પર સંઘર્ષ થતો નથી. એક પ્રકાશમાં બીજા-બીજા પ્રકાશોનું મિલન થતું જ રહે છે.

બરાબર આ જ રીતે મોક્ષમાં પહોંચનારા મુક્ત આત્માઓ પોતાની પહેલા પહોંચેલા મુક્તાત્માઓની અનન્ત જ્યોતિમાં વિલીન થતા રહે છે. સ્થાન મેળવવા માટે એ બધામાં પરસ્પર કોઈ સંઘર્ષ કે ભીડ થતી નથી.

નિર્વાણ (મોક્ષ) સંબંધી પોતાની શંકાનું નિવારણ થતાં જ પ્રભાસજીએ પણ પ્રભુ મહાવીરના ચરણે આત્મ-સમર્પણ કરી દીધું અને પોતાના ત્રણસો વિદ્યાર્થીઓની સાથે દીક્ષા લીધી.

પ્રભુ દ્વારા પ્રાપ્ત "ત્રિપદી"નું જ્ઞાન મેળવીને તેમણે પણ "દ્વાદશાંગી" ની રચના કરી. પ્રભુએ અગિયારમાં ગણધર તરીકે તેમને પ્રતિષ્ઠિત કર્યા.

આ ગણધરવાદના ફળ રૂપે ચરમ (છેલ્લા) તીર્થંકર પ્રભુશ્રી મહાવીરદેવને એક જ દિવસમાં કુલ ૪૪૧૧ (ચાર હજાર ચાર સો અગિયાર) શિષ્યરત્નોની સંપદા પ્રાપ્ત થઈ.

પ્રભુના ચરણોમાં આપણી કોટિશઃ વન્દન!

## સત્ય

સતી અને સત્ય આ બન્નેનો સ્વભાવ એક જેવો જ હોય છે. બન્ને જીવનની ઉજ્જવળતાને પસંદ કરે છે.

જેમ ખુલ્લી છતવાળા મકાનમાં જ સૂર્યનો પ્રકાશ પડે છે અને હવાનો પ્રવેશ પણ થાય છે. એ જ રીતે આગ્રહથી મુક્ત ખુલ્લા હૃદયમાં જ સત્યનું દર્શન થઈ શકે છે.

સત્ય...

**દૂધ જેવું ઉજ્જવળ,**
**આકાશ જેવું વિશાળ,**
**જળ જેવું શીતળ,**
**અને**
**અમૃત જેવું મધુર હોય છે.**

હીરો જેમ પૃથ્વીનો પેટાળમાંથી મળે છે. મોતી જેમ સાગરની ગહરાઈમાંથી મળે છે. એ જ રીતે સત્ય હૃદયના ઊંડા ચિંતન દ્વારા જ પ્રાપ્ત થાય છે.

## ભય ભાગી જાય છે.

અજ્ઞાની મનુષ્ય જ્ઞાનીની સંગતિ (સોબત) માં જવાથી ડરે છે. ભોગીઓ વૈરાગીઓની સોબત કરતાં મોં મચકોડે છે.

એમના મનમાં અનેક જાતના સંશય અને ભય છવાયેલા રહે છે કે: "ન જાણે ત્યાં શું થશે? સંસાર જ છૂટી જશે કે ખાવા-પીવાનું પણ તે છોડાવી દેશે?" પરંતુ... એક વાર જે એ સોબતને માણે છે... સંગ કરે છે જ્ઞાનીનો કે વૈરાગીનો; અને એમના વરદાન-સ્વરૂપ આશીર્વાદ પામી જાય છે, એનો ભય માઈલો દૂર ભાગી જાય છે અને એ આનન્દ-વિભોર બની જાય છે.